
કુમાર

સુવર્ણજયંતી-વર્ષ • અંક આઠમો • માહે ઑગસ્ટ • ઈસ્વીસન ઓગણીસસો તોંતેર • તંત્રી: બચુભાઈ રાવત

સંસ્થાપક
રવિશંકર
રાવળ



ચતુર્ભુજ વેણુગોપાલ

એક પ્રાચીન દક્ષિણ ભારતીય શિલ્પાંકન. કૃષ્ણ એ વિષ્ણુનું જ એક સ્વરૂપ મનાતું હોઈ એને અહીં કદંબ તળે ચક્ર-પદ્મધારી વેણુગોપાલના રૂપમાં અંકિત કર્યું છે. બંને બાજુએ બંસીવાદનથી મુગ્ધ ગાયો સાથે નાગનું પણ શિલ્પાંકન છે. શિલ્પીએ કદાચ કાલીયદમન પછીના વિજયોલ્લાસને અહીં અંકિત કર્યો જણાય છે.

સળંગ અંક
૫૯૬

કુમાર

ઑગસ્ટ ૧૯૭૩ • અંક ૫૯૬

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ. ૪ છૂટક નકલ: રૂ. ૧-૭૫

વાચકો લખે છે

શબરીનાં બોર

પ્રયોજનવશાત્ હમણાં મારે 'કુમાર'ના પાછલા અંક અવલોકવાનું થયું. એમાં ઇ. ૧૯૭૦-ના સપ્ટેમ્બરઅંકમાં ચિત્રશિલ્પી પ્રવરશ્રી રસિકલાલ પરીખનું મનોરમ ચિત્ર 'શબરીનું સ્વાગત' જોયું અને એક પૂર્વ-પ્રસંગ સ્મૃતિએ ચડયો.

સને ૧૯૧૭-૧૮ની આ વાત છે. એ વર્ષે હું જુનિયર બી. એ.માં હતો. આચાર્ય આનંદશંકર ધ્રુવ અમારા અધ્યાપક. એ દિવસોમાં હું આગલે વર્ષે પ્રસિદ્ધ થએલો એમનો ગ્રંથ 'આપણો ધર્મ' વાંચતો હતો. એમાં ૧૩ક 'મુક્તિનાં સાધન' લેખના આધારભૂત 'नाथ ! कैसे गजको बंध छुडायो' ભજનના એક વિશિષ્ટ પદખંડ 'शबरीके बेर' ઉપર ધ્રુવસાહેબનું નીચેનું વાર્તિક (પૃષ્ઠ ૧૧૯ ક્ષ) મારા વાંચવામાં આવ્યું:

'શબરીએ રામચન્દ્રજીને બોર અર્પણ કર્યાં; ખરી ભક્તિથી રામ અને સીતાની આગળ બોરનો પડિયો મૂકી દીધો, ત્યારે લક્ષ્મણજીએ પૂછ્યું: 'બાઈ! ખાટાં તો નથી ને?' શબરીએ જવાબ આપ્યો: 'મહારાજ! એકે એક ચાખીને મૂકચું છે!' લક્ષ્મણજી ને સીતાજી હસ્યાં. ભોળી ભીલડીને અધકચરેલાં ઉચ્છિષ્ઠ બોર પ્રભુને ધરાવતાં કાંઈ બાધ લાગ્યો નહિ. શા માટે લાગે?'

વાંચીને હું તો દંગ થઈ ગયો. સીતાનું તો રાવણ હરણ કરી ગયો હતો. એની શોધમાં નીકળેલા રામ-લક્ષ્મણ બે ભાઈ એક અટવિમાંથી બીજી અટવિમાં ભમતા, પંપા સરોવરના તીરે વસતી વૃદ્ધ તાપસી શબરીના આશ્રમે આવી પહોંચ્યા. શબરીએ અર્ઘ્યપાદ્યાદિ વડે બેઉનું સ્વાગત કર્યું અને એમની આગળ ફલાદિ ધર્યાં. જે રામલક્ષ્મણે વખાણી વખાણીને આરોગ્યાં. પછી સીતાની ભાળ પૂછી.

અહીં સીતાજી ક્યાંથી આવ્યાં?

ભારે સંકોચપૂર્વક આ વિસંવાદ મેં ધ્રુવ સાહેબને વંચાવ્યો. બે વર્ષ હું એમના વર્ગમાં ભણ્યો પણ સ્વેચ્છાએ એમની સાથે બોલવાનો આ મારો પહેલો ને છેલ્લો પ્રસંગ હતો. ક્ષણભર એ વિચારમાં પડી ગયા. બીતાંબીતાં મેં નમ્રભાવે સૂચવ્યું કે વિષયને વધુ રોચક બનાવવા આમ લખ્યું છે. 'હાં, હાં, એવું જ.' કે એઅર્થનું કંઈક અસ્ફુટ એ બોલ્યા. હું પૂરું સમજી શકયો નહિ.

વસ્તુતયા હું આને સ્ખલન ગણતો નથી. કારણ અશેષ-શાસ્ત્રપારાવારપારીણ વાચસ્પતિ જેવા ધ્રુવ સાહેબના હાથે જાણે-અજાણે પણ આવી ક્ષતિ ન જ થાય. મને લાગે છે કે 'નિરંકુશાઃ કવયઃ' નો માર્ગ અવલંબીને એમણે ઐતિહાસિક સત્યને ઘડીભર અભરાઈએ ચડાવી દીધું ને કેવળ લોકવાયકાના આધારે, વાચકને હૃદયંગમ બને એવું આ વિવેચન કર્યું.

આ તો આડકથા થઈ. મુખ્ય પ્રશ્ન એ છે કે રામાયણમાં શબરીનાં 'બોર' આવ્યાં કયાંથી? સૂરદાસાદિ ભજનિકોએ એનું ભારે ગાન કર્યું છે: (યથા 'जूठे फल शबरीके खाए...' છતાં—.

૧) વાલ્મીકિ રામાયણમાં 'બોર'નો ઉલ્લેખ નથી. કેવળ વગડાઉ ફલાદિ ધર્યાનું લખ્યું છે:

'मया तु संचितं वन्यं विविधं...तवार्थे।

અરણ્યકાંડ, સર્ગ. ૭૪ ૧૭-૧૮

૨) જૈન રામાયણ पउम चरिय (ત્રીજું શતક)માં તો શબરીનો પ્રસંગ જ નથી.

૩) તુલસીકૃત રામાયણમાં પણ 'બોર' નથી: 'કંદ મૂલ ફલ સુરસ...પ્રેમ સહિત ખાએ પ્રભુ વારંવાર વખાનિ'—અરણ્યકાંડ, દોહા ૫૮

૪) આ ત્રણે કૃતિઓની પડખે જે અત્યંત આધુનિક ગણાય એવા ગુજરાતી ગીરધરકૃત રામાયણમાં પણ આ જ સ્થિતિ છે:

'તે નિત્ય નવાં ફળ લાવી મૂકે...૫
જે ફળફૂલ જ સારૂં દેખે...
આ ફળ મીઠાં હરિને અરપીશ...૬

–અરણ્યકાંડ, અધ્યાય ૨૮મો (સ.સા.પ્રકાશન.)

મારા સાંભળવા પ્રમાણે અગિયારમા શતકમાં રચાએલા તેલુગુ રામાયણમાં, શબરીનાં એઠાં બોરનો પ્રસંગ ચીતરેલો છે. સંભવ છે કે એ રામાયણનો આ કથાંશ યાત્રાળુઓ દ્વારા ઉત્તર ભારતમાં પ્રવેશ પામ્યો હોય અને લોકહૃદયમાં ધીરેધીરે ઘર કરી બેઠા હોય, જેનું પ્રતિબિમ્બ સૂરદાસના ભજનમાં પડેલું દેખાય છે.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

જૂન અંકમાં આવેલા ચાંચના ટાપુ વિષે વધુ વિગતો: (૧) ગ્રીક સાગરખેડૂએ લખેલા પેરિપ્લસમાં 'પીપીકા'નો ઉલ્લેખ છે. તે કાળનું પીપીકા એટલે આજનું પીપાવાવ એવું અનુમાન બાંધી શકાય, જે ચાંચ પાસે આવેલું છે. પેરિપ્લસનો સમય ઈ. સ.ની પ્રથમ સદીની આસપાસનો છે, એટલે ચાંચ-પીપીકા આશરે ૧૫૦૦ વર્ષ જૂનું માની શકાય. આની સાથે પીપાભગતની વાત પણ આવી જાય છે.

(૨) ચાંચ નામાભિધાન માટે કોઈ એવું માને છે કે ત્યાં ચાંચિયા કોળી રહેતા જે વહાણ લૂટવાનો ધંધો કરતા તેના પરથી નામ પડયું છે. પણ દરિયાના પાણીમાં જે જમીનની ભૂશિર

ચાંચ જેવા આકારની પડી છે તેથી આ નામ પડયું હશે તે વધારે યોગ્ય લાગે છે.

(૩) ચાંચ, શિયાળબેટ, ભેંસલો વગેરે પાસે-પાસેનાં સ્થળો છે. તેમાં શિયાળબેટ ને ચાંચ-ભેંસલાની મધ્યકાલીન લોકપરંપરાની વાર્તાએ પણ રચાઈ છે. જેમ કે શિયાળ બેટના શેઠ સગાળશાની વાત, ૯ કે ૧૦મી સદીના પ્રભાત-સેન ચાવડા સંઘારની ઐતિહાસિક રૂપની વાત, તે પછીની લોકવાર્તા–કથા મોરણી અને ભભૂતિયા બાવાની વાત, જેની વાર્તા શ્રી મેઘાણીએ (મોતી બૂડયું મોરણી) લખી છે, જે પંજાબની સોહિણી-મહિવાલની વાર્તાના વળાની છે.

પણ આ ભૂમિમાં મધ્યકાલમાં ચાંચિયા-ચાવડાઓની જબરી બોલબાલા હતી. પ્રભાત-સેન ચાવડો આ સ્થળે રાજાઓને કેદ કરીને લાવતો અને તેમને સવારે કૂકડેકૂક બોલાવતો. તેની દીકરી સોહિણી સંઘાર રૂપવતી હતી. આજે આ બધું તો નાશ પામી ગયું છે, પણ કચ્છમાં હજી સંઘાર લોકો છે. અને તેઓ દરિયા પારથી આવેલા જખદેવના થડાને માને છે. જખ્ખયક્ષ આ ચાંચ, શિયાળબેટ, ભેંસલો વગેરે ભૂમિનો ઇતિહાસ બે થી ત્રણ હજાર વર્ષ જૂનો હશે જ તેવું અનુમાન થઈ શકે.

(ભાવનગર) —ખોડીદાસ પરમાર

મે અંકમાં મુ. શ્રી ભાયાણી સાહેબની શબ્દ-કથા 'રાણો' 'રા'માં 'રાજેશરી' તે 'નરકેશરી' એ લોકોક્તિનો અર્થ કૈંક બીજી રીતે લેવાયો હોય એવી મારી માન્યતા છે. તેઓશ્રીએ આ પ્રમાણે તેનો અર્થ કર્યો છે: 'રાજેશરી તે નરકેશરી': 'મોટા રાજા તરીકે એટલાં બધાં ખોટાં કામ કરે કે તેને છેવટે નરકમાં જ જવું પડે.'

પણ આ લોકોક્તિ વિષે હું એમ માનું છું કે રાજેશરી-રાજરાજેશ્વર, તે સર્વ નર-પુરુષોમાં નરકેશરી—નરસિંહ જેવો છે. એટલે આનો અર્થ આમ પણ થઈ શકે કે જે રાજેશરી છે તે નરોમાં કેસરીસિંહ જેવો ઉત્તમ છે. અહીં સૌરાષ્ટ્રમાં દેશજ સાહિત્યમાં આવા પુરુષની સરખામણી કેસરીસિંહની સાથે કરે છે. એટલે બીજી રીતે જોઈએ તો રાજેશરી એ તો માનવમાં કેસરીસિંહ જેવો, આમ પણ થઈ શકે ખરું.

(ભાવનગર) —ખોડીદાસ પરમાર

મારે 'કુમાર'ની કેટલીક જૂની ફાઇલો કાઢી નાખવાની છે. લેવા ઇચ્છતા વાચકો આ સરનામે લખે: મહેશકુમાર ના. રાણા ૩૦૧/૧, વેરાઈમાતાની પોળ, કાઝીના ધાબા, આસ્ટોડિયા, અમદાવાદ.

'કુમાર'ના વાચકો સતત અભ્યાસી હોઇને કેટલીક વિગતવોધ અને ઝીણવટભરી માહિતી પૂરી પાડતા હોય છે. મને શ્રદ્ધા છે કે મને પણ યોગ્ય દિશાસૂચન મળશે.

મેં પીએચ. ડી.ની ઉપાધિ માટે 'કાન્તનું સાહિત્ય' એ વિષય પર અધ્યયનકાર્ય શરૂ કર્યું છે. કવિ કાન્તનું કેટલુંક સાહિત્ય પ્રગટ છે, થોડું-ઘણું અપ્રગટ પણ છે. તેમણે કુટુંબીજનો, તો બહોળા મિત્રવૃંદને, પરિચિતો સ્નેહીઓને પત્રો લખ્યા છે. એમાંના કેટલાક પ્રગટ થયા છે પણ કેટલાક અપ્રગટ પણ હોવાનો સંભવ છે. આ બધું એકલે હાથે મેળવવું અને મર્યાદિત સમયમાં પૂરું કરવું એ કામ કપરું હોવાથી વાચક બંધુઓનો સહકાર ઈચ્છું છું.

આથી કાન્તના પત્રો તથા તેમનું પ્રગટ-અપ્રગટ સાહિત્ય જેમની પાસે હોય તે સર્વને એ અભ્યાસાર્થે ઉછીના યા વેચાતા આપવાની વિનંતી કરું છું. એ સર્વે સામગ્રી મારો અભ્યાસ પૂરો થયા બાદ સાભાર પરત કરવાની હું ખાત્રી આપું છું. જેઓ મને આવી સામગ્રી કોઈ કારણસર ન આપી શકે તેઓ મને પત્ર લખી જણાવશે તો તેમને ઘેર હું રૂબરૂ મળવા જવા પણ તત્પર છું. આશા છે કે સાહિત્યપ્રીત્યર્થે શરૂ કરેલા મારા અધ્યયનકાર્યમાં સાહિત્યકારો તથા સાહિત્યના અભ્યાસીઓનો સહકાર મળી રહેશે.

અભ્યાસમાટેનાં કેટલાંક પુસ્તકો મારી પાસે ખૂટે છે, તો જેઓ પાસે હોય તેઓ પુસ્તકો અંગે પણ જણાવે: ૧) સેંટ જહોનનું ભાગવત; ૨) કલાપી-કાન્તના સંવાદો—સ્વીડનબોર્ગીય વિચારો અનુસાર; ૩) પ્લેટોકૃત ફીડ્રસનો અનુવાદ (કાન્ત); ૪) સંગીતમય હોરેશિયસ; ૫) બ્રિટિશ અને હિંદી વિક્રમ પુ.૩; ૬) હાર્ટ ઑવ ઇંડિયા અંક ૪; ૭) બાલોપદેશ.

—કુ. પલ્લવી શ. ભટ્ટ વસંતસેવક સદન, ચાવડી બજાર, પેટલાદ (જિ. ખેડા):

જુલાઈ અંકમાંના વાચકોના પત્રોમાં શ્રી ચીનુપ્રસાદ શાહ 'રાજેશરી નરકેશરી' એ કહેવતના ખરા અર્થથી અજાણ હોવાથી 'નરકેશરી'-ને 'નર-કેશરી' તરીકે ઘટાવવાની અટકળ કરે છે. એ કહેવત રાજપદની નિંદા કરવા વપરાય છે, તેને વખાણવા માટે નહિ. રાજાઓ ભોગ-વિલાસનું અને ખોટાં કામોનું જીવન ગાળવામાંથી બચી શકતા નથી, તેથી તેવાં કર્મોને પરિણામે તેઓને મરણ પછી નરકવાસ મળે છે એવી માન્યતાના સમર્થનમાં આ કહેવત વપરાય છે. 'નરકેશરી' એટલે અહીં યમ નહીં, પણ નરકમાં સૌથી વધુ રહેવાવાળો. વધુ તો તે પ્રાસ ખાતર છે.

(અમદાવાદ) —હરિવલ્લભ ભાયાણી



△ બીજું ઈનામ: વિજય ડી. મચ્છર (કચ્છ-માંડવી)
▽ નોંધપાત્ર: એમ. સી. ભીમાણી (કચ્છ-માંડવી)





△ પહેલું ઈનામ: રમણિકલાલ કે. શાહ (કચ્છ માંડવી)
▽ ત્રીજું ઈનામ: રમેશ આર. નાગેચા (વિલેપારલે)



ફોટોગ્રાફી-હરીફાઈનું પરિણામ: આ વખતે સારી સંખ્યામાં ચિત્રો આવ્યાં એ આનંદની વાત છે. મોટા ભાગના પ્રિન્ટમાં ઓછુંવત્તું ટ્રિમિંગ (કાપકૂપ) કરવાથી વધુ સારાં ચિત્ર બની શકે એવી એમની કક્ષા જોવા મળી. પસંદગી પામેલાં આ ચારેય ચિત્રમાં સફેદ લીટીઓ દ્વારા એનું સૂચન કર્યું છે. વિગતે જોઈએ: ભાઈ રમણિકલાલ શાહના ચિત્રમાં દર્શાવ્યા મુજબના ડાબી બાજુનો ભાગ કાપી નાખીએ તો પાણીના વમળનો, જોનારનું ધ્યાન ખંડિત કરતો વધુપડતો ભાગ નીકળી જઈ પાણી પીવામાં મશગૂલ પાત્રનું વધુ સારુ સંયોજન બની રહેશે. એ જ રીતે ભાઈ વિજય મચ્છરના ચિત્રમાં પણ. એમાં બાળકની કુતૂહલભરી આંખો જોનારને જકડી રાખે છે, એ આ ચિત્રનું કલાતત્ત્વ છે. તીરછા પ્રકાશમાં ખરબચડી ભીંતને પડછે કપડાં પરનું શોભન અને ચહેરાની કુમાશ વધુ ઉઠાવ લે છે. હાથમાંનો વાટકો તદ્દન બિનજરૂરી અને ક્ષતિજનક હોઈ કાપવો જરૂરી જ છે. ભાઈ રમેશ નાગેચાના ચિત્રમાં બાળકની મુદ્રા અને ભાવ રસપ્રદ રીતે ઝડપાયાં છે. દર્શાવ્યા પ્રમાણે બંને બાજુના વધુપડતો નિરર્થક ભાગ કાપી નાખતાં ચિત્ર વિશેષ સુંદર બનશે. ભાઈ ભીમાણીના પ્રિન્ટ નબળો છે, પણ તેમાં બાળકના મુખભાવ યોગ્ય પણે ઝડપાયા છે. બતાવ્યા પ્રમાણે કાપકૂપ કરતાં એને વધુ બળ મળશે.

(લેફ. કર્નલ) **બળવંત ભટ્ટ**

હરીફાઈનો હવે પછીનો વિષય: 'વૃદ્ધાવસ્થા' છેલ્લી તા. ૩૦ સપ્ટેમ્બર (બહુ નાના કૉન્ટેક્ટ પ્રિન્ટ્સ મોકલવા નહિ)





પૂજા]   ચિત્રકાર - છગનલાઈ મિસ્ત્રી   [થાનક
ચિત્રપરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા'



વાત્રકના પટમાં (ચિત્રકાર · છગનલાલ મિસ્ત્રી) 'એમનાં દૃશ્યચિત્રો ટેકનિકની દૃષ્ટિએ સંપૂર્ણ છે. જલરંગમાં આલેખાએલાં અને એક જ બેઠકે સ્થળ ઉપર જ તૈયાર થએલાં આ દૃશ્યચિત્રોમાં સૂર્ય-પ્રકાશમાં તબકતી વાતાવરણની ઉષ્મા અને પારદર્શકતાને પકડવાની શક્તિ બાખૂબ ખીલી ઊઠી છે. ગુજરાતમાં એવાં અનેક સ્થળો છે જે હજી રંગપાટી પર ઝીલાવાં બાકી છે. છગનભાઈ પાસે સ્થળ અને કાળનો મિજાજ પારખી શકે તેવી આંખ અને વાતાવરણમાં ઝંકૃત થતાં દૃશ્ય પરિમાણોને સર્જનાત્મકરીતે ઉતારવાની ક્ષમતા છે.'

(આ અંકની 'કલાવાર્તા'માં નલિન રાવળ) નીચે એમનાં બીજાં બે દૃશ્યચિત્રો આપ્યાં છે.



પારનેરાનો ડુંગર



દમણના દરિયાકાંઠે

તારો અને તરી / ઉશનસ્

·પૃથ્વી·

જરાક નીરખો અને નજર સ્હેજ ઊંચી કરી,
જરા ઊંચકી પાંપણો બીજ શું સ્નિગ્ધ પલકો જરી,
વસંતમધુ કૅફી 'ઇશ્કતણી ના 'જ તો લાગણી,
અને શિશિરપીત ને પડું પડું થતા પાનને
લિયો જરીક ટેકવી ટકવી, — એટલી માગણી.

હવે ન ઊંચકાય આભ કૃશ ઈખસાંઠા સમા
ટિટોડી–પતલા પગે; પીઠનું પાકું પાકયા લગે
ભર્યો ઊંચકી ઊંચકી જીવનપોઠ; થાકયા પગે
ન જો અવ ચલાય એક તસુ યે, ચહું તો ક્ષમા.

ભમે મરણ નામની અફીણ જેવી કો નિંદરા
વીંટાઈ વળીને અને ફૂંકતી ફૂંકતી શીતળા;
જરાક–અલું–થોડું જાગી શકું જોઇ આ આંખમાં....
સમક્ષ ધ્રુવ જેવું સ્હેજ મીટ માંડી મલકો જરી,
લિયા'વું પકડી લઇ કિરણદોર, તીરે તરી.

કોઈએ / કરસનદાસ લુહાર

·ગઝલ·

મને સાવ ખાલી કર્યો કોઈએ,
અને કોઈનામાં ભર્યો કોઈએ.

કે હોડીનાં પગલાં ય પાણી અહીં,
સમંદર આ મારો તર્યો કોઈએ.

કહી અધ અવસરનું દર્પણ લઈ
મને મારી સામે ધર્યો કોઈએ.

ધૂધવતે સરોવર અને ઝાંઝવાં
બતાવી અને છેતર્યો કોઈએ.

ભલે રંગ-રેખા ન ઊપસ્યાં છતાં
મને આંખમાં ચીતર્યો કોઇએ.

મને માપસરનો નથી હું થયો,
હશે આમ કાં વેતર્યો કોઈએ!

ખુમારીથી / 'ચાતક'

·મુક્તક·

જગતના ઘાવ ઝીલ્યા છે અમે એવી ખુમારીથી,
ઝખમથી એક ટીપું લોહીનું પડવા નથી દીધું!
જીવન-શતરંજમાં બાજી અમે હારી ગયા તો પણ
ગુમાવ્યું શું?–અમે એ કોઇને જડવા નથી દીધું!

તારો અને તરી: સંસારસાગરમાં મનુષ્યનું જીવન એક નૌકા સમાન છે અને પરમેશ્વર તેનો તારો તારણહાર છે એ વિચાર તો ઘણો જૂનો છે. અહીં એ વિચારને નવી કલ્પનાઓ અને બાનીથી રસમય બનાવાયો છે. કાવ્યનો આરંભ જ ભાવકને જકડી લે છે, અને ભક્તની આરઝૂ 'વસંતમધુ કૅફ'ની નથી, પણ શિશિરના પાણ્ડુર પર્ણ સમા પોતાને જરા ટેકવી રાખવાની-ટકાવી રાખવાની વાત છે. જીવનનો ભાર કેવો ને કેવી રીતે વેંઢાર્યો તેને 'પીઠનું પાકું પાકયા લગે' કહી સચોટ-રીતે ધ્વનિત કર્યો છે. વળી, મૃત્યુને—મૃત્યુના અણસારાને—અફીણના કૅફ જેવી નિંદરા કહેવામાં કલ્પનાનું નાવીન્ય આનંદ આપી રહે છે. આવાં ઘેરાતાં (મૃત્યુના ઘેનથી) નયનોમાં ભક્તહૃદય જરા સરખા દર્શનની ક્ષમતા ઝંખે છે અને પ્રાર્થે છે કે જેમ ડૂબું ડૂબું થતી નૌકાને ધ્રુવના તારાનું આછું તેજકિરણ પણ કિનારે જવામાં મદદ કરે છે તેમ જો ઈશકૃપાની સહેજ મલકાટભરી મીટ પણ આ કાળે મળી જાય તો એ કિરણદોર પકડીને જીવનનાવને કિનારે ખેંચી જવાની હામ આપે છે. અન્ય રીતે જોવા જતાં આ એક ભક્તિકાવ્ય બની રહે છે. ● **કોઇએ**: જીવનમાં વ્યાપેલી નિરાશા, પરાધીનપણું, શોષણ, છેતરામણ વગેરેને પ્રત્યેક શે'રમાં જુદાંજુદાં કલ્પનો દ્વારા વ્યક્ત કરવામાં અહીં સચોટતા સધાઈ છે. 'હોડીનાં પગલાં', 'અવસરનું દર્પણ', 'આંખમાં ચીતર્યો' વગેરે કલ્પનાઓ અર્થવ્યંજક ઉપરાંત હૃદ્ય પણ બની રહે છે, એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં મૂકયો છે એમ પહેલા શે'રમાં કહી એ પરિસ્થિતિ પણ 'માપસર' નથી નીવડી તેની વેદના અંતિમ શે'રમાં મુખર બને એમ વચ્ચેના શે'રોમાં એ વેદનામય સ્થિતિને જુદી જુદી રીતે અભિવ્યક્ત કરાઈ છે.

કવિલોક

શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને રસાસ્વાદ અને અભ્યાસની સઘન ભૂમિકા આપતું કવિતાનું હેતુ-લક્ષી દ્વૈમાસિક, જેમાં દર માસે પીઢ તથા પાંગરતા બંને પ્રકારના કવિઓની ચૂંટેલી રચનાઓ ઉપરાંત ઋતુ અનુસારનું બહુરંગી પૂઠું, એવું જ સૂચક પૂર્ણરંગી ચિત્ર, નામી ગુજરાતી કવિના હસ્તાક્ષરમાં તેના કાવ્ય સાથે તેના જીવનનો પરિચય અને કવિતાની તત્ત્વચર્ચા કરતા ગદ્યલેખ આવે છે.

દેવભક્તિ અને દેશભક્તિથી સભર વીતરાગી વીર સેનાપતિ બાપટ

સેનાપતિ શબ્દ બાપટના નામ સાથે સંકળાએલો પહેલી વાર સાંભળ્યો એ પ્રસંગ સ્મૃતિમાં આજે ય તાજો છે. પ્રાથમિક શિક્ષણ પછી અંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થયો હતો. એક છોકરો અમારું ધ્યાન ખેંચી લેતો. અમારાથી તદ્દન જુદો લાગતો. હમેશાં ખાદી પહેરતો. એક વાર અમારા વર્ગશિક્ષકે કહ્યું: 'સેનાપતિ બાપટનો પુત્ર'. શિક્ષકના સ્વરમાં આદર સાથે કૌતુકનું મિશ્રણ હતું. લાગ્યું કે 'સેનાપતિ' એટલે કોઈ મહાકાય, પ્રચંડ અને બહાદુર વ્યક્તિ હશે. પછી જાણવા મળ્યું કે સેનાપતિ બાપટનું શરીર સાધારણ ગણી શકાય એવું હતું. પાંચ ફીટ ચારેક ઇંચ જેટલી ઊંચાઇ અને એકસો પાંચ રતલ જેટલું વજન! પણ એમ કહેવાતું કે બાપટ રસ્તામાંથી પસાર થાય ત્યારે એમને જોવા લોકો બારીઓમાં કે અગાશીઓમાં ઊભા રહેતા.

દીર્ઘ કાળ પછી આજે જોઉં છું કે બાપટ વિષેની આદરભાવના આજે ય મહારાષ્ટ્રમાં છે. એમાં કૃતજ્ઞતાની લાગણી પણ ભળી છે. બાપટ ક્યારે ય ધારાસભ્ય ન હતા; એમણે કોઈ સંસ્થામાં અધિકાર ભોગવ્યો નહિ; કોઈ નવી સંસ્થા ઊભી કરી નહિ કે જૂની સંસ્થા કબજે કરી નહિ. છતાં આશ્ચર્યની વાત એ કે મહારાષ્ટ્રના હૃદયમાં એમને કાયમનું સ્થાન મળ્યું અને અર્વાચીન મહારાષ્ટ્રના ઘડતરના પ્રણેતાઓમાં એમની ગણના થઈ.

દુનિયાદારી નજરે પણ એમનું જીવન યશસ્વી તો ન જ ગણાય. ૧૨મી નવેમ્બર ૧૮૮૦ એ એમનો જન્મદિન—એટલે એ વીર સાવરકરના સમકાલીન. એમની પેઢીની આકાંક્ષા એક જ હતી: સ્વતંત્રતા. માર્ગ જુદાજુદા હતા. સાવરકરને સશસ્ત્ર ક્રાંતિ કરાવવી હતી, ટિળકે રાજકારણનો વ્યાવહારિક માર્ગ સ્વીકાર્યો હતો. ગોખલેને આધ્યાત્મિક અધિષ્ઠાનવાળું રાજકારણ જોઈતું હતું. એ બધા મહાપુરુષોની અસર બાપટના જીવનને સ્પર્શી ગઈ હતી. પૂરો વિચાર કરી એમણે પોતાનો માર્ગ પસંદ કર્યો. આમ એ અપ્તરંગી અને ધૂની હતા. સામાન્ય માણસ જેવા લાગતા. પણ વખત આવ્યે એમનો સ્વભાવ જાગૃત થતો.

નાનપણમાં તેઓ સાધારણ બાળક જેવા હતા. નિશાળે જવું પડે એટલે જાય; અભ્યાસ કરવો પડે, નહિ તો નપાસ થવાય, એટલે અભ્યાસ કરે; મિત્રો રમવા બોલાવે ત્યારે રમવા જાય; ઘરમાં વડીલોનો ધાક નહિ. બાપટને ખેલકૂદ, તોફાનો ગમે; ખરાબ સોબતે ચડ્યા પણ ખરા. પણ ભાન થયું કે એ રસ્તે જવામાં નુકસાન છે. નિશ્ચય કર્યો કે સુધરવું છે. અને વાંચવાનું શરૂ કર્યું. મૅટ્રિકની પરીક્ષામાં સંસ્કૃતમાં પહેલે નંબરે પાસ થયા અને એમને જગન્નાથ શંકરશેટ સ્કૉલરશિપ મળી.

ઈ. સ. ૧૯૦૦ની શરૂઆતમાં બાપટ ડેક્કન કૉલેજમાં દાખલ થયા, અને ૧૯૦૩ના ડિસેમ્બરમાં તેઓ બી.એ. થયા. ત્યાં સુધી એમણે ખાસ કંઈ મેળવ્યું ન હતું. બુદ્ધિ તેજસ્વી હતી. એક વાર પાઠ્ય પુસ્તકો જોઈ જાય કે બધું યાદ રહી જતું. પાસ થવા માટે એમને બહુ મહેનત કરવી પડતી નહિ. એમનામાં સતત ચૈતન્ય રહેતું. કોઈ રમવા બોલાવે તો રમવા જાય, અને ભાન ભૂલી કલાકો સુધી રમ્યા જ કરે; તરવા જાય ત્યાં તેમ જ થાય; નૌકાવિહાર કરતાં હાથમાં હલેસાં લે તે કલાકો સુધી હાથમાં જ રહે અને વાંચવા બેસે ત્યારે દુનિયાને ભૂલી જાય એટલી એકાગ્રતા જાળવી શકે! મિત્રો એમને ચાહતા. ઘણા એમનાથી ડરતા. બોલે બહુ સ્પષ્ટતાથી, એટલે ઘણી વાર પ્રોફેસરો પણ ગુસ્સે થાય. એક વાર નાની તકરારમાં એમને કૉલેજ વસતિગૃહમાંથી છ મહિના બહાર રહેવું પડેલું. મિત્રો કહેતા: 'આવો તેજસ્વી ચારિત્ર્યવાન માણસ ને ટેનિસ રમવામાં જીવન બગાડે?' બીજા કહેતા: 'કેવો તેજસ્વી છે! અપમાન કોઈ દિવસ સહન કરતો નથી! હમેશાં નાક ઊંચું રાખે છે!' પ્રો. સેલ્બીને લાગે: છોકરો જરા અભ્યાસ કરે તો બી.એ.માં પહેલે નંબરે પાસ થાય અને આઈ.સી. એસ. માટે જઈ શકે. પણ એની સાથે વાત કરો તો એ બધાની મશ્કરી જ કરે! ગંભીર વિદ્યાર્થીઓ દેશ વિષે વિચાર કરતા. બાપટ જેવો માણસ દેશસેવા કરવા પ્રેરાય તો? પણ ભાઇને સમજાવે કોણ? એક સાહસી મિત્રે પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો. યશ મળશે એની જરા ય આશા ન હતી. એમને એ પોતાની ઓરડીમાં લઈ ગયો અને ગંભીરતાથી કેટલીક વાતો કરી. એણે શું કહ્યું તે આપણે જાણતા નથી, એનું નામે ય બાપટના ચરિત્રકારો જણાવતા નથી. પણ એણે જે કંઈ કહ્યું તે બાપટના હૃદયમાં જીવનભર કોતરાઈ રહ્યું હતું. એના શબ્દોનો સાર હતો:

'પ્રભુએ તને અપૂર્વ બુદ્ધિમત્તા અને શક્તિ આપ્યાં છે. એ થાપણનો તું યોગ્ય ઉપયોગ નહિ કરે તો પ્રભુ તને સજા કરશે. હું કહું છું તે સોગંદ લે અને તારી માતૃભૂમિ પ્રત્યેની ફરજ અદા કરવા માંડ. સૂર્યને સાક્ષી રાખી શપથ લે. આ તલવાર હું તને આપું છું.' બાપટે ખુલ્લી તલવાર પર હાથ મૂક્યો અને શપથ લીધા: 'હું પાંડુરંગ મહાદેવ બાપટ આ ખુલ્લી તલવારના–ભવાની માતાના–શપથ લઈ પ્રતિજ્ઞા કરું છું કે મારી પરતંત્ર માતૃભૂમિને સ્વતંત્ર કરવા હું આજથી જીવું છું ત્યાં સુધી કાયા, વાચા, મનથી પ્રયત્ન કરીશ, ને તેની હાક પડે કે તરત એની સેવા કરવા દોડીશ. આ કામ કરતાં મારે મારી કાયા હોમવી પડે તોય હું ફરી આ જ ભારતવર્ષમાં જન્મીશ અને અધૂરું પડેલું મારું કાર્ય પૂરું કરીશ. આ મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા જરૂરી તે બુદ્ધિ, યુક્તિ અને શક્તિ મારા શ્રીહરિ મને આપે. વંદે માતરમ્.'

અને તે દિવસથી પોતાના મૃત્યુદિન–૨૮મી નવેમ્બર ૧૯૬૦–સુધી એમણે પોતાની પ્રતિજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું.

એમ. એ. કે એલએલ. બી. કરવું હતું. સાથેસાથે નોકરી પણ. આર્યન એજ્યુકેશન સોસાએટીની શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ત્યાં ખબર પડી કે ઔદ્યોગિક શિક્ષણ માટે મંગળદાસ નથુભાઈ સ્કૉલરશિપ મળી શકે છે. નક્કી કર્યું કે એન્જિનીઅરિંગનો અભ્યાસ કરવા વિલાયત જવું. લોકમાન્ય ટિળકની કૃપાદૃષ્ટિ તેજસ્વી વિદ્યાર્થીઓ તરફ હમેશાં રહેતી. એમની સિફારસથી હિંદુ એડ્યુકેશન ફંડમાંથી પણ મદદ મળી. આમ બે ઠેકાણેથી મદદ મેળવી ઇંગ્લૅંડ ગયા અને એડિનબરાની કૉલેજમાં દાખલ થયા.

પરદેશમાં ભણી આવ્યા પછી આપણા દેશમાં સારા પગારની નોકરી મળે એ અપેક્ષા પરદેશ જતા બધા વિદ્યાર્થીઓનાં મનમાં હોય છે. બાપટના મનમાં બીજા જ વિચારો હતા. પ્રતિજ્ઞાપાલન માટે શારીરિક અને માનસિક બધી તૈયારી કરવાની હતી. શિક્ષણ મેળવી નોકરી કર્યા વગર ચાલે એમ ન હતું. પણ નોકરી એ એમને મન આજીવિકા માટે 'કોડી' મેળવવાનો માર્ગ હતો. એમને પૈસા ભેગા કરવા ન હતા, કોડીનો હિસાબ કરી તેમાં સંતોષ માનવો હતો ને રાષ્ટ્રકાર્ય આગળ ધપાવવું હતું. એ માનતા કે શસ્ત્રનો ઉપયોગ કર્યા વગર સ્વાતંત્ર્ય મળનારું નથી; પહેલાં બંદૂક ચલાવતાં આવડવી જોઇએ. એમણે એડિનબરામાં ક્વીન્સ રાઈફલ્સ નામની લશ્કરી ટુકડીમાં નામ નોંધાવ્યું અને લશ્કરી તાલીમ લેવા માંડી.

રમતિયાળ, તોફાની, હસમુખો પણ તરંગી સ્વભાવ એટલે ત્યાંના મિત્રોમાં પ્રિય થઈ ગયા. એક 'ટેમ્પરન્સ ક્લબ' (મિત મદ્યપાન મંડળ)ના સભ્ય થયા. ત્યાં રાજકારણ વિષે ચર્ચાઓ થતી. એક વાર ભારત વિષે ચર્ચા થઈ ત્યારે એમણે બ્રિટિશ સરકાર વિષે કેટલાક કડક શબ્દો કહ્યા. સહિષ્ણુ બ્રિટિશ મિત્રોએ કહ્યું: 'તું આમ બોલે એના કરતાં એક વાર

કુસુમસમ કોમળ ને વજ્રસમ કઠોર સ્થિતપ્રજ્ઞ સેવક, સશસ્ત્ર ક્રાંતિના હિમાયતી છતાં અહિંસક સત્યાગ્રહના 'સેનાપતિ', શિવાજી રામદાસ ને તુકારામની ત્રિમૂર્તિ, લોકમાન્ય, ગાંધીજી અને સાવરકરનું અદ્‌ભુત મિશ્રણ, ભક્તિ-જ્ઞાન-સેવાની ત્રિપદા ગાયત્રી

લેખક: પ્રો. વસંત જોષી

તારા દેશમાં અમારું રાજ કેવું ચાલે છે એ વિષે ભાષણ જ કર ને!' બાપટને ભાષણબાજી તરફ કાયમનો અણગમો રહ્યો છે. પણ આ તો પડકાર હતો. બાપટે આહ્વાન સ્વીકાર્યું. રાનડે, દાદાભાઈ નવરોજી અને ડિગ્બી જેવાએ પૂરા પાડેલા સરકારી આંકડાઓ પરથી જ ભારતની ભીષણ પરિસ્થિતિનો ખયાલ આપતું એક સ્ફોટક ભાષણ આપ્યું. ભાષણ ધાર્યા કરતાં અધિક પરિણામકારક થયું. એમણે એ છપાવ્યું. નકલો મિત્રોમાં વહેંચી અને થોડી ભારત પણ મોકલી આપી.

આ 'ભારતમાં અંગ્રેજી રાજ્ય' (British Rule in India) ભાષણથી તે તરત જાણીતા થયા. એડિનબરાના હેરિયટ-વૉટ કૉલેજના સાહિત્યમંડળમાં બોલવાનું નિમંત્રણ મળ્યું. વિષય હતો: 'ઈ. ૨૦૦૭નું ભારત'. અપેક્ષા હતી તેમ ભાષણ જ્વલંત હતું. પણ એનો અંત બહુ જ નાટ્યમય રીતે થયો. બાપટે કહ્યું: 'પરદેશી રાજકર્તાઓ અને ભારતવાસીઓના ઝગડા પતાવવા અમારે ઘણાં સાધનો વાપરવાં પડશે, અને કદાચ એ સાધનોમાં આવું ગોલિકાયંત્ર પણ અમારે વાપરવું પડશે.' અને આની સાથે ખિસ્સામાંથી ભરેલી પિસ્તોલ કાઢી એમણે પ્રમુખના ટેબલ પર જોરથી પછાડી. સભા સ્તબ્ધ થઈ ગઈ. પ્રમુખ ગરમ થયા. બોલ્યા: 'મિસ્ટર બાપટ, તમે કર્યું આ? મગજ ઠેકાણે છે ને? યાદ રાખો, ન્યાયાસન સામે જવાબ આપવો પડશે.' કહી પ્રમુખે પિસ્તોલ લઈ લીધી પણ ઈંગ્લૅન્ડમાં ભાષાસ્વાતંત્ર્ય છે, તેથી પોસ્ટમાં પાછી મોકલી આપી!

'ભારતમાં અંગ્રેજી રાજ'ની નકલો ભારતમાં આવી. મુંબાઈ યુનિવર્સિટીના અધિકારીઓએ જોઈ, ને ગરમ થયા. બાપટ પાસે ખુલાસો માગ્યો. બાપટે જવાબ આપ્યો: 'મંત્રશાસ્ત્રનો અભ્યાસ કરવા આપ મને સ્કૉલરશિપ આપો છો. મારો અભ્યાસ હું સારી પેઠે કરી રહ્યો છું. પણ અભ્યાસ કર્યા બાદ મારી પાસે જે સમય વધે છે તેમાં મારે શું કરવું એ કહેવાનો આપને જરા ય અધિકાર નથી. દેશ પ્રત્યેની મારી ફરજ મારી રીતે અદા કરવા હું સ્વતંત્ર છું.' સરકારને આધારે કે તેની મહેરબાની પર જીવતી યુનિવર્સિટી કરે તે થયું. એણે બાપટની સ્કૉલરશિપ બંધ કરી.

બાપટનું ભાષણ સાંભળવા આવેલા શ્રોતાઓમાં કેટલીક બુદ્ધિમાન રશિયન યુવતીઓ હતી. બાપટની તેજસ્વી મુદ્રા, એમનો આવેશ અને ઉત્સાહ જોઈ એ યુવતીઓ પ્રભાવિત થઈ અને વિનયથી તેમણે બાપટને અભિનંદન આપ્યાં. બાપટ લખે છે: 'હું જાણતો હતો કે આ ભાષણનું પરિણામ આવું જ આવવાનું છે. પણ દેશની દુર્દશા આંખ સામે ખડી હોય ત્યાં જાન બચાવવાનો વિચાર મનમાં શી રીતે જાગે?'

પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા એ સમયે લંડનમાં 'ઇંડિયા હાઉસ' ચલાવતા. ક્રાંતિકારી વિચારોથી ઉદ્દીપ્ત થએલા જુવાનો ત્યાં મળતા અને ભારતીય રાજકારણ વિષે ઊકળતા લોહીથી ચર્ચાઓ કરતા. ભાષણ માટેની સામગ્રીનાં પુસ્તકો શ્યામજી કૃષ્ણ વર્માએ જ બાપટને આપ્યાં હતાં. એમની દેખરેખ નીચે ક્રાંતિની યોજનાઓ ઘડાતી. ૧૯૦૬માં સાવરકર લંડન આવ્યા. ત્યાંનું ભારતીય વાતાવરણ બદલાઈ ગયું. બંગભંગ વિરોધી ચળવળ શરૂ થઈ. ભારતમાં દમન શરૂ થયું. લાલા લજપતરાયને ગિરફ-



સેનાપતિ પાંડુરંગ મહાદેવ બાપટ

ન તો એમણે કોઈ સેના ઊભી કરી કે ન એમણે કોઈ સંસ્થા કબજે કરી, અને છતાં એ અર્વાચીન મહારાષ્ટ્રના ઘડતરના એક પ્રણેતા ગણાયા. દેશની આઝાદી માટે પરદેશથી એ બૉંબ બનાવવાની વિદ્યા અહીં લાવ્યા ને છતાં નિરર્થક જાનહાનિનો એમણે સદાય વિરોધ કર્યો. દેશમાં અને મહારાષ્ટ્રમાં જાગૃતિ આણવા એમણે પિસ્તોલ લીધી, ઝાડુ યે લીધું અને કલમ પણ ચલાવી, ગુપ્તવાસ વેઠ્યો તેમ જ જેલ પણ ભોગવી.

તાર કરવામાં આવ્યા. ભારતમાં ક્રોધનો જ્વાળામુખી ફાટ્યો હોય એમ લાગ્યું. લંડનમાં રહેતા યુવાનોની ધીરજ ખૂટી. બાપટનો ક્રોધ બધી મર્યાદા વટાવી ગયો. એમણે કહ્યું: 'હું લૉર્ડ મોર્લેને ગોળી મારવા તૈયાર છું. એટલું જ નહિ પણ પાર્લમેન્ટની બેઠક ચાલતી હોય ત્યારે ત્યાં જઈ બૉંબ નાખી પાર્લમેન્ટ ઉડાડી દેવા પણ તૈયાર છું.' મહામહેનતે એમના મિત્રોએ એમને સમજાવ્યા અને એ ભયંકર ખયાલમાંથી પરાવૃત્ત કર્યા.

ઈ. ૧૯૦૭માં પારી(સ)માં ક્રાંતિકારી યુવકોનું સંમેલન ભરાયું. એમાં બાપટે હાજરી આપી. પારકા સત્તાધારીને શસ્ત્રની મદદથી કાઢી મૂકી શકાય એવો સંમેલનની ચર્ચાનો સૂર હતો. રશિયામાં બૉંબ બનાવવાની વિદ્યાનો પ્રસાર થયો હતો. દુનિયાના ક્રાંતિકારી યુવાનોને એ વિદ્યા શીખવાડવા ત્રણ રશિયન નિષ્ણાતો પારી(સ) આવ્યા હતા. એમની પાસે બૉંબ બનાવવાની કળા હતી. એ કળા વિષેની માહિતી રશિયન ભાષામાં હતી. બાપટને રશિયન આવડે નહિ અને પેલા નિષ્ણાતો અંગ્રેજી જાણે નહિ. કોઈ બહારના માણસને પૂછવા જતાં બધો જ ભેદ ફૂટવાની બીક. બેય ભાષા સારી સમજે એવા સહાયકની જરૂર હતી. પેલું ભાષણ સાંભળવા ત્રણ યુવતીઓ આવી હતી. એમને બાપટ ભૂલ્યા ન હતા. એકને એમણે બર્લિન બોલાવી. આદર અને ભક્તિભાવથી એ આવી. એ પણ કૉલેજમાં ભણતી હતી. પણ ભારતની સેવા માટે અને બાપટના સ્નેહ ખાતર કૉલેજનું સત્ર જતું કરી એ યુવતી આવી. બાપટે એને પેલાં

રશિયન પત્રકો આપ્યાં. યુવતીએ એનાં અંગ્રેજી ભાષાંતર કરી આપ્યાં. એક રશિયન યુવતી ભારતીય યુવાનને મદદ કરે છે! જાત જુદી, ધર્મ જુદા, દેશ જુદા! બાપટ કહેતા: 'સ્વતંત્રતા માનવનો અધિકાર છે. સ્વતંત્રતાનો વિચાર કરો ત્યારે ન્યાત-ધર્મ, ઉચ્ચ-નીચ એવા ક્ષુદ્ર વિચાર મનમાં ન આવવા જોઈએ. આપણે વિશ્વબંધુત્વની લાગણી કેળવવી જોઈએ.' આવા વિશાળ અને ઉદાત્ત વિચારો ધરાવતો માણસ કોઈ પક્ષની શિસ્તના પાંજરામાં પુરાઈ રહ્યો હોત તો જ આપણને નવાઈ લાગત.

ઈ. ૧૯૦૪ના જુલાઈમાં તે ઇંગ્લૅન્ડ ગયા ને ૧૯૦૮ના માર્ચમાં પાછા ભારત આવ્યા. માતાપિતા વૃદ્ધ હતાં, પત્ની રાહ જોઇને બેઠી હતી. મુંબાઈના મવાળ રાજકારણીઓ વાતો જ કરતા હતા ત્યારે બંગાળમાં દાવાનળ સળગ્યો હતો. 'યુગાંતર' ને 'વંદે માતરમ્' જેવાં પત્રોમાં સશસ્ત્ર ક્રાંતિનો ખુલ્લો પ્રચાર થતો હતો. જુવાન ક્રાંતિકારકો ચક્કીઓમાં પીસાતા હતા અને એમના લોહીના કણોમાંથી નવા ક્રાંતિકારકો જાગવાના હતા. બાપટ કલકત્તા ગયા, કેમ કે એમના બે ચેલાઓ હેમચંદ્ર દાસ અને મિર્ઝા અબ્બાસ એમની પાસેથી બૉંબ બનાવવાની રીત શીખી ૧૯૦૭માં કલકત્તા આવ્યા હતા. એમણે એ વિદ્યા ઘણા લોકોને શીખવી હતી, અને ઘણા બૉંબ બનાવી માણિકતોલા બાગમાં એ દાટીને છુપાવી રાખ્યા હતા. દીવાસળી પડતાંની સાથે જ ભડાકો થવાનો હતો.

બાપટ જુવાનોને મળ્યા, એમની સાથે વિચારવિનિમય કરી તેઓ સમજ્યા કે અહીં વિચાર કરતાં વિકારોનું, લાગણીવશતાનું પ્રાબલ્ય હતું. એમણે કહ્યું: 'જુઓ ભાઈઓ, આપણી બ્રિટિશ સલ્તનત સાથેની લડત એક દિવસ બૉંબ ફોડવાથી સફળ થવાની નથી, એથી કોઈ લાભ થવાનો નથી. ઊલટાનું નુકસાન થવાનું છે. સરકાર પાસે એટલાં સાધનો છે કે એ આપણને સહેલાઈથી હરાવી શકશે. આપણે એકને મારી નાખીશું તો એની જગ્યા લેવા બીજા દસ આવશે. એટલે બૉંબ નાખવાથી આપણે જ નાસીપાસ થઈશું. રાષ્ટ્રમાં ઉત્થાન આવ્યું છે તે શમી જશે. પહેલાં ક્રાંતિની વૈચારિક અને માનસિક ભૂમિકા નક્કી કરો, લોકોમાં શિક્ષણનો પ્રચાર કરો ને સમય પાકે ત્યારે જ સાધનોનો ઉપયોગ કરો.'

બંગાળી મિત્રોને દલીલ વાજબી તો લાગતી હતી, પણ વાત ખૂબ જ આગળ વધી ગઈ હતી. હવે પાછા ફરવાનો અવકાશ ન હતો. ક્રાંતિકારોને પૈસાદારો મદદ કરતા હતા, ને એમને કોઈ ચમત્કાર બતાવવામાં ન આવે તો મદદ બંધ થાય એમ હતું. એટલે હવે બૉંબ ફોડયે જ છૂટકો હતો. બૉંબ બનાવવામાં રોકાએલા હતા એમને રોજી પણ મળવી જોઈએ. બૉંબ વપરાયા વગર પડી રહે, દ્રવ્યસહાય બંધ થાય એટલે પેલા બીચારાઓની રોજી પણ ટળે.

દલીલો સાંભળી બાપટ અવાક્ બન્યા. આખરે ક્રાંતિકારીઓ પૈસાદારોના હાથમાં ફસાયા હતા. ક્રાંતિ લાવવી હતી, પણ આ રીતે? ક્રાંતિનું સૂત્રચાલન કોણ કરે? બુદ્ધિવંતો કે પૈસાદારો? બાપટની પ્રજ્ઞાદૃષ્ટિને ક્રાંતિવાદનો વિનિપાત દેખાયો. એમનો ક્ષોભ વધ્યો. શરીર એ ક્ષોભ શમાવી શક્યું નહિ. એ સખત માંદા પડ્યા. તાવ ઊતરવાની રાહ જોયા વગર એમણે કલકત્તા છોડ્યું. મહારાષ્ટ્રમાં પાછા ફરી એક મિત્રને ત્યાં તબિયત સુધરવાની રાહ જોઈ રહ્યા. સાજા થઈ પૂના આવ્યા. લોકમાન્ય ટિળકને મળવાનો નિશ્ચય કર્યો. બંનેના માર્ગ તદ્દન જુદા હતા, બેયના વિચારોનો મેળ ખાય એવી શક્યતા ન હતી. પણ વિરોધીઓને કે અપ્રિય બોલતા લોકોને પણ ટિળક શાંતિથી સાંભળે છે એવી શ્રદ્ધા એ વખતે દેશમાં હતી. બાપટ એમને મળ્યા. ટિળકે એમનો જુસ્સો જોયો, ગુસ્સો પારખ્યો અને બોલ્યા: 'તમારા વિચારો હું સમજી શકું છું. પણ હું તમારી સાથે સહમત થઈ શકતો નથી. હું જાણું છું કે ધ્યેયને હાંસલ કરવાના ઘણા રસ્તા છે. એમાંનો એક રસ્તો તમે લેવા માગો છો. પણ હજી વિચાર કરો. આપણે એમ કરીએ. પરાંજપેની સરકારે ધરપકડ કરી છે. મુંબાઈમાં એમનો કેસ નીકળવાનો છે. મારે આજે જ મુંબાઈ જવું પડશે. હું પાછો આવું ત્યાર પછી આપણે સિંહગઢ પરના મારા ઘરમાં મળીશું.'

ટિળક મુંબાઈ ગયા ને પછી છ વર્ષની કારાવાસની સજા પામ્યા. બાપટ એમને મળી શક્યા નહિ. બંગાળ છોડ્યે બે મહિના થવા આવ્યા હતા. દરમિયાન ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચક્રવર્તીએ ન્યાયાધીશ કિંગ્ઝફર્ડ પર બૉંબ નાખ્યો તે કિંગ્ઝફર્ડને ન વાગતાં, કોઈ નિર્દોષ સ્ત્રીઓ પર પડ્યો. ખુદીરામ બોઝ પલાયન થઈ ગયા. પણ એમને પુષ્કળ ચાલવાની ટેવ ન હતી તેથી એમને પગે સોજા આવ્યા અને તે જોઈ શક પરથી એમની અને પ્રફુલ્લ ચક્રવર્તીની ધરપકડ થઈ. થોડા જ સમયમાં માણિકતોલા બાગનું રહસ્ય પકડાયું. કેસ ચાલ્યો. એમાં માફીનો સાક્ષી હતો નરેન્દ્રનાથ ગોસ્વામી. એણે ઘણા ક્રાંતિકારકોનાં નામઠામ આપ્યાં. સેંકડો ધરપકડો કરવામાં આવી. નરેન્દ્રે પોતાની સાક્ષીમાં કહ્યું કે મુંબાઈનો પી. એમ. બાપટ નામનો કોઈ શખ્સ બૉંબ બનાવવાની તરકીબ ઇંગ્લૅન્ડથી શીખી આવ્યો છે એણે બંગાળમાં તેનો પ્રચાર કર્યો છે. કાવતરાનો સૂત્રધાર એ જ છે. નરેન્દ્ર ગોસ્વામી જૂઠું બોલવાની કલામાં હજી પૂરો નિષ્ણાત નહિ, એટલે બોલ્યો: 'પણ બાપટે અમને કહેલું કે કોઇએ ઉતાવળ કરવી નહિ. વ્યક્તિનું ખૂન કરવાથી રાષ્ટ્રનું હિત સાધી શકાતું નથી.'

સાક્ષી દરમિયાન જેમનાં નામનો ઉલ્લેખ થયો એ બધાની ધરપકડો શરૂ થઈ. દેવભાનકર કરીને બાપટના એક મિત્ર ડેક્કન કૉલેજમાં હતા એમને મળવા બાપટ ગયા હતા. બે દિવસ એમની સાથે રહેવાના હતા. પોલીસને ખબર મળી. અધિકારીઓ આચાર્ય બેઈન સાહેબ પાસે ગયા અને દેવભાનકરને સોંપી દેવાની માગણી કરી. બેઈન સાહેબે કહ્યું કે દેવભાનકરને તમે મારી હાજરીમાં જ સવાલો પૂછી શકો છો. પણ હું એને તમારે હવાલે નહિ સોંપું.' પચ્ચીસમી જૂને દેવભાનકર બાપટને મળ્યા. છાપામાં તે જ સવારે ગોસ્વામીની સાક્ષીનો રિપોર્ટ હતો. ૨૫મીની સાંજે બાપટ પૂનામાંથી છટકી જઈ અલોપ થઇ ગયા.

આશરે પાંચેક વર્ષ, એટલે કે ૧૯૦૮ થી ૧૯૧૩, બાપટ અજ્ઞાતવાસી રહ્યા. એમને પકડવા સરકારે ઘણા પ્રયત્નો કર્યા. આ સમય એમણે કેમ વિતાવ્યો હશે એની પૂરી માહિતી મેળવવી અશક્યપ્રાયઃ છે. ક્રાંતિકારો વિષે લોકોનાં મનમાં દહેશત હતી એટલે એ ગાળા વિષે કોઈ માહિતી આપવા તૈયાર થતા નહિ. અને દેશ સ્વતંત્ર થયો ત્યાં સુધીમાં તેમાં સંડોવાએલા બધા લોકો કાં તો અવસાન પામ્યા હતા અથવા તો સ્મૃતિહીન થઈ ગયા હતા. ખુદ બાપટ પણ એ સમય વિષે ઝાઝું બોલતા નહિ.

પૂનાથી નીકળી બાપટ અહમદનગર ગયા. ત્યાં પોતાને ઘેર ન જતાં માશીને ઘેર ઊતર્યા. મિત્રોની મદદથી તેઓ મોગલાઈમાં એટલે જૂના હૈદરાબાદ રાજ્યમાં ગયા. ચાલતાં ચાલતાં જવાનું, એટલે થાક્યા-પાક્યા ઔરંગાબાદ આવ્યા. એક પરિચિત સજ્જન હતા એમને ત્યાં જઈ રસોયા તરીકે રહેવાનું નક્કી કર્યું. પેલા સજ્જન સારા એટલે એમણે ય પરિચય બતાવ્યો નહિ. શેઠ અને રસોઇઓ આ રીતે એકબીજાથી અપરિચિત હોય તેમ દસ મહિના નભાવી શક્યા. પણ આવું નાટક કેટલા દિવસ ચાલી શકે? રસોઈ બરાબર થાય નહિ અને શેઠાણીનો ઠપકો સાંભળવો પડે. 'કમભાગી! ગોરો ઊજળો દેખાય છે, પણ રાંધતાં નથી આવડતું! બાળપણમાં કંઈ શીખ્યો હોત તો!' એ ઘરમાં પુસ્તકો અને છાપાં પડેલાં દેખાય, પણ અભણ નોકરથી એ હાથમાં કેમ લેવાય? હદબહારનો સંયમ રાખવો પડ્યો. પણ દેશ ખાતર બધું સહન કરવાની પેલી પ્રતિજ્ઞા પાળવાની હતી. આખરે ઔરંગાબાદ પણ છોડવું પડ્યું.

ત્યાંથી મધ્યપ્રદેશમાં બારવાણી ગયા. થોડો વખત ત્યાં રહી બિલિમોરા આવ્યા, અને ત્યાંથી ધાર ગયા. ધારમાં એક નિશાળમાં દાખલ થઈ એમણે પાછો અભ્યાસ શરૂ કર્યો! અલ્લાહાબાદ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષામાં બેઠા અને પહેલા વર્ગમાં પાસ થયા! બાપટે એક હજાર જેટલા

શ્લોકમાં કાવ્યમય આત્મચરિત લખ્યું છે, એમાં એમણે લખ્યું છે : 'કોઈ ઠેકાણે રસોઈયા તરીકે નોકરી કરી, ક્યાંક ખેડૂત થયો, એક ઠેકાણે છાપખાનામાં કંપોઝિટર તરીકે કામ કર્યું, એક નિશાળમાં શિક્ષક થયો અને આખરે સાતમા ધોરણમાં અભ્યાસ કરી પરીક્ષા આપી; અને ફરીથી પહેલો વર્ગ મેળવ્યો!' આ અજ્ઞાતવાસની વિગતો એકાદ નવલકથા જેટલી રોમાંચક હોવી જોઈએ. પણ એ મળવાની નથી. કાળે પોતાનું કામ કરી નાખ્યું છે. બાપટે એ સમય વિષે મૌન સેવ્યું છે.

સમાચાર આવ્યા કે પોલીસે હજી પીછો છોડયો નથી. મુંબાઈના પોલીસ કમિશનરને સરનામું મળી ગયું છે. તરત જ મથુરા થઈને કાશી ગયા. દસ મહિના ત્યાં રહ્યા. બારવાણીથી કાગળ આવ્યો : 'ઇંદોર જાઓ. તમારા મિત્રોને પોલીસ હેરાન કરે છે.' પોતાને ખાતર મિત્રો હેરાન થાય એ એમને ગમ્યું નહિ. ઇંદોર આવ્યા, પકડાયા અને મુંબાઈ લઈ જવાયા. બંગાળ પોલીસના વડા સાથે મુલાકાત માટે એમને દિલ્હી લઈ જવામાં આવ્યા. ઘણી ચર્ચાઓ બાદ સરકારે જોયું કે માણસ પ્રામાણિક છે, સ્પષ્ટવક્તા છે; હિંસાનો સ્વીકાર યુદ્ધનીતિના ભાગ તરીકે કરે છે, પણ વૈયક્તિક ખૂનમાં માનતો નથી; અજ્ઞાતવાસમાં રખડપટ્ટી કરી થાકયો છે; એના પર નજર રાખીએ એ પૂરતું છે. એટલે એમની પાસેથી જામીનગીરી લઈ છોડી મૂકયા. આઠ વર્ષનો અજ્ઞાતવાસ પૂરો થયો. પાછા ઘેર આવ્યા. ત્યારે સ્વરૂપમાં પલટો આવ્યો હતો. દાઢી વધી હતી; આંખોનું તેજ જરા ઓછું થયું હતું; મુખમુદ્રા પર ઉદાસીનતા દેખાતી હતી. જૂના મિત્રો ક્યાં ગયા હતા કોણ જાણે? માતાપિતાને થતું હતું છોકરો પાછો આવ્યો છે, પણ ઘરમાં ટકશે ખરો? તે જમાનાના રિવાજ પ્રમાણે અઢાર-ઓગણીસ વર્ષની ઉંમરે એમને પરણાવી દેવામાં આવ્યા હતા. પણ પત્ની સાથે એમને સંબંધ જ ક્યાં હતો? એ બીચારી એકલી આંસુ સારતી એમની રાહ જોઈને બેસી રહી હતી. અભણ હતી. પતિના ક્લેશનો, આફતોનો એને ક્યાંથી ખયાલ હોય? એક નિર્દોષ ને નિષ્પાપ અબળા લગ્નબંધનને લીધે જકડાઈ રહે એ બાપટને ખૂંચતું હતું. અજ્ઞાતવાસમાં હતા ત્યારે એમણે એક મિત્રને પત્ર લખી જણાવેલું : 'દુનિયાની દૃષ્ટિએ હું પરણેલો છું, પણ મારી પત્ની સાથે હજી પરિચય થયો નથી. મારા જેવાને શ્રીહરિ બુદ્ધિ આપે તેમ કાર્ય કરવાનું છે. પત્ની સાથે જીવન ગાળવાનું કોઈ દિવસ બનશે એમ મને લાગતું નથી. તો મહેરબાની કરી મારી પત્ની સાથે પુનર્વિવાહ કરી મને ઉપકૃત કરવા વિનંતી છે.' મિત્ર બાપટની ઉદાત્ત ભૂમિકા સમજી શકયો કે નહિ, બાપટની અભણ પત્નીને પોતાના પતિ વિષે કેવા વિચાર આવ્યા હશે, એ બધું કોણ કહી શકશે? અણસમજુ લોકો કદાચ કહે : કેવો ચક્રમ કે પોતે જીવતો હોવા છતાં પત્નીને પુનર્વિવાહની સલાહ આપે!

શરીર ઘેર આવ્યું. મન તો હજી વિષણ્ણ હતું. રાષ્ટ્રમાં જાગૃતિનો જે જુવાળ આવ્યો હતો તેનાં હવે નામનિશાન દેખાતાં ન હતાં. લોકમાન્ય કારાગૃહમાં હતા. તોતિંગ દેશ પાછો અજગર સરખો સૂઈ ગયો હોય તેમ લાગતું હતું. મન માનતું ન હતું. પેલું વિલાયતનું વાતાવરણ હમેશાં યાદ આવે અને સતાવે. એ કેવો નિર્મળ દેશ હતો! જ્યાં જુઓ ત્યાં બધું સ્વચ્છ દેખાય. લોકો પણ ચોખ્ખાઈ જાળવવામાં મદદ કરે. આપણી આજુબાજુના વાતાવરણની, આપણા પરિસરની આપણા માનસ પર કેટલી બધી અસર થાય છે! આપણો દેશ તો જુઓ. બધે જ અસ્વચ્છતા! કીચડમાં, ગંદવાડમાં, દુર્ગંધમાં રહેવાનું અને પવિત્રતાનો, શુદ્ધતાનો ડોળ કરવાનો! જેનું ઘર ગલીચ હોય એના મનમાં સારા વિચારો કેટલા આવે? અને આપણે તો સ્વતંત્ર થવા માગીએ છીએ! સ્વતંત્ર દેશ ગંદો હોય? શહેરો કે ગામડાં, જ્યાં જાઓ ત્યાં ગંદકી! બાપટે નિશ્ચય કર્યો : બંદૂક તલવારો ગઈ. ક્રાંતિના કામમાં એ શસ્ત્રોનો હવે ઉપયોગ રહ્યો નથી. હવે હાથમાં નવું હથિયાર પકડવું પડશે. તો હાથમાં લો ઝાડુ અને દેશની સફાઇનું કામ શરૂ કરો. ગામડાંમાં લોકોને સમજાવો કે સેવાધર્મ ગહન અને શ્રેષ્ઠ ધર્મ છે. સમાજને શુદ્ધ અને સ્વચ્છ બનાવે એ કામ ગંદું ન હોઈ શકે. સ્વચ્છતાનું કામ કરવાની સૂગ કેવી? ઝાડુ-ટોપલો લઈ નીકળો બહાર. મોરીઓ, ગટરો, જાજરૂઓ, બધું સાફ કરો. વાતાવરણ સુધરશે, માનસ સ્વચ્છ થશે, મંગલ સદ્વિચાર પ્રકટશે. મનમાં સારો વિચાર આવ્યો. એ આચરણમાં મુકાય તો જ એનું સાફલ્ય થાય. પૂનાના રહીશોએ ચમત્કાર જોયો. ચિત્પાવન બ્રાહ્મણ અને આવું હલકું કામ કરે! બાપટ કહેતા : 'હું બ્રાહ્મણ-ભંગી છું. આજે આપણે આપણા ધર્મગ્રંથોમાં માનતા નથી. પૂર્વજોની કૃતિઓ અને સ્મૃતિઓ નષ્ટ થઈ છે. શ્રીહરિ મને ઘેર લાવ્યા છે અને મને આદેશ આપ્યો છે : હાથમાં ઝાડુ લે, અને રસ્તા-ગટરો સાફ કર. આજથી તારી આ નોકરી!'

અને આમ આ વિલક્ષણ પુરુષ જે ભારતમાં બૉંબશાસ્ત્રનો જનક હતો તે ઝાડુની કરામતનો કર્મયોગી થયો

ટિળક જેલમાંથી છૂટીને આવ્યા. બાપટ પ્રત્યે એમને મમતાનો ભાવ હતો, એટલે 'મરાઠા' પત્રના તંત્રીમંડળમાં એમણે બાપટને લીધા. પણ ત્યાં ઝાઝું ફાવ્યું નહિ. ત્રણ વર્ષ બાદ એમણે 'મરાઠા' છોડી દીધું. મહારાષ્ટ્રના બીજા એક વિલક્ષણ પુત્ર શ્રીધર વ્યંકટેશ કેતકરે મરાઠી ભાષામાં 'જ્ઞાનકોશ' બહાર પાડવાનો ભેખ લીધો હતો. એમણે બાપટને લેખક તરીકે નીમ્યા. વેતનમાં કોડી જ જોઈતી હતી. શેઠ જેવો જ ચાકર હોય ને? શેઠને ક્યાં કંઈ મળતું હતું તે નોકરને મોટો પગાર આપે? માસિક સાઠ રૂપિયાના વેતન પર બાપટે નોકરી સ્વીકારી. જતે દહાડે, માસિક એકસો ને દસ સુધી પહોંચ્યા, ડૉ. કેતકરની ઇચ્છા બાપટને કાયમને માટે રોકી રાખવાની હતી. શ્રી હરિએ જુદું જ નિર્માણ કર્યું હતું. બ્રાહ્મણ-ભંગી બાપટ 'સેનાપતિ' બાપટ તરીકે દુનિયા સમક્ષ આવવાના હતા. હાકલ પડતી હતી અને હરિના માર્ગે જનાર માટે કોઈ વિકલ્પ ન હતો.

પૂના જિલ્લાના મુળશી પેટાતાલુકામાં ચોપન ગામડાં છે. એમાં દસ હજાર ખેડૂતો રહેતા હતા. એમની ચાલીસ હજાર એકર જમીનમાં સુંદર ડાંગર પાકે. વર્ષનો વરસાદ આશરે અઢીસો ઈંચ જેટલો થાય. દેશનું ઔદ્યોગીકરણ થતું જાય તેમ મૂડીવાદીઓની નજર વિકાસક્ષમ ભૂમિ તરફ જાય જ. જમશેદજી તાતા એક વખત મુંબાઈ-પૂનાની મુસાફરી કરતા હતા. લોણાવળા સ્ટેશન પાસે એમણે જોયું કે ધોધમાર વરસાદ પડે છે અને એ પાણીનો કોઈ ઉપયોગ કરતું નથી. એ પાણી અટકાવવા બંધ બાંધવામાં આવે તો તેમાંથી વીજળી નિર્માણ કરી શકાય, અને એ વીજળી મુંબાઈ લઈ જવામાં આવે તો મુંબાઈના ઉદ્યોગોનો કેવો ઉત્કર્ષ થાય! સરકારની અનુમતિથી એમણે લોણાવળા પાસે બંધ બંધાવ્યો. પછી એમની નજર મુળશી તરફ ગઈ. ત્યાં ત્રણ બંધ બાંધવાનો વિચાર એમને સૂઝયો. બંધની દીવાલ દોઢસો ફૂટ પહોળી અને અઢીસો ફીટ ઊંચી રાખવાની હતી. અને એની લંબાઈ આશરે અરધા માઈલ જેટલી થવાની હતી. બધી નદીઓનાં પાણી રોકવામાં આવે તો મુળશીનાં ઘણાંખરાં ગામડાં ડૂબી જવાનાં હતાં અને ત્યાંના રહીશોને ઘરબાર છોડી ક્યાંય જવાનું ઠેકાણું ન હતું. લોકોમાં વિરોધ જાગ્યો. નીચેના અધિકારીઓએ એની જાણ કદાચ વડાઓને નહિ કરી હોય તેથી તાતા પોતાની યોજના માટે મક્કમ રહ્યા. સરકારે ધાર્યું હોત તો એ ભૂમિહીન બનતા ખેડૂતોને દસ હજાર એકર જમીન સહેલાઈથી આપી શકત. નોકરશાહીના અમલદારો પણ ધ્યાન આપવા તૈયાર ન હતા. ખેડૂતોને ક્યાંય જવું ન હતું. બંને પક્ષ પોતાના સંકલ્પમાં દૃઢ હતા. હવે એક જ રસ્તો રહ્યો હતો.

લોકમાન્ય ટિળકના અવસાન પછી દેશના ક્ષિતિજ ઉપર ગાંધીજી દેખાવા લાગ્યા હતા. એમની પાસે સત્યાગ્રહ નામનું શસ્ત્ર હતું. હવામાં સત્યાગ્રહ શબ્દ ગુંજતો હતો. સત્યાગ્રહનું શાસ્ત્ર હજી પૂર્ણાવસ્થાએ પહોંચ્યું ન હતું ત્યાં લોકોના જીવનને સ્પર્શતો આ સવાલ ઊભો થયો હતો.

બાપટ જેવા લોકોએ બંદૂક-પિસ્તોલ છોડી દીધેલાં. ગાંધીજી સાથે ઘણી બાબતોમાં મતભેદ હોવા છતાં સત્યાગ્રહનો વિચાર એમને ગમતો હતો. મહારાષ્ટ્રના નેતાઓ મળ્યા, એમણે વિચારવિનિમય કર્યો અને નક્કી કર્યું કે સત્યાગ્રહ કરવો. મોટું આંદોલન કરવાનું હતું. એમાં બાપટ જેવા નિષ્ઠાવાન પુરુષનો સાથ મળી જાય તો? પણ સત્યાગ્રહના પહેલા નેતા હતા તાત્યાસાહેબ કરંદીકર. સત્યાગ્રહ માટે ગાંધીજીની સલાહ મળે તો એ જ શ્રેષ્ઠ ગણવી એવા ખયાલથી કેટલાક નેતાઓ એમને મળવા ગયા. ગાંધીજીએ આખી વાત સાંભળી અને પછી એમને સત્યાગ્રહની શરતો સમજાવી એમણે કહ્યું: 'તમે મરાઠાઓ છો. દુશ્મન તમને ચીડવે, અન્યાયી જુલમ કરે તો તમે ભડકી જવાના અને શારીરિક પ્રતિકાર કર્યા વિના નહિ જંપવાના. સરકારને એ જ જોઈતું હોય છે. સાવચેત રહેજો. જેમને માટે તમે લડત કરવાના છો એ ખેડૂતોની ઇચ્છા લડત ચાલુ રાખવાની હોવી જોઈએ. બહારની મદદ તમે કરજો, પણ મુખ્ય ભાર ખેડૂતોને માથે રહેવો જોઈએ.' આ વાતો પૂરી કરી નેતાઓ પાછા આવતા હતા ત્યાં રસ્તામાં બાપટ ભેગા થયા. સત્યાગ્રહની વાતો સાંભળી પહેલાં તો નેતાઓની મશ્કરી ઉડાવી, પણ અંતે સત્યાગ્રહમાં જોડાવા તૈયાર થયા અને આગળ જતાં લડતના 'સેનાપતિ' તરીકે નીમાયા!

સેનાપતિને મહારાષ્ટ્રમાંથી માત્ર ત્રણ હજાર સત્યાગ્રહીઓ જોઈતા હતા. એમણે હાકલ કરી: 'મહારાષ્ટ્રની તેજસ્વિતા મરી ગઈ નથી; એ ઊંઘે છે એટલું જ. મહારાષ્ટ્રની તેજસ્વિતાને જગાડવી હોય તો આવો બધા જેલના બંધનમાં જઈએ... મહારાષ્ટ્ર એટલે પરાધીનતાનો પાકો દુશ્મન...' સત્યાગ્રહ શરૂ થયો. પણ આ તાતાવિરોધી સત્યાગ્રહને સરકારવિરોધી લડતનું સ્વરૂપ મળ્યું. સરકારે મોટી સંખ્યામાં સત્યાગ્રહીઓને ગિરફ્તાર કરી એમને યરવડાની તુરંગમાં પૂરવાનો પ્રારંભ કર્યો. સેનાપતિએ એ કેદખાનાને 'સ્વરાજ્યાશ્રમ' તરીકે વર્ણવ્યો. જેલમાં સત્યાગ્રહીઓને શક્ય તેટલા હેરાન કરવા એવું ધોરણ સરકારે અખત્યાર કર્યું. ચુનંદા સત્યાગ્રહીઓને નગ્ન કરી એમના બરડા પર તથા નિતંબ પર નેતરના ફટકા મારવામાં આવ્યા ત્યારે એમની ચામડીનાં ચીંથરાં લટકવા માંડયાં અને લોહીના રેલા ભોંય પર રેલાવા લાગ્યા. સેનાપતિથી એ દૃશ્ય જોયું ગયું નહિ, છતાં એમણે ક્રોધ પર કાબૂ મેળવ્યો. ત્રણ વાર કેદની સજા ભોગવી ૧૪મી ઑક્ટોબર ૧૯૨૪ને રોજ તેઓ બહાર આવ્યા. મૂળ પોતે સશસ્ત્ર ક્રાંતિના પુરસ્કર્તા હતા, સ્વાતંત્ર્ય સમરભૂમિ પર મેળવવું પડે છે એવી એમની દૃઢ માન્યતા હતી. પણ સામુદાયિક શિસ્તનું પાલન કરી એમણે અહિંસાત્મક સત્યાગ્રહ ચાલુ રાખ્યો.

સત્યાગ્રહ બે જાતનો હોય એમ બાપટ માનતા. પહેલો 'સામ' સત્યાગ્રહ અને બીજો 'શુદ્ધ' સત્યાગ્રહ. એમાં પાછા બે પેટા-વિભાગ. એક 'પ્રાથમિક' બીજો 'પ્રાગતિક' 'પ્રાથમિક સામ' સત્યાગ્રહ એટલે દુશ્મનને પગે લાગી એને વિનવવાનો અને એ કરે તે સજા ભોગવવાની. 'પ્રાગતિક સામ' સત્યાગ્રહ એટલે દુશ્મનને દુઃખવ્યા વગર એની માલમિલકતનો નાશ કરવાનો. 'પ્રાથમિક શુદ્ધ' સત્યાગ્રહ એટલે દુશ્મનને માત્ર ઘાયલ કરવાનો અને 'પ્રાગતિક શુદ્ધ' એટલે દુશ્મનને મારી નાખવાનો. ભગવદ્ગીતાને આધારે સેનાપતિએ આ સત્યાગ્રહશાસ્ત્ર રચ્યું હતું.

ત્રણ વર્ષના 'સામ' સત્યાગ્રહથી કોઈ લાભ થયો નહિ ત્યારે સેનાપતિએ જાહેર કર્યું: 'સામ સત્યાગ્રહ'ના બંધનમાંથી હું હવે મુક્ત થવા માગું છું. હવે હું 'શુદ્ધ' સત્યાગ્રહ કરવાનો છું.' આ જાહેરાત સાંભળી એમના ઘણાખરા સહકારીઓ જીવ લઇને નાસી ગયા. શુદ્ધ સત્યાગ્રહની અગ્નિપરીક્ષા માટે માત્ર પાંચ વીર તૈયાર થયા—એમનાં નામ: દેવ, મોડક, ગોરે, બાભળે અને કુકડે. હાથમાં પિસ્તોલો, તલવારો અને કટારીઓ લઈ આ વીરોએ મજૂરોને લઈ જતી આગગાડી પર હુમલો કર્યો. માર્ટિન કરીને એક ગોરો ગાડીનો ડ્રાઇવર હતો. એને પગે ઘાયલ કરી બાપટ અને બીજા સત્યાગ્રહીઓ પોલીસને આધીન થયા. કોર્ટમાં સેનાપતિએ પ્રભાવશાળી ભાષણ કર્યું. હથિયારબંધીનો કાયદો તોડવાના ગુના માટે એમને સાત વર્ષની સખત મજૂરીની સજા ફરમાવવામાં આવી. એથી એમના જીવનનું જેલયાત્રાનું પર્વ શરૂ થયું. ૧૯૩૧માં બાપટ છૂટયા અને તરત જ મહારાષ્ટ્ર પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે એમની વરણી થઈ. થોડા દિવસ પછી એમણે એક ભાષણમાં કહ્યું: 'કૉંગ્રેસનો અહિંસાત્મક કાર્યક્રમ ત્રિકાલાબાધિત ન હોઈ શકે. ઇતિહાસ તેવું શીખવાડતો નથી. ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ કહ્યું હતું કે જરૂર પડે તો મારા દેશબાંધવોના લોહીનાં ગંગા નદી જેવાં મોટાં પૂર હું વહેવડાવીશ. આ ગંગાનાં જળ સાથે કોઈ વાર દુશ્મનના લોહીની જમુનાનો અને દેશ સાથે દગાબાજી કરનાર સ્વબાંધવોનાં લોહીની સરસ્વતીનો ય સંગમ કરવો પડે છે.' આ ભાષણ માટે એમને ફરી સાત વર્ષની સજા કરાઈ. આમ, ઇ. ૧૯૨૪થી ૧૯૩૬ એટલે આશરે ચૌદ વર્ષ સેનાપતિ જેલમાં રહ્યા. 'ભારત છોડો'ની લડત વખતે એમની તબિયત લથડી ગઈ હતી. તો પણ ફરી રાજદ્રોહી ભાષણ કરી ૧૯૪૫માં એક વર્ષની જેલ વેઠી. ૧૯૫૫માં સંયુક્ત મહારાષ્ટ્ર માટે લડત શરૂ થઈ એ લડતના સેનાપતિ બાપટ જ હતા. પંચોતેર વર્ષના આ સેનાપતિને જોઈ લોકોને ભીષ્માચાર્ય યાદ આવતા.

સેનાપતિ બાપટના સત્યાશી વર્ષના લાંબા જીવનનું રહસ્ય એ કે એમણે હમેશાં કાળના પગલાં પારખ્યાં. સશસ્ત્ર ક્રાંતિ કરી સ્વાતંત્ર્ય મેળવવાના પ્રયત્નો સાવરકર જેવા વીરોએ આદર્યા ત્યારે બાપટ એમની સાથે મોખરે હતા. પછી એ લોકમાન્ય ટિળકના રાજકારણમાં જોડાયા. અહિંસામાં એ મર્યાદિત વિશ્વાસ ધરાવતા તો પણ ગાંધીજીના અનત્યાચારી, અહિંસક સત્યાગ્રહમાં એમણે આગળપડતો ભાગ લીધો. રશિયામાં લેનિનના નેતૃત્વ હેઠળ ક્રાંતિ થઈ ત્યારે મહારાષ્ટ્રમાં બાપટે એને આવકારી. એમણે કહ્યું: 'રશિયામાં કરોડો શ્રમજીવીઓના સંસારની હોળી થતી હતી. હવે ત્યાં દિવાળી આવે છે. દરેકનો હવે વિકાસ થશે. બધાનાં જીવનમાં આનંદ અને પ્રકાશ આવશે.' એમ કહી શ્રમજીવીઓની ક્રાંતિનો દિવસ એમણે 'લેનિન મિક્શ્ચર' એટલે દાળિયા-મમરા ખાઈ ઊજવ્યો. નેતાજી સુભાષચંદ્રે 'ફૉરવર્ડ બ્લૉક'ની સ્થાપના કરી ત્યારે બાપટ એમની સાથે જોડાયા. ભારતની આઝાદીની લડતમાં નેતાજીએ મોટો ફાળો આપ્યો છે એમ એ કહેતા.

સ્વાધીનતા ખાતર પોતાનું સર્વસ્વ હોમનાર બાપટના ચરિત્રની બીજી બાજુ છે. ગીતાની ફિલસૂફી એમના અંગેઅંગમાં ભળી ગઈ હોવાથી એ સ્થિતપ્રજ્ઞની અવસ્થાએ પહોંચ્યા હતા. અધ્યાત્મના ઉચ્ચ વાતાવરણમાં રહેતા એમના જેવા મહાપુરુષો ગણ્યાગાંઠયા જ હશે. સાને ગુરુજીએ લખ્યું છે: 'સેનાપતિ બાપટના દરેક કામમાં શ્રીહરિ વસે છે; એમના જીવનને દેશભક્તિની સુગંધ છે, પણ દેવભક્તિથી દેશભક્તિ મધુરતર બની છે. સેનાપતિને મહારાષ્ટ્ર હજી બરોબર ઓળખતું નથી. એ કુસુમથી કોમળ અને વજ્રથી ય કઠોર છે. એમનામાં વીરની વીરતા છે કે સંન્યાસીની સંન્યસ્તતા વધારે છે એ હું કહી શકતો નથી. એ કુદરત જેવા છે. ઘડીમાં હસશે, ઘડીમાં રડશે. સૂર્યપ્રકાશ જેવા છે—ગમે ત્યાં પહોંચે તેવા. જ્યાં જાય ત્યાં વાતાવરણ ખીલવશે, મલિનતા દૂર કરશે. દેશમાં અને મહારાષ્ટ્રમાં જાગૃતિ લાવવા એમણે પિસ્તોલ લીધી, ઝાડુ લીધું અને કલમ લીધી. સેનાપતિ બાપટ એટલે મારે મન શિવાજી-રામદાસ-તુકારામની ત્રિમૂર્તિ. સેનાપતિ એટલે લોકમાન્ય, મહાત્માજી અને સાવરકરનું અપૂર્વ મધુર મિશ્રણ. ભક્તિ, જ્ઞાન ને સેવાની ત્રિપદા ગાયત્રી.'

દેશને બાપટે શું આપ્યું? પોતાના આચરણથી જૂના ઋષિઓનો આદર્શ લોકો સામે મૂક્યો, ગીતાધર્મનું પાલન કર્યું અને ભારતના આધ્યાત્મિક વારસાનું જતન કરી એ ભાવિ પેઢી માટે સાચવ્યો. માનવીઓ માટે મનમાં પ્રેમ રાખી એમણે ભારતની અખંડિતતાને મદદ કરી. આ બધું કરતાં એમણે મનની શુદ્ધતા છોડી નહિ, કોઈની સાથે એમણે ઝગડો કર્યો નહિ. આખી જિંદગી એમણે સત્યની ઉપાસના કરી. એમના જીવનથી ભારતીઓને જૂના ઋષિઓની ફરી એક વાર ઝાંખી થઈ. □

કાકનો કાંડ

'બનફૂલ'ના 'ગલ્પ વિતાન'માંથી

સુકન્યા ઝવેરી

કા...કા...કા...કા...

જગત્તારિણી વધુ વાર સ્થિર રહી શક્યાં નહિ. ઓરડામાંથી અતિ કષ્ટે બહાર આવી બોલ્યાં: 'હુસ્સ!'

કાગડો ઊડીને રસોડાને છાપરે બેઠો. જગત્તારિણી ખોડંગાતાં ખોડંગાતાં ફરી ઓરડામાં પેઠાં. કેટલાક દિવસથી કમરનો જરા વ્યાધિ થયો છે. કમરનો કંઈ વાંક નથી. ઉંમર પણ પાંસઠ વર્ષની થવા આવી છે.

ઘરમાં પેસીને મોં વિકૃત કરીને તેઓ બેઠાં અને ગોદડી સીવવામાં મન પરોવ્યું. લતિકાને દીકરો આવ્યો છે, તેને મોકલવી પડશે ને!

કા...કા...કા..કા...

અમંગળની આશંકાથી જગત્તારિણીનું કાળજું કંપી ઊઠયું. હાબુ, ગબુ, દેબુ, નિપુ ચારે છોકરા પરદેશ છે. નાનો દીકરો ટિપુ જોકે ઘરમાં જ છે, પણ તેનું યે શરીર સારું નથી. એમ.એ.ની પરીક્ષાની ધમાલથી શરીર દૂબળું થઈ ગયું છે. ઉપર ત્રીજે માળે ઓરડામાં સૂતો છે. નાનો પૌત્ર ટુકુ પટણા ગયો છે—ફુટબૉલની મૅચ રમવા, એ અલ્લડ અડબંગ છોકરો છે; ક્યારે શું કરી બેસે તે કંઈ કહેવાય નહિ. ઈભા, નિભા—બંને દીકરી સાસરે છે. એમનો યે બહુ દિવસથી કાગળ પત્ર નથી. નાની વહુ મુકુજ્જે મશાયને ત્યાં જમવા ગઈ છે. નીચે કોઈ નથી. નિર્જન બપોર.

કા... કા... કા... કા...

જગત્તારિણીને યાદ આવ્યું. ધણી જે બીમારીથી મરી ગયા તે બીમારી થતાં પહેલાં બરાબર આમ જ કાગડો બોલતો હતો. કેવો અશુભ શબ્દ!

કા... કા... કા... કા...

જગત્તારિણી ફરી કષ્ટ કરી ઊઠયાં; 'હુ...ઊસ્'

કાગડો ઊડી કદંબના ઝાડની ડાળે બેઠો:

કા... કા... કા... કા...

'હુસ્સ! હુસ્સ!'

કાગડો ઊડયો નહિ, પરંતુ ચૂપ થઈ ગયો અને ડોક વાંકી કરી જગત્તારિણીનું નિરીક્ષણ કરવા લાગ્યો. જગત્તારિણી સ્વગતોક્તિ કરવા માંડયાં: 'નવાન્નને* દિવસે જ્યારે પ્રસાદ ખાવા દઇએ ત્યારે કોઈનો પત્તો નહિ અને આજે આવ્યો છે મને બાળવા.'

જગત્તારિણી ઓરડામાં ગયાં. મુખવિકૃતિ સહ ફરી બેઠાં અને ચશ્માં ઠીક કરી ફરી સિવણમાં મન પરોવ્યું.

કા... કા... કા... કા...

'લોહી પી ગયો, બળ્યા મોંનો!'

કા... કા... કા... ક...

ફરી ઊઠવું પડયું. 'હુસ્સ! હુસ્સ! જા! જા!'

કાગડો બોલવા લાગ્યો: કક્! કક્! કક્! કક્!

'ભારે અવળચંડો છે બળ્યા મોંનો!'

'કક્'. 'જોઉં છું તને...'

હાથ ઊંચો કરીને જગત્તારિણીએ કંઈક છુટ્ટું મારવાનો ડોળ કર્યો. કાગડા ડોળ સમજે છે. તે એક ડાળ પરથી કૂદી બીજી ડાળ પર બેઠો અને જગત્તારિણીને ચીડવવા માટે જ જાણે તેની સામે ડોક લંબાવીને 'ર'કાર જોડી બોલ્યો: ક્રુ—ક્રુ—ક્રુ—! 'હુસ્સ!'

કાગડો ચૂપ થયો અને માથું હલાવી હલાવી સામેની ડાળ પર ચાંચ સજવા લાગ્યો.

જગત્તારિણી અસ્પષ્ટ સ્વરે બોલ્યાં: 'પાજી કર્યાંનો!' અને ઓરડામાં પેઠાં. ફરી અતિ કષ્ટે બેસી પાથરેલી ગોદડીમાં મન પરોવ્યું. થોડી મિનિટ બરાબર મન દઇને સીવ્યું હશે ત્યાં ફરી 'કાંક્—કાંક્—કાંક્—કાંક્'

હવે અનુનાસિક સ્વરે બોલતો હતો!

જગત્તારિણીએ જરા ભવાં સંકોચ્યાં, પરંતુ ઊઠયાં નહિ. 'છો બોલતો.' વારેવારે કમરની પીડાને લીધે તેઓ ઊઠી શકતાં નહિ. નાની વહુ પેલી જે જમવા ગઈ છે, તેનો હજુ લગી પત્તો નહોતો. આજકાલનાં બૈરાં રખડુ થઈ ગયાં છે.

કા... કા... કા... કા...

જગત્તારિણીએ ફરી બે ટાંકા લીધા. એમને મનમાં થયું, જાણે બોલે છે: ખા...ખા...ખા...!

અંતરાત્મા કંપી ઊઠયો. ખાટલાની ઈસનો ટેકો લઈ ફરી ઊઠવું પડયું: 'લોહી પી ગયો!'

કા... કા... કોચ્ચાક્!

'આઘો જા!'

કા... કા... કા... કા...

'આઘો જા—'

કા... કા... કા... કા...

'આઘો—આઘો—આઘો જા—'

કાઆ... કાઆ... કાઆ...

'તો રહે બળ્યા મોંના...' કહેતાં જગત્તારિણી અતિકષ્ટે દાદરો ઊતરી આંગણામાં આવ્યાં અને વધુ કષ્ટ કરી એક નાનું ઢેફું વીણી ગુસ્સાથી કાગડા તરફ ફેંકવા જતાં પોતે જ પડી ગયાં! સવારે એકાદ ઝાપટું વરસાદ આવ્યો હોવાથી આંગણામાં કીચડ થઈ ગયો હતો.

એક સબડિવિઝનલ ઑફિસરને સબડિવિઝનનાં નાનાવિધ જરૂરી કામ છોડીને, એક મુનસફને અનેક જરૂરી મુકદ્દમાની સુનાવણી મુલતવી રાખીને, એક હાઈસ્કૂલના હેડમાસ્તરને બહુવિધ કર્તવ્ય સ્થગિત કરી દઇને અને એક ડાક્તરને અનેક સખત બીમાર રોગીઓને છોડીને ભાગતાં આવવું પડયું—બધાંને જ સપરિવાર. નિભા દાનાપુરથી ને ઈભા કલકત્તાથી ઘરસંસાર મૂકીને, પુત્રપુત્રીઓ સાથે આવીને હાજર થયાં. પૌત્રી લતિકા પણ તેના કુમળા દીકરાને લઇને આવી પહોંચી. ટુકુની ફુટબૉલ મૅચ ડ્રૉમાં પરિણમી હતી, ટુકુ જ દળના મેરુદંડરૂપ, પરંતુ ટેલિગ્રામ મળતાં સમસ્ત દળને મેરુદંડહીન કરીને તે પણ ચાલ્યો આવ્યો. ટિપુએ ચારે બાજુ ટેલિગ્રામ કરી દીધા હતા: Mother Seriously ill. Come immediately.

અત્યારે તો લાગે છે કે એટલું સીરિયસ નથી. હાડકુંબાડકું ભાંગ્યું નહોતું. કમરમાં જ જરા પછડાટ લાગી ગયો હતો. પડતાંવેંત બેભાન થઈ ગયાં હતાં એ સાચું, પણ ડાક્તર કહેતા હતા કે એ તો અશક્તિને લીધે. બરાબર આગલે દિવસે જ નિર્જળા એકાદશી હતી.

બહુ સમય પછી પુત્ર-પુત્રી, પૌત્ર-પૌત્રી વગેરેને એકત્ર જોઈ જગત્તારિણીનું મુખ આનંદથી ચમકી ઊઠયું હતું. કમરની વ્યથા તો જાણે અર્ધીક તો સારી થઈ ગઈ હતી. તેઓ તકિયાને ટેકે, બધાંની મનાઈ છતાં, ધીરેધીરે ઊઠીને બેઠાં અને સ્નેહભર્યા સ્વરે બોલ્યાં: 'તમને બધાંને આમ મૂકીને હમણાં જાઉં તો મને શાંતિ.'

ટિપુ બોલ્યો: 'સારે નસીબ હું તે જ વખતે ઉપરથી નીચે આવ્યો હતો. નહિ તો તો કોણ જાણે શું યે થાત?'

મોટો દીકરો—જે એસ. ડી.ઓ. તે બોલ્યો: 'ત્યારે જ મેં કહ્યું હતું કે આંગણું યે પાકું ભલે થઈ જાય; પણ તમે બધાં જ આડાં પડયાં.'

બીજો દીકરો ગબુ—જે મુનસફ—તેણે કહ્યું: 'આજે જ હરેન ઓવરસીઅરને બોલાવીને આંગણું પાકું બાંધવાની વ્યવસ્થા કરો—પણ જો જો! ખૂબ પૉલિશ ન કરાવતા.' ત્રીજો દીકરો દેબુ—હેડમાસ્તર—બોલ્યો: 'તે બરાબર.'

ચોથો દીકરો નિપુ—ડાક્તર—તેણે બ્લડપ્રેશર માપવાનું યંત્ર લઈને પ્રવેશ કર્યો અને બોલ્યા: 'એકવાર બ્લડ પ્રેશર માપવું જરૂરી છે.'

બહારના વરંડામાં છોકરાં કલબલાટ કરતાં હતાં. બધાંને આવરી લેતો હતો લતિકાના દીકરાનો ઘાંટો. જગત્તારિણી હસીને બોલ્યાં: 'અરે લતિ! તારા છોકરાનો ઘાંટો તો ખૂબ મોટો છે ભઈ, લઈ આવ જોઉં એને મારી પાસે!'

સમસ્ત ઘટનાનું મૂળ પેલો કાગડો બાજુના ઘરને છાપરે બેઠો બેઠો વિવિધ ભંગિથી બોલતો હતો: 'ક્ર—ક્રક્—ક્રર્ર્' પરંતુ ઘોંઘાટમાં તે જગત્તારિણીને કાને પડયું નહિ. □

---

* નવાન્ન: હેમંતમાં ધાન કાપ્યા પછી હિંદુમાં માગશર માસમાં નવા ચોખા ખાવાનું એક પર્વ,

ખગોળશાસ્ત્રની નવી જ શાખા

ગામા રે ઍસ્ટ્રોનૉમી

રેડિયો-ઍક્ટિવ અણુકેન્દ્રોને ઉત્તેજિત કરાતાં, કે એમના ક્ષય દરમિયાન, જે શક્તિશાળી વિદ્યુત-ચુંબકીય વિકિરણ ઉદ્ભવે છે એને 'ગામા' કિરણો કહે છે. આ કિરણોને ઘણી વાર ટૂંકી તરંગ-લંબાઈવાળાં ક્ષ-કિરણો પણ કહે છે. ગામા કિરણો ક્વૉંટાઈઝડ (Quantized) યુનિટમાં ઉત્સર્જિત થાય છે, જેને ફોટોન્સ કહે છે. આમ, એ કિરણોને તરંગ-લંબાઈમાં નહિ પણ અનુરૂપ ફોટોન શક્તિમાં લખવાનો રિવાજ છે.

તાજેતરમાં અવકાશમાં આવાં ગામા કિરણો ઉત્સર્જિત કરતા કેટલાક બિંદુ-સ્રોતો મળી આવ્યા છે. એવું મનાય છે કે આપણા તારાવિશ્વમાં ગામા કિરણો ઉત્સર્જિત કરતા સ્રોતોનું પ્રમાણ સૌથી વધારે છે. અમેરિકાના 'નાસા'નો દ્વિતીય 'સ્મૉલ ઍસ્ટ્રૉનૉમી સૅટેલાઈટ' અને યુરોપીઅન સ્પેસ રીસર્ચ ઑર્ગેનાઈઝેશનનો 'થોર-ડેલ્ટા-૧' (Thor-Delta-1) એ બંને ઉપગ્રહો આવાં કિરણોનું ઉદ્‌ગિરણ કરતા સ્રોતોની એક વિસ્તૃત મોજણી કરીને નકશો તૈયાર કરશે.

ગામા કિરણો ૫૦×૧૦⁶ ઈલેક્ટ્રૉન વોલ્ટ (એટલે કે ૫૦ મિલિયન ઈલેક્ટ્રોન-વૉલ્ટસ, ટૂંકમાં ૫૦MeV) જેટલી અતિ ઉચ્ચ શક્તિ દર્શાવતાં હોવાથી એમને લગતા ખગોળશાસ્ત્રને 'ઉચ્ચ કાર્યશક્તિ (High energy) ખગોળશાસ્ત્ર' કહે છે. રેડિયો-ખગોળશાસ્ત્ર, ક્ષ-કિરણ ખગોળશાસ્ત્ર ને છેલ્લે વિકસેલા ન્યૂટ્રિનો ખગોળશાસ્ત્ર જેવી ખગોળશાસ્ત્રની અન્ય શાખાઓ પછી આ 'ગામા રે ઍસ્ટ્રૉનૉમી' તદ્દન નવી જ શાખા કહી શકાય.

ગામા કિરણો અને પ્રકાશનાં દશ્યમાન કિરણો વચ્ચે મહત્ત્વનો ફેર છે. આ તફાવત મુખ્યત્વે એ બંને જ્યારે કોઈ પદાર્થો સાથે અથડાય છે ત્યારે વધુ સ્પષ્ટ થાય છે. જ્યારે પ્રકાશનું કોઈ કિરણ દ્રવ્ય (matter) સાથે અફળાય છે, ત્યારે એની શક્તિ દ્રવ્યમાં પહેલેથી જ અસ્તિત્વ ધરાવતા ઈલેક્ટ્રોનમાં રૂપાંતરિત થાય છે. ગામા કિરણની બાબતમાં આવું નથી થતું, જ્યારે તે દ્રવ્ય દ્વારા શોષાય છે ત્યારે એમાં ઇલેક્ટ્રોન-પોઝિટ્રોનની જોડ (pair) આકાર લે છે. હકીકતે તો ગામા કિરણોની હાજરીની અટકળ આ ઇલેક્ટ્રોન-પોઝિટ્રોનની જોડ પરથી જ કરી શકાય છે.

ઑપ્ટિકલ સ્પાર્ક ચેમ્બર નામના ભૌતિકશાસ્ત્રમાં વપરાતા ઉપકરણની સહાયથી ગામા કિરણોને પારખી શકાય છે. આમાં વાતાવરણના જેટલા દબાણે હિલિયમ ને નીઓન વાયુઓના મિશ્રણ ભરેલા એક કક્ષમાં ધાતુની પ્લેટની છાજલીઓ (layers) ગોઠવેલી હોય છે, જે ઉચ્ચ વોલ્ટેજે ઝડપથી આવેશિત (cbarged) થવાની ક્ષમતા ધરાવે છે. પછી જ્યારે ગામા કિરણ-ફોટોન, આ ધાતુની પ્લેટ સાથે ટકરાય છે, ત્યારે ઇલેક્ટ્રોન-પોઝિટ્રોનની જોડ ઉદ્ભવે છે. આ જોડ ખસતી રહીને પોતાનો માર્ગ દર્શાવતી રહે છે. આમ, ચમકારાની એક શ્રેણી (series) રચાઈ રહે છે. આ તણખાઓ (sparks)નો ફોટો પાડી શકાય છે, અને તે રીતે ગામા કિરણની મૂળ દિશા અને શક્તિ નિર્ધારિત કરવામાં સુગમતા રહે છે.

ગામા કિરણોથી જ્યારે કેટલાક પદાર્થોને ઝળકાવવામાં આવે છે ત્યારે, તેમ જ જ્યારે પ્રકાશથી વધુ વેગવાળા વીજભાર કણો કોઈ પારદર્શક માધ્યમમાંથી પસાર થાય છે ત્યારે એમાંથી જે નીલા-ભૂરા રંગનું વિકિરણ ઉદ્ભવે છે, એને રશિયાના નોબેલ ઈનામ વિજેતા વૈજ્ઞાનિક પાવેલ સેરેન્કૉવના નામ ઉપરથી 'સેરેન્કૉવ રેડીએશન' કહે છે. પાણી ધરાવતી બધી જ પરમાણુ ભઠ્ઠીઓ (atomic reactors)ની આસપાસ આવો પ્રકાશ જોઈ શકાય છે. આ વિશિષ્ટ વિકિરણને ઝડપતા ઉપકરણને સેરેન્કૉવ ડિટેક્ટર—સેરેન્કૉવ પરિચાયક કહે છે, જેની મદદથી ગામા કિરણોની હાજરી જાણી શકાય છે. આ ઉપરાંત, સ્ફુરણ પરિચાયક (Scintillation detector) નામનું એક અન્ય ઉપકરણ પણ ગામા કિરણોની હાજરી જાણી શકાય છે.

ગામા કિરણો સૌર પરિવાર (Solar system)ની બહારથી આવે છે કે પછી પૃથ્વીના વાતાવરણમાંથી ઉદ્ભવે છે એ નક્કી કરવામાં એક મુશ્કેલી નડે છે, કારણ કે પૃથ્વીના વાયુમંડળ સાથે જ્યારે કૉસ્મિક કિરણો (બ્રહ્માંડ કિરણો) અફળાય છે ત્યારે પણ ગામા કિરણો ઉદ્ભવતા જણાયા છે. આથી ગામા કિરણો ઉત્સર્જિત કરતા સ્રોતોનું સ્થાન નિર્ધારિત કરવું ઘણી વાર દુષ્કર બની જાય છે. પૃથ્વીના વિષુવવૃત્તીય પ્રદેશમાંના ચુંબકીય ક્ષેત્રને પરિણામે અંતરીક્ષમાંથી આવતાં કૉસ્મિક કિરણો ત્યાંથી વંકાય છે. એટલે કૉસ્મિક કિરણોથી બનતાં ગામા કિરણોનો વિષુવવૃત્તીય પ્રદેશમાં અભાવ હોય છે. આથી અંતરીક્ષમાંનાં ગામા કિરણોના અભ્યાસ માટે આ પ્રદેશ વધુ અનુકૂળ છે. અને પૃથ્વીના વાતાવરણને પરિણામે અભ્યાસમાં વિક્ષેપ પડે છે. એ માટે બલૂનો ને ઉપગ્રહોનો આશરો લેવાય છે.

પ્રયોગોથી એવું જણાયું છે કે ગામા કિરણોના સ્રોત પૃથક્ (discrete, વિવિક્ત કે અસતત) તેમ જ વિસરિત (diffuse, અસ્ફુટ) હોય છે. ફ્રે અને હોપર નામના વૈજ્ઞાનિકોએ ઑસ્ટ્રેલિયામાં બલૂનો ઉડાડીને કરેલા પ્રયોગો દ્વારા ગામા કિરણોના ચાર જુદાજુદા સ્રોતો શોધી કાઢ્યા છે. આ પૈકીના બે આપણા તારાવિશ્વના મધ્યમાં અર્થાત્ મંદાકિનીય કેન્દ્ર (galactic centre)ની દિશામાં તથા બાકીના બેમાંથી એક ધન રાશિના તારામંડળની દિશામાં અને બીજો તુલા રાશિના તારામંડળની દિશામાં આવેલો છે. તુલા તારામંડળમાંનો સ્રોત તો ચલાયમાન (Variable) જણાયો છે એટલે કે સમયેસમયે એની પરથી આવતા ગામા કિરણોના ઉદ્ભવમાં ફેરફાર થતો રહે છે.

આપણા તારાવિશ્વની મધ્યમાં ગામા કિરણોનો પ્રવાહ આકાશના અન્ય ભાગ કરતાં ચાર ગણો વધારે હોવાની બાતમી 'ઑર્બિટિંગ સોલર ઑબ્ઝરવેટરી-૩' (OSO-3) નામના એક ઉપગ્રહે આપી છે. ગામા કિરણોના આ વધુકા પ્રમાણનું કારણ આ સ્રોતો પૃથક્ છે એટલે, કે પછી એના સિવાય કોઈ બીજાં કારણો છે-એ, અધૂરી માહિતીને લઈને હાલને તબક્કે ચોક્કસ કહી શકાય નહિ.

અંતરીક્ષમાં ગામા કિરણો કેમ અને કેવી રીતે ઉદ્ભવતા હશે એ અંગે ઘણી બધી કલ્પનાઓ રજૂ કરવામાં આવી છે, પણ એ બધી સર્વસ્વીકૃત કે સર્વસંમત નથી. મોટાભાગના વૈજ્ઞાનિકો માને છે કે ન્યૂટ્રલ (તટસ્થ) પાઈ મેસોન અથવા સંક્ષેપમાં ન્યૂટ્રલ પાયોન સંજ્ઞામાં π^0 meson) જેવો મૂળભૂત-મૌલિક કણ (ફંડામેન્ટલ પાર્ટિકલ) આ માટે જવાબદાર હોવો જોઈએ. અને એ મધ્યવર્તી અવસ્થા (intermediate stage) દરમિયાન ઉદ્ભવતો હોવો જોઈએ. તારાવિશ્વના કેન્દ્રમાં મોટા પ્રમાણમાં આંતરતારકીય હાઈડ્રોજન આવેલો હોવાનું આપણે જાણીએ છીએ. આ હાઈડ્રોજન સાથે જ્યારે કૉસ્મિક કિરણ-ફોટોન્સ અથડાય છે ત્યારે મોટા પ્રમાણમાં મેસોન્સ ઉદ્ભવતા હોવાનું જણાયું છે. આ પ્રત્યેક ન્યૂટ્રલ પાયોન અથવા ન્યૂટ્રલ પાઈમેસોન પછી બે ગામા કિરણ-ફોટોનમાં ક્ષય પામે છે; અને આ રીતે ગામા કિરણ અસ્તિત્વમાં આવે છે. આ વખતે પુષ્કળ કિરણોને લઈને ૧૦૦ MeV (૧૦૦ મિલિયન ઈલેક્ટ્રોન વોલ્ટસ) જેટલી યા એથી એ વધુ શક્તિ પેદા થતી હોવી જોઈએ એવું ચકાસણી દ્વારા નક્કી થયું છે.

હાલને તબક્કે તો એટલું કહી શકાય કે 'ઉચ્ચ કાર્યશક્તિ ખગોળશાસ્ત્ર' અથવા તો 'ગામા રે ઍસ્ટ્રૉનૉમી' નામની ખગોળશાસ્ત્રની આ નવી શાખાનો ભલે કશો વ્યાવહારિક ઉપયોગ ન જણાય, પણ એથી કાંઈ એના સૈદ્ધાંતિક-મહત્ત્વમાં કશો ઘટાડો થતો નથી. (ડૉ.) સુશ્રુત પટેલ

કસુંબલ રંગ

ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર



લેખક
કનુભાઈ જાની

૧૦ • ઉજાગરા અને રખડપાટ

'સૌરાષ્ટ્ર'ના ખાખીઓ સૌ એક પરિવારની માફક રહેતાં. પોશાક પણ એક જ પ્રકારનો પહેરતા. ખાદીનાં ધોતિયાં, કફની ને સફેદ ટોપી, ઉપર ક્યારેક શાલ. કામ વહેંચેલું, ને પૂરું કરવાનો સમય નિયત. પણ રોજના કામના કલાકો નક્કી નહિ. નિયત કામ પૂરું કરવા કોઈને ઉજાગરા પણ કરવા પડે. છતાં ઘણુંખરું સાંજ પડ્યે બધા રાણપુરની સૂકી નદીના વિશાળ પટ પર જમાવે. ક્યારેક પડોશીઓ વાતે વળગે. ડૉ. નરસિંહ મૂ. શાહ લખે છે કે કાળિદાસભાઈ રાતે એમના અનુભવો ઘણી વાર સંભળાવતા ('ઊર્મિ', એપ્રિલ ૧૯૪૭, પૃ. ૭૭). વળી લખે છે: 'મેઘાણીભાઈ અને હું રાણપુરમાં પાડોશી હતા. આ સંબંધ ખૂબ જ મીઠો હતો. મેઘાણીભાઈ પડોશીની ફરજ બજાવવાનું કદી ચૂક્યા નહોતા. તેમનું જીવન સાદું અને નિયમિત હતું. સવારમાં વહેલા ઊઠી, બધું પતાવી, કાર્યાલયમાં નિયમિત હાજર હોય. વિલાયત જઈ આવેલાઓમાં જે અમુક પ્રકારની આછકલાઈ હોય છે તે મેઘાણીભાઈમાં મેં કોઈ દિવસ જોઈ નહોતી. તેઓ શારીરિક શ્રમમાં કોઈ દિવસ ઓછા ઊતરતા નહિ. આ કામ હલકું અને આ કામ ઊંચું, એવું તેમણે કોઈ દિવસ ગણ્યું ન હતું. ગુરુવારે રાત્રે 'સૌરાષ્ટ્ર'નો અંક તૈયાર થઈ જાય કે શુક્રવારે તેનું પૅકિંગ કરવા સૌ બેસતા અને દાળિયા-ગોળનો નાસ્તો થતો. મેઘાણીભાઈ કહેવા કરતાં કરી બતાવતા.' ('સ્ત્રીજીવન', જૂન ૧૯૪૭, પૃ. ૫૩૮).

સવારમાં સૌ વહેલા ઊઠી, દાતણપાણી પતાવી, સાથે ચાનાસ્તો કરી, તંત્રીની આસપાસ ગોઠવાતા. થોકડોએક પત્રોને ફાળવવાનું કામ ચાલતું. પછી સૌ કામે ચડી જતા. બપોરના જમવાનો કલાકેક બાદ કરતાં છ વાગતા. મેઘાણીને લીધા તો હતા સાહિત્યની શાખા ચલાવવા, છતાં સમાચારોમાં પણ એ રસ લેતા. ક્યારેક એમની અને 'સુશીલ' વચ્ચે સમાચારો બાબતમાં ચર્ચા ચગતી. 'સુશીલ' એમનો અનુભવ કહેતા: 'આ તો દેશી રાજ્યો. સાચા સમાચારો બહાર આવવા જ ન દે, થોડીક વિકૃતિ તો આવવાની જ. એટલે, સાચા પુરવાર ન થાય ત્યાં સુધી છાપવા જ નથી કરીને બેસી રહીએ તો તો સમાચાર છાપી જ રહ્યા!'

'ત્યારે શું અર્ધસત્ય છાપવાં?' મેઘાણી પૂછતા.

'એક વાર તો જે મળે તે પ્રગટ કરવા જ. થોડોકે ય પ્રકાશ પડે.'

'એ કેમ બને?'

'ખોટા હશે તો અધિકારીવર્ગ આ કુડા ખુલાસો કરશે—કે બીજા કરશે.'

મેઘાણી ગર્જી ઊઠતા: 'ભાઈ, એ કામ ન આવે. આપણે તો બનતાં સુધી સાચા સમાચારો મેળવવા ને પ્રગટ કરવા આગ્રહ રાખવો જોઈએ. આપણા સમાચાર એ માત્ર સમાચાર નથી, પણ નાનીનાની તંત્રીનોંધ છે. એમાં અસત્ય ભળે તો મેલું પાણી પાયઃ બરોબર ગણાય.' ('સ્ત્રીજીવન', જૂન ૧૯૪૭, પૃ. ૪૬૫)

પત્રના કામમાં પણ ઠીકઠીક ખૂંચતા ગયા હતા. નવુંનવું વાંચી દર અંકે એ આપવાનું માથે લીધું હતું. મેઘાણી કહે છે: 'મારા લખેલા એવા લેખો માંહેલો એક લેખ મને આજે પણ યાદ આવે છે: 'એશિયા જાગે છે.' Rising Temper of the East નામના પુસ્તકનો એ ચાર કટારોમાં પૂરેલો નિચોડ...' ('ઝ. મે. સ્મ.' પૃ. ૪૫). કેટલાક વિભાગો પણ સંભાળ્યા હતા. સમાચારોની તારવણીમાં ને તંત્રીલેખોમાં ય રસ લેતા. કો'કે માથે લીધેલું કામ પણ ક્યારેક પોતે વહોરી લેતા! અમૃતલાલભાઈ એક પ્રસંગ યાદ કરે છે: 'અમારા "સૌરાષ્ટ્ર" કાર્યાલયમાં અગ્રલેખો અને નોંધો લખવાનો એક શિરસ્તો હતો કે શું શું લખવા જેવું છે એની નોંધ બધા કરી રાખે. પછી બધા એકઠા થઈએ, અને શું લખવું છે એ નક્કી કરીએ. જે લખાણોમાં કાયદો ચર્ચવાનો હોય કે ખૂબ દલીલ કરવાની હોય તેવી વસ્તુઓ સામાન્ય રીતે હું લખતો. પણ એવી વસ્તુઓ પણ જ્યારે એમને સોંપાતી ત્યારે તે એવી અદ્ભુત રીતે લખતા કે મને એમ થતું કે આ લખાણ મેં લખ્યું હોત તો આના દસમા ભાગની પણ સચોટતા કે સ્પષ્ટતા આવી શકત નહિ. ખાસ કરીને 'તલવાર યુગ પછી' એ નામની લેખમાળા હજી યે મને યાદ છે.

એ વિષય મારો પોતાનો હતો. એની બધી હકીકતો અને વિચારસામગ્રી મેં એકઠી કરી રાખેલી. એ ઉપર એક લેખમાળા લખવાનો વિચાર મેં મારા સાગરીતોને કહ્યો. પોતપોતાની વિચારણા ત્યાં અમે સૌ એક નાનકડા ભાષણની રીતે કહેતા. મેં મારી આ વિચારણા એક લાંબી દલીલપૂર્ણ અને કાવ્યમય ભાષામાં કહી અને કહ્યું કે 'આ બધું હું એક લેખમાળામાં હવે લખી કાઢીશ.' શ્રી ઝવેરચંદભાઈ પહેલાં તો કાંઈ બોલ્યા નહિ. પછી કહે: "ભાઈ, હું જરા આના ઉપર હાથ ચલાવું. મને આ વસ્તુ બહુ ગમી ગઈ છે." મારી ઇચ્છા તો હું પોતે જ લખું એવી હતી. છતાં યે મેં કહ્યું: "બહુ સારું. તમે લખો; પણ મને લાગે છે કે એ આખો ઇતિહાસ, એ ચિત્ર અને એ કલ્પનાઓ મને વધારે બંધબેસતી થાત.' પછી તેઓ એક લેખ લખી લાવ્યા. અને મારું અભિમાન ગળી ગયું." ('ઊર્મિ' એપ્રિલ ૧૯૪૭, પૃ. ૩૫).

પોતાનું સ્વમાન જળવાય એમ મેઘાણી કામ કરતા. એક વાર કોઈ મહેમાન મુંબઈથી આવેલા. એમનાથી સંસ્થાને ઠીકઠીક આર્થિક ફાયદો થાય એમ હતો. ચાપાણી કરતાં અમૃતલાલભાઈએ મહેમાનને ગીતો સંભળાવવા મેઘાણીને બેચાર વાર ઈશારો કર્યો. ત્યારે એમણે મક્કમતાથી પણ વિનયપૂર્વક એ વાત ટાળી. ('ઊર્મિ', એપ્રિલ ૧૯૪૭, પૃ. ૪૨) મેઘાણીનું હીર 'ભાઇ' પારખી ગએલા. તેમાં જતાંવેંત પોતાની પાસેની 'કુરબાનીની કથાઓ'ની હસ્તપ્રત એમને મેઘાણીએ આપી. સાંજે ફળિયામાં મોટે સાદે એ કથાઓ અમૃતલાલભાઈ સૌને વાંચી સંભળાવતા.

પછી 'સૌરાષ્ટ્ર સાહિત્યમંદિર'ની યોજના થઈ. તેનું આ પહેલું પ્રકાશન. મેઘાણીએ પોતે એને લાડથી ઓળખાવ્યું છે: 'લેખનને વ્યવસાય અથવા 'કરીઅર' લેખે અપનાવ્યા પૂર્વે ઘૂંટેલ આ મારા પ્રથમાક્ષરો છે... મારી આ પહેલવહેલી કૃતિ... આ મારું પહેલું પુસ્તક હતું એટલું જ કહેવું બસ નથી. આ પુસ્તકે જ મારા માટે ગુજરાતી વાચકજગતમાં અજવાળું કરી આપ્યું એ ગુણ હું કેમ ભૂલી શકું?... આ પુસ્તકનો પ્રત્યેક પાઠ મારી મજલના પ્રથમ પ્રયાણનો ખાંભો બની રહ્યો છે...' ('કુરબાનીની કથાઓ'ની ૧૪મી આવૃત્તિની પ્રસ્તાવનામાં.)

એ બહાર પડતાં, ત્રણ જ માસમાં એની બીજી આવૃત્તિ કરવી પડી—એટલો સત્કાર એ પામી. મૂળ રવીન્દ્રનાથની કૃતિમાં 'કથા'-વિભાગમાં ૨૫ ને 'કાહિની'માં ૯ થઈને કુલ ૩૪ પદ્યકૃતિઓ છે. તેમાંથી અઢાર ને 'નાટ્ય-કવિતામાંથી બે-એમ કુલ વીસ કૃતિઓનો આ 'સ્વતંત્ર રંગપૂરણી'વાળો ગદ્યાનુવાદ મેઘાણીએ કર્યો છે. આ 'સ્વતંત્ર રંગપૂરણી'માં મૂળનાં લાઘવ, ધ્વન્યાત્મકતા જળવાતાં નથી. 'માથાનું દાન' જેવી કૃતિ તો મૂળથી ઠીકઠીક દૂર ચાલી જાય છે—રૂપાન્તર બની જાય છે. ભવિષ્યમાં રૂપાન્તરકળાની જે ફાવટ મેઘાણીને આવી તેનું આ મંગલાચરણ.

ક્યારેક આ કે ક્યારેક નવું લખાતું તે સાંજના કુટુંબમેળામાં વંચાતું-ગવાતું. ક્યારેક સ્ત્રીવર્ગનાં શીઘ્ર સમ્મેલનો ગોઠવાઈ જતાં. અપ્રગટ

હરિઃ ૐ આશ્રમ તરફનું
જુલાઈ અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'ચૈતન્યપ્રસાદ દીવાન'ના લેખક
ધીરુભાઈ પરીખને મળે છે

'મેઘાણી-ચરિત્ર'ના આઠમા પ્રકરણમાં શ્રી કપિલભાઈ લખે છે: 'દમયંતીબહેનને ...આવા મંડળમાં સંકોચ વગર ભળવાનું ગમે ઓછું. મોટે ભાગે ઘરની બહાર નીકળે નહિ...કોઈ આગળ મત મૂકીને વાત કરે નહિ... ઘરમાં ભરાઈ રહે... સાસુ સાથે પણ બહુ ઓછું બોલે.' ઝવેરભાઈને કોઈ કામ કરવામાં નાનમ નહિ. કપડાં ઘણી વાર એ જ ધોવે. પત્નીનાં કપડાં પણ ધોવે. સાસુવહુના સ્વભાવભેદે ચણભણ-ચણભણ થયા કરે. પણ ઝવેરભાઈ કોને કહે?

વળી ઘરને ખૂંટે બંધાઈને, એ રસી ફેરવે એટલું જ ફરનાર 'ઘરછાડા' એ નહોતા. એ માનતા: '...સાહસબુદ્ધિની શું એકલા વેપારમાં, ઉદ્યોગ-વિજ્ઞાનશોધમાં જ જરૂર પડે છે, ને સાહિત્યમાં નહિ? વાણીવ્યાપાર એ શું આરામખુરશીની વસ્તુ છે? એથી કદાચ ઊલટું જ છે. વાણી તેજ પકડતી નથી, કારણ કે વાણીને આપણે ઘરના એકાદ શીતળ સુંવાળા ખૂણામાં મેજ કે ગાદીની જોડે જકડી રાખી છે.' ('પરકમ્મા', પૃ. ૧૯૬).

'સૌરાષ્ટ્ર'નો અંક પૂરો થાય એ જ દિવસે ઝવેરભાઈની સાહિત્યખેપ શરૂ થતી, અને દમયંતીબહેનને માટે ત્રણ દિનનો પ્રતિ સપ્તાહે નિર્મિત નિશ્ચિત વિયોગ. બન્નેને એકબીજા માટે ઘણી જ લાગણી હતી. એક શુક્રવારની પરોઢનો પ્રસંગ મેઘાણીભાઈએ સંભાર્યો છે: 'પ્રવાસે તો દર શુક્રવારે પરોઢની ટ્રેઈનમાં ચડી જતો. એવું એક પરોઢ—ચાર વાગ્યાનો સમય સાંભરી આવે છે. અંધારિયું હતું. સ્ટેશને ઊભો હતો. ગાડી આવી ને ઘેરથી પાછળ...દોડતી આવી. 'આ લ્યો ઘડિયાળ. ભૂલીને આવ્યા છો!'

પૂછયું: 'અરે, આ ભયાનક અંધકારમાં તું છેક ઘેરથી આવી શી રીતે?' કહે: 'ચાલતી, દોડતી!' રાણપુરનો ઘરથી સ્ટેશન સુધીનો મારગ, તે વેળાએ તો આજે છે તેથી ય ભેંકાર હતો. ફાળ ખાતો ગાડીએ ચડયો હતો. તાજી પરણેતર, મુંબાઈ શહેરની સુકુમારી, એક બાળક. બન્નેને ફફડતાં મૂકીને, નીરસ ધૂડિયા વાતાવરણમાં ધકેલી દઈને, દર અઠવાડિયે ચાલી નીકળતો.' ('પરકમ્મા', આ. ૨, પૃ. ૧૨) એ સાપ્તાહિક પ્રવાસ વિષે અમૃતલાલભાઈ કહે છે: '...ઊપડે; બરડાના ડુંગરો, ગીરના નેસડા, બાપુઓના દાયરા અને ચારણોના વાસોમાં એ આથડતા. કોઈ વાર ઊંટ ઉપર સવારી કરે, કોઈ વાર ઘોડા ઉપર નીકળી પડે, રગશિયાં ગાડાંનો આશ્રય લે, નાનકડાં દેશી વહાણોમાં દરિયાની સફર કરે, પણ વસ્તુનો તાગ લે... પછી જ એના ઉપર પોતાની પસંદગીની મહોર મારે.' ('ઊર્મિ' એપ્રિલ ૧૯૪૭, પૃ. ૩૩).

'સૌરાષ્ટ્રે' કરી આપેલ આ પ્રવાસવ્યવસ્થાએ મેઘાણીને અકળ માનવલીલા ને સબળ ભાતીગળ વાણીના સંપર્કમાં આવવાની તક પૂરી પાડી; જીવનસામગ્રી બક્ષી. પોતે કહે છે: 'એ જીવનસામગ્રીની વિપુલ પ્રાપ્તિ જો ન થતી રહી હોત તો એકલી વાણીનો સંગ મને કંગાલ કરી મૂકત, વેદિયો બનાવત. જૂની અને નવી બન્ને વાણીમાં આજે રમણ કરવું ગમે છે. વાક્યો ને શબ્દો વિધવિધ ધ્વનિઓ ધારણ કરી અંતરમાં અજવાળાં પાથરી રહે છે, કારણ કે માનવસંપર્ક તૂટયો નથી. માત્ર વાર્તાના વીરો અને નાટકોના નાયકોથી કામ ન ચાલ્યું હોત. જીવનના મૂગા વીરો ને નાયકો જોવા સમજવાને મળ્યા છે.' ('પરકમ્મા', પૃ૦ ૭૬)

એ પ્રવાસોની ઝડપી નોંધો પણ એ રાખતા. એ પ્રવાસ ક્યારેક અમૃતલાલભાઈ જેવા સાથે મારતી મોટરે પણ થતો. તો નોંધ પણ મોટરિયા શૈલીએ મારતી ગતિની થતી—માત્ર ગામો જે પસાર થતાં તે: 'અણિયાળી, કેરિયા, ધારપીપળા,...' એમ હારબંધ નામો. પછી ટપકાવે: '—ગરાસિયા વિલાસી, નિરુદ્યમી.—કાઠીઓ ગરીબ, વિનયશીલ ...વિસામણ ભગતનો પીપળો. પનિહારી કહે: 'પાણી આંઈ કેમ ખૂટે? આંઇ તો વિસામણ ભગતનો પીંપળો છે. ખબર છે?' ('પરકમ્મા', પૃ૦ ૧૩). દોડતી ટ્રેને ગીતો ટપકાવે. ડુંગરિયા ગઢ-કિલ્લાના અવશેષો વગેરે યાદ રાખવા જેવું કાંઈક લાગે તો નોંધપોથીમાં ચિતરામણો પણ કરે! વર્ષો પછી એ જોઈને પોતાની ઠેકડી ઉડાડે છે: 'ભીમોરાનો ગઢ ચીતર્યો છે! નિનામાના ગઢને એક નદીકાંઠે ઊભો કર્યો છે! ઊંચી ઊંચી ભેખડ પર ઊભેલું અમારા સ્વ૦ કાઠી મિત્ર દરબાર શ્રી કાંથડ ખાચરનું રેશમિયું આ કળાકારની પેનસિલને લીંટોડે ખડું થયું છે! ઠાંગનાથ મહાદેવની એક દેરીને એક ડુંગરના પેટાળમાં ધજા સહિત દેખાડી છે. પ્રશ્ન ફક્ત એટલો જ રહે છે કે મેં આલેખેલું એ તે ડુંગરનું પેટાળ છે કે કોઈ સ્ત્રીનું ઝંટિયે ઝૂલતું માથું છે, એ તો સોવીએટ કલાકારોની કદરનો વિષય છે. ભવિષ્યમાં કોઈ ભક્ત મારી આ હસ્તપ્રતને પણ મૉસ્કો નહિ લઈ જાય?' ('પરકમ્મા', પૃ૦ ૧૫) પરંતુ આ વિનોદથી એમના પ્રયત્ન પાછળની નિષ્ઠાની કિંમત ઓછી આંકી શકાય એમ નથી. આ પ્રવાસપોથીઓ શૈલીની દૃષ્ટિએ જ નહિ, સ્વરૂપ ને વસ્તુ બન્ને દૃષ્ટિએ પણ અતિમૂલ્યવાન છે.

આ નોંધોમાં ક્યારેક દમયંતીબહેને પણ સાથ આપ્યો છે. એની વિગત એ મૂલ્યવાન નોંધપોથી 'પરકમ્મા'માં છે. ઘરના મોટા ભારણ છતાં, અરધા અઠવાડિયાની કાયમી વિયોગવ્યવસ્થા છતાં, એ દરમિયાન ઘરના વિવિધ સ્વભાવને મૂંગે મૂંગે નભાવવાના હતા છતાં, પતિની પ્રવૃત્તિઓમાં એ ઠીકઠીક ભળેલાં, એ ભૂલવા જેવું નથી.

આ પ્રવાસોમાં નિરાંત નહોતી. પાછા સમયસર 'સૌરાષ્ટ્ર'ની કામગીરીએ ચડી જવાની તાણ રહેતી—ઊંઘ ઊડી જાય એવી તાણ. એવા એક આરંભના પ્રવાસનું સ્મરણ મનુભાઈ જોધાણીએ આપ્યું છે. ભીમનાથને સ્ટેશને સવારે મનુભાઈએ જ ભીડ વચ્ચે આ યુવાનને મોટરે ચડાવ્યો ને બરવાળે મોકલ્યો. પોતે ધંધુકાથી રાત્રે ઘેર બરવાળે આવ્યા ને જોયું તો એ જ ભાઈ! 'દિવસ દરમિયાન એણે બધે ફરીને ઘેલાશાહને લગતી હકીકતો એકઠી કરી લીધેલી. કોટ જોઈ લીધેલો. ઘેલાશાહના વંશજોને મળી લીધું હતું. રોકાવાનો આગ્રહ કર્યો છતાં ન રોકાયો. કહે "મારે તાત્કાલિક આ મૅટર કાલે ને કાલે આપી દેવાનું છે. પરોઢિયે ત્રણ વાગ્યે ગાડામાં નીકળી, છ વાગ્યાની ગાડી પકડી, કાલે નવ વાગ્યે રાણપુર પહોંચવું જ રહ્યું." ગાડું કર્યું. વહેલી પરોઢે નીકળ્યા. પણ 'ભીમનાથ સ્ટેશન માઈલેક દૂર રહ્યું ત્યાં તગડી સ્ટેશનેથી ગાડી ઊપડવાની વ્હિસલ અમે સાંભળી. તગડી-ભીમનાથ વચ્ચે માંડ દસ મિનિટનો રસ્તો. કોઈ વિચાર કર્યા વિના મેઘાણીભાઈ ગાડેથી કૂદી પડયા, ખભે બગલથેલો ભેરવી લીધો ને માંડયા ચાલવા. હું પણ એમની સાથે થયો: ને પછી તો અમે બન્ને ખેતરો સોંસરા દોડયા છીએ કાંઈ!' ('સ્ત્રીજીવન' જૂન ૧૯૪૭, પૃ૦ ૪૮૬) મેઘાણી કહેતા: 'આ ધંધો જ એવો છે ભાઈ! જાગરણ અને પગરણ સાહિત્યને વળગેલાં જ છે. ઉજાગરા ને રખડપાટ નહિ તો સાચો સાહિત્યકાર નહિ.' ('ઝ. મે. સ્મ.' પૃ. ૬૭) (ચાલુ)

ચન્દ્રવદન મહેતા અને સુનીલ કોઠારીની જુગલબંધી અંતે ઘર ભેગા

યુરોપનો કહેવાતો નવો વિચાર 'ટોટલ થિયેટર' વિષેનો છે. ઈ. ૧૯૬૬માં લાઇપઝિક શહેરમાં ટોટલ થિયેટર ઉપર કોલોક્વિયમ ભરાયું, એ વિષે અગાઉ લખાઈ ગયું છે. છ-સાત વર્ષ થયાં તો પણ હજી યુરોપને એ ટોટલ થિયેટરની વ્યાખ્યા, યા એનો તાગ, યા એનો મેળ મળતો નથી. બાળકો છીછરા પાણીમાં છબછબિયાંની રમત રમે એમ ચર્ચાનાં ચૂંથણાં કર્યા કરે છે. વળી તાજેતરમાં મૉસ્કોમાં સંગીત અને નૃત્યની ચર્ચા કરી ભારતનો ઇતિહાસ ફક્ત બ્રિટિશ કાળથી જ શરૂ થયો એમ માનનારાઓને બે અઢી હજાર વર્ષના ભારતના સ્તરો ઉકેલવા નથી. ગ્રીસમાં જે કંઈ ઊગ્યું તે ફળ્યું, અને એ ગ્રીસની અસર હેઠળ ભારતના નાટકનો પરદો બંધાએલો એવું જિકરથી કહેનારા બ્રિટિશ વિવેચકો, ને એ કથનને વધારે જિકરથી માનનારા કંઈક યુરોપી વિવેચકોએ ઘણાં વર્ષો સુધી આડા પાટા બંધાવ્યા. આખરે એનો પણ ઘટસ્ફોટ થયો; અને ગ્રીસમાં જ નાટકનાં પહેલાં પારણાં બંધાયાં એ વાત પણ આજે જાન કોપેસ્કીએ નવાં સંશોધન કરી ઉખેડી નાખી. યુરોપમાં પારી(સ)માં ચાલતા 'ઇન્ટરનેશનલ થિયેટર ઇન્સ્ટિટ્યૂટ'ના સમાચારપત્રમાં જ જાન કોપેસ્કીએ ગ્રીસની સંસ્કૃતિ પહેલાં, હોમરના યુગ પહેલાં ક્રીટ ટાપુમાં અવનવીન સંસ્કૃતિ પાંગરી હતી તે, ત્યાં ઈ. પૂર્વે ૧૫૦૦ વર્ષો પહેલાં ભભકદાર નાટકશાળાઓ બંધાઈ હતી તે, ત્યાંથી ભૂતકાળમાં ડોકિયાં કરી ઈ.સ.પૂર્વે ૧૩મી સદીમાં ઇખ્નાટેવમાં રાજા શેઠ પહેલાના સમયમાં નાટકશાળાની હસ્તી હતી તે સંશોધી આપ્યું; ને ત્યાંથી વળી પાછળ ને પાછળ જતાં નાઈલ નદીને કાંઠે વીસથી ત્રીસ હજાર વર્ષો પૂર્વે ઑરિગનેશિયન નૃત્યો તથા પેલિયોલિથિક યુગમાંની કળાસામગ્રી જોતાં એ જમાનામાં નાટકના શરૂ થએલા પારણાની વાત સ્પષ્ટ કરી બતાવીને સુમેરિયન અને બૅબિલોનિયન પ્રજાઓમાં પણ નાટકો સંગીત નૃત્ય અને સંવાદ સાથે યોજાતાં હતાં એ તારવી આપ્યું. એટલે નાટકનાં પારણાં યુરોપમાં નહિ પણ કાળા અંધારિયા ગણાતા આફ્રિકા ખંડમાં, અને અસંસ્કૃત ગણાતા એશિયા ખંડમાં પહેલાં બંધાયાં એ હવે નિશ્ચિત કરી આપ્યું. એથી ભલભલા વિવેચકો છક્કડ ખાઈ ગયા હોય એ બનવા જોગ છે.

પણ આપણે એ પાણા ખોદવામાં કયાં પડયાં? પડયા એટલા માટે કે ભારતની સંસ્કૃતિ યા વેદના કાળ માટે એ વિદ્વાનો ચર્ચા કરે છે, ત્યારે અત્યંત સંકુચિત દૃષ્ટિએ બહુ બહુ તો એ ઘટનાઓને ઈસ્વીસનની પાળની પૂર્વેમાં પણ નિકટમાં મૂકી આનંદ લે છે. ઈસુની પહેલાં હજાર વર્ષો પહેલાં તો જરથુસ્ત્રસાહેબે એક ઘણો ઊંચા પ્રકારનો ધર્મ આપ્યો એ વાત પણ એ વિદ્વાનો ભૂલી જાય છે. ભલે. આ ઝીણી બાબતોને જતી કરી મૂળ વાત પર આવીએ તો ભારતમાં નાટક—એટલે કે નૃત્ય, સંગીત, ગીત, સંવાદ, કાવ્ય લલકાર, જાદુ-મોહ-છળ કળા, કસરત-વ્યાયામ-પ્રયોગો એ બધાનો સુમેળ —તેજ ટોટલ થિયેટર, એ હતું. એની અઢળક સાબિતીઓ મોજૂદ છે; આજે યુરોપને ટોટલ થિયેટરનો નવો ખયાલ આવ્યો છે, ને એમાં પણ પાછું બાળકો જેમ વાતો કરે છે.

આ જુગલબંધીમાં કેવળ નાટક નહિ પણ નાટક સાથે નૃત્ય-સંગીતની અમે વાતો કરી; દુનિયાભરની કેટલીક સુંદર કલાકૃતિઓની વાતો કરી, કથકલી-કાબુ-કીનોહ અને જાવા-રામાયણ, યુરોપીય તથા અમેરિકન નૃત્યકારોની ભારતના નૃત્યો પ્રત્યે પ્રેમભાવના, એમ ટૂંક સમયમાં અને થોડી જગ્યામાં નાટકના ફલકને તેમજ દૃષ્ટિમર્યાદાને વિસ્તારતા રહી જેટલું જોયું જાણ્યું અનુભવ્યું માણ્યું એની ઝાંખી કરાવી. આ બધાંથી અમને સંતોષ છે. એક જ પ્રકારનાં લખાણ, સામાન્ય અનુભવોને કારણે, બે વ્યક્તિ દ્વારા કોઈ પણ પ્રકારના મોટા મતભેદો વિના લખી શકાયા છે એનો સંતોષ છે. હવે આ લેખમાળા આટોપતાં પહેલાં કેટલીક કરુણ ઘટનાનો નિર્દેશ કરી અમે વિદાય લઈશું.

બરાબર છે, અમે બે યુરોપ નોખાનોખા ઊપડયા, પણ કોપનહાગનમાં એક થઈ ઘણાં ક્ષેત્ર ખૂંદ્યાં, ઘણાં પાણી ડહોળ્યાં; લંડન, ન્યૂ યૉર્ક, હોલૅન્ડ, આયર્લૅન્ડ, કૅનેડા, ફ્રાન્સની બધી વિગતો તમે જાણી. એકલે હાથે, એટલે કે અમારા બેના પગ ઉપર, સરકારની કશી મદદ વિના, અઢળક ફંડફાળા ટ્રસ્ટ ફંડો મોજૂદ છે એમાંના એકેમાંથી રાતી પાઈ પણ લીધા મેળવ્યા વિના, દર સાલ વધતી જતી હોટેલોની, તેમજ મુસાફરીની મોંઘવારી ઉપરાંત આપણે ત્યાં પ્રવાસ ઉપર પણ કર-(અસલ પાલીતાણા વગેરે ધર્મસ્થાનોમાં યાત્રા કરવા જતાં વેરો આપવો પડતો, એમ પરદેશના પ્રવાસે જતાં ભારે વેરો ભરવો પડે) એ બધી મુસીબતો વેઠી અમે ફર્યા. કોઈની સાથે ખાધું-પીધું, કોઇને ખવડાવ્યું-પીવડાવ્યું—એમ ફરવું એ અઘરું કામ છે. સંઘમાં જાઓ તો સસ્તું, સરકાર નક્કી કરે તેવા સંઘમાં જાઓ તો સસ્તું, પણ સ્વતંત્ર રીતે એકલેપંડે હરવું ફરવું અઘરું. એ પૂરું કરી પાછા ફર્યા. પાછા ફરતાં પણ છૂટાછૂટા આવ્યા. જવા ટાણે સારા શુકન હતા, પાછા ફરતાં અપશુકનિયાળ દિવસો હતા.

ન્યૂ યૉર્કથી અમે લંડન પહોંચી એરપોર્ટ ઉપર ઊતર્યા, ત્યાં હડતાળ! હડતાળ એકલી આપણે ત્યાં નથી પડતી, દુનિયાભરમાં પડે છે, એ સ્થિતિનું પાકું ભાન થયું. બી. ઓ. એ. સી. (બ્રિટિશ ઓવરસીઝ એર લાઈન્સ કૉર્પોરેશન) હડતાળ પર. જોકે ત્યાં બીજી કંપનીઓનાં જહાજો ઊપડે-આવે. એ તો બરોબર, પણ લંડનના એરપોર્ટ ઉપર કામદારો બધા બી. ઓ. એ. સી.ના, ત્યાં કામકાજ કોણ કરે? નીચે ગ્રાઉન્ડ ઉપર ન ચા ન કૉફી. જેટલી સામગ્રી હશે તે કલાકમાં બધા અટવાઈ ગએલા પૅસેંજરોએ પૂરી કરી નાખેલી. ચા તો ઠીક, પણ કોઈ ઓળખીતું નજરે દેખાય એની રાહ જોતાં બે-ત્રણ કલાક કાઢયા. નસીબની ચડતી-પડતીના ખેલ જુઓ, તે અમારા એક મિત્ર ઉષાકાન્ત કીલાચંદ કોઇને લેવા આવેલા, તે ગાડી કયાંક ગોઠવી અમારા શંભુમેળામાં નજર દોડાવવા નીકળ્યા. એમને જોઇને જીવમાં જીવ આવ્યો. એમના મહેમાનનું પ્લેન હજી આવેલું જ નહિ એવા વાવડ મળ્યા, પણ એ વાવડ આપનારાઓ પણ હડતાળ ઉપર. બેત્રણ કલાકે અમારો જોગ ખાધો, ને અમે શહેરમાં એમને ત્યાં પહોંચ્યા. જમ્યા ને આરામ કર્યો. પછી ત્યાં આશરો ટેલિવિઝનનો. ત્યાં જે થાય તેના ખબર, જે કૈં મળે તે, દેખાડે. એ બાબતમાં બી. બી. સી.નો નંબર મોખરે. આપણે ત્યાં સરદાર વલ્લભભાઈ પટેલનું સવારે નવને શુમારે અવસાન થએલું ત્યારે મુંબાઈનું આકાશવાણી મથક ચાલુ હતું, તો પણ બપોરના એક વાગ્યા સુધી રેડિયો ઉપરથી (ન મુંબાઈથી, ન દિલ્હીથી) ખબર જાહેર નહોતા કર્યા. તે પહેલાં બી. બી. સી.એ જગતને જાણ કરી દીધી હતી! એવા તો કંઈક દાખલા આપણે ટાંકી શકીએ. થાય છે, ઉતાવળ શી છે. અવસાન થયું જ છે કે નહિ, થયું હોય તો એની જાહેરાત કયા શબ્દોમાં કરવી, કેવી રીતે કરવી, એની જાહેરાત માટે વડાપ્રધાનની મંજૂરી લેવી કે નહિ, લેવી તો કેટલું થોભવું, લીધી તો એ સમાચાર પછી એ અવસાન ઉપર પ્રસંગાનુસાર ખેદપ્રદર્શક ભાષણ કરવાની તત્પરતા કેટલી છે, કોની છે, કયારે બોલી શકે, એવા અનેક પ્રશ્નો આપણા દફતરદારોને હમેશાં મૂંઝવતા રહે છે. વળી આવાં અવસાનો આપણે ત્યાં આ પહેલી જ વારનાં, એટલે એની આગળ ઉપરની નોંધ કે આગળનો દાખલો મોજૂદ નહિ, એ ય મોટી મૂંઝવણ; અને નવો ચીલો પાડવાનો,

આરોગ્ય આહર અને ઔષધ અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા · ઉમરેઠ) ની સલાહ

૧ લ્યુકોરિયા (પ્રદર) વિષે વિસ્તારથી સમજાવવા વિનતિ.

ઉ. યોનિમાંથી થોડો સ્રાવ આવવો એ સામાન્ય છે. વ્યક્તિગત રીતે તેનું પ્રમાણ ઓછુંવત્તું હોઈ શકે. આમાં ચોખ્ખાઈનું ધોરણ પણ ભાગ ભજવે છે. કોઈને પુષ્કળ ને ત્રાસ આપતો સ્રાવ બીજાને સામાન્ય ને સહ્ય લાગે છે. યોનિમાંથી લોહી સિવાયના બધા વધુપડતા સ્રાવ પ્રદર નામે ઓળખાય છે. એ સફેદ, પીળો, ચીકણો, પરુ જેવો કે લાલાશ પડતો હોઈ શકે.

તરુણ વયમાં ઈસ્ટ્રોજન હૉર્મોનના વધુપડતાપણાથી પુષ્કળ યોનિસ્રાવ થાય છે. કદીક આંતરડાના તંતુકૃમિના દાહથી પણ યોનિસ્રાવનું પ્રમાણ વધે છે અને પૂરતી સ્વચ્છતા જાળવવાથી આરામ થાય છે. યુવાન વયે પરિણીત જીવનમાં ટ્રિકોમોના વેજીનાલિસના ચેપથી ભૂરા, પીળા કે લીલાશ પડતા, સફેદ ફીણવાળા, પાતળા, દાહયુક્ત સ્રાવથી ગુહ્યાંગ આળું બની જઈ તેમાં બળતરા થવા સાથે ખજવાળ આવે છે. અમુક ફૂગના ચેપથી સફેદ પાતળો કે ઘટ્ટ યોનિસ્રાવ થાય છે. આમાં પણ ગુહ્યાંગમાં પુષ્કળ ખજવાળ આવે છે. ગર્ભાવસ્થામાં, ડાયાબિટિશમાં ને ટેરામાયસિન ક્લોરોમાયસેટિન જેવાં ઍન્ટીબાયોટિક ઔષધો લેવાતાં હોય ત્યારે ફૂગનો ચેપ વધારે લાગે છે. પ્રસૂતિ પછી પ્રદરસ્રાવ થવાનું કારણ ગર્ભાશયગ્રીવા (સરવિક્સ)નો સોજો કે તેનું ક્ષત (ઇરોઝન) હોઈ શકે છે. કદીક એમીબિક મરડાના કે ચાંદાના કારણે પણ પ્રદર થાય છે. પ્રસૂતિ બાદ ગર્ભનો કોઈ ભાગ ગર્ભાશયમાં રહી જવાથી દુર્ગંધયુક્ત યોનિસ્રાવ સામાન્ય છે.

પ્રૌઢા સ્ત્રીને ગર્ભાશય સ્થાનભ્રષ્ટ થવાથી પૅસરી ગોઠવી હોય તો દુર્ગંધયુક્ત સ્રાવ થવો સામાન્ય છે. આ ઉંમરે ગર્ભાશયના ગડના કારણે પણ દુર્ગંધયુક્ત સ્રાવ થાય છે. ઋતુનિવૃત્તિકાળ દરમિયાન સેનાઈલ—વેજીનાઇટિસ કે કૅન્સરના કારણે ચોળાવરણો, લોહી જેવો કે પરુ જેવો યોનિસ્રાવ થાય છે. યુવાન વયે ચેપ ઉપરાંત ગર્ભનિરોધનાં રાસાયણિક સાધનોના વપરાશને લીધે અગર તો પતિના વીર્યની એલર્જીથી પણ પ્રદર થાય છે.

ચેપ ઉપરાંત પ્રદર થવાનાં માનસિક કારણો પણ છે. આધાશીશી અને દમના રોગીને વધુકો યોનિસ્રાવ થાય છે. થાક લાગવાની બધી સ્થિતિઓથી પ્રદર થાય છે. અતિ કામુકતા, બાળકોની વાંછના, પ્રબળ લાગણીઓ અને ચિંતાથી ઘટ્ટ સ્રાવવાળો પ્રદર થાય છે.

આમ, પ્રદર થવાનાં અનેક કારણો છે અને તે વય અનુસાર જોડાએલાં છે. કારણ પ્રમાણે ઔષધોપચાર છે એટલે યોનિની તપાસ થયા વિના બાંધેભારે ઉપચાર કરવાથી બરાબર આરામ થતો નથી. યુવાન વયે ચાલુ રહેતા યોનિસ્રાવનું એક કારણ ગર્ભાશયગ્રીવાનું ક્ષત (સરવાઈકલ ઈરોઝન) છે અને તેના માટે કોટરીઝેશન સચોટ ઉપાય છે. પ્રૌઢ ઉંમરે પ્રદર થવાનું એક કારણ ગર્ભાશયનું કૅન્સર હોઈ શકે છે. તેની સવેળા તપાસ થઈ યોગ્ય ઉપચાર થવાથી પરેશાનીમાંથી ઊગરી જવાય છે. □

તે શી રીતે પાડવો, એવી અનેક પ્રકારની ચિંતામાં, ગડમથલમાં, ટેલિફોનની આંટીઘૂંટીમાંથી કંઈક સૂચના સંજ્ઞા પસાર થાય એમાં કુદરતી રીતે ઢીલ થાય, એવી પરિસ્થિતિમાં હજારો માઈલ દૂર હોય તો પણ બી.બી.સી.ની જાહેરાત પહેલી થઈ જવાની, થતી રહી છે એ હકીકત છે.

બેત્રણ દિવસ હડતાલ ચાલી. મારે જવું લંડનથી બર્લિન. શહેરમાં બધે ફર્યા, પણ કોઈ કંપની ટિકિટ બદલી ઓ.કે. કરી ન આપે. છેવટે લુફ્ટ હંસા (એટલે કે જર્મન કંપની)એ હામ ભીડી. પણ હામ તો અમારે ભીડવાની હતી. એ કહે એરપોર્ટ ઉપર આવ્યા બાદ તમારો સામાન તમારે ઊંચકીને હવાઈ જહાજના પેટાળમાં તમારે હાથે મૂકવાનો. એઇ જો! આપણે કબૂલ થયા, અને ચોથે દિવસે ઊપડ્યા. અમારા ઉષાકાન્તભાઈ ઠેઠ દરવાજા સુધી એરપોર્ટ ઉપર મૂકી ગયા, અને કહેતા ગયા કે અરધોએક કલાક રાહ જોઈશ; કદાચને પ્લેન ન ઊપડ્યું તો પાછા આવજો. પણ હિમ્મતે મર્દાં તો મદદે ખુદા. પોતાની જાતનો અઢળક આભાર માનવાનો આ એક ઉત્તમ અવસર હતો. ન્યૂ યૉર્કથી ફલાણાભાઈ અને ઢીંકણાંબેન પોતાનાં સગાંવહાલાં માટે ટ્રાન્ઝિસ્ટરથી માંડી ચારપાંચ પુસ્તકો,—એક તો ફ્લાવરવાઝ,—એવું એવું જે અમારી સાથે મોકલવા માગતાં હતાં, એને ધસીને તરત જ ના કહેવાની હિમ્મત યા નફ્ફટાઈ માટે મેં મારી જાતનો ભારે આભાર માન્યો.

પહેલી ચોકીમાં દાખલ થતાં જ સૂટકેસ ખભા ઉપર ટેકવી દીધી. બીજું કશું સાથે નહોતું. હવે પાસપોર્ટ પર સિક્કો મારનારની ચોકી ઉપર. તો ત્યાં કોઈ કૉલેજનો પોરીઓ બેઠો હતો, તે કહે 'પાસ ઑન'. મેં કહ્યું: 'મારા પાસપોર્ટ ઉપર જવાની તારીખ–' તો કહે: 'પ્લીઝ પાસ ઑન.' કસ્ટમ ચોકી, તો 'પાસ ઑન.'—બધા જ દરવાજા મોકળા, અને એમ ખભે સૂટકેસ લઈ પગથાર પછી પગથાર ખૂંદતા ઍરોપ્લેન નજીક પહોંચ્યા, ત્યાં એમના જર્મન ક્રૂ બીચારા ખડે પગે મદદ કરવા તૈયાર. એમણે જ સામાન અંદર ગોઠવ્યો, ને અમે 'હાશ' કરી પ્લેનની ખુરશી ઉપર ગોઠવાયા.

ઇંગ્લિશ ચૅનલનો દરિયો દેખાતાં, એટલે કે બ્રિટનની ધરતી છોડી કે તરત, પાઇલૉટે જાહેરાત કરી: 'અમે દિલગીર છીએ, તમને ચા, કૉફી કે કોઈ પ્રકારનો નાસ્તો આપી શકીએ એમ નથી. લંડનના એરપોર્ટ પરથી કશું મળે એમ નહોતું. અમારી પાસે પૂરું પેટ્રોલ પણ નથી, તે પણ ન મળ્યું; પણ એથી ચિંતા ન કરશો. અમે હવે પહેલાં આમ્સ્ટર્ડામ (હૉલૅન્ડ) પહોંચીશું, ત્યાં ઊતરીશું, ત્યાંથી પેટ્રોલ લઈશું, અને આગળ જઈશું. દરમિયાન આમ્સ્ટર્ડામને અમે પૂછી જોયું તો ત્યાંના એરપોર્ટ ઉપર આપને સૌને નાસ્તો આપવા એ લોકોએ કૃપા દાખવી છે. પણ શરત એક જ: જે ચોકઠામાં આપને ચા-નાસ્તો આપવામાં આવે ત્યાંથી પાછા આ પ્લેનમાં સીધા આવીને બેસી જવાનું યાદ રાખશો, કારણ પાસપોર્ટ વીસાની કોઈ આંટીઘૂંટીમાં પડવાનું એમને કે આપણને પાલવે નહિ. થૅંક યૂ.'

અને અમે ત્યાં હોંશભેર નાસ્તો ખાધો, ઍરોપ્લેનને પણ ખોરાક મળી ગયો, ને છેક મોડી રાતે ફ્રાંકફુર્ટ થઈ બર્લિન પહોંચ્યા. આમ બી. ઓ. એ. સી.ની હડતાલ નડી. ન્યૂ યૉર્કથી ઊપડ્યા ત્યારે એરપોર્ટ પર અમારા મિત્ર ડૉ. ભાસ્કર યોધનાં નાની દીકરી વળાવવા આવેલાં. ત્યારે એને અને અમને પણ ખબર નહોતી, કે એ જ સમયે મુંબાઈમાં ડૉ. યોધનું અવસાન થયું હતું! લંડનમાં તો મને ખબર પડી જ નહિ, પણ બર્લિનમાં અમારા મિત્ર જેકિસનભાઈ દયાલને ત્યાં જાણ થઈ!

બધું કામકાજ આટોપી મુંબાઈ તરફ ઊપડ્યા. અમે શરૂઆતમાં કોપનહાગનમાં મળેલી કૉનફરંસનો ઈશારો કરી ગયા છીએ. મૃણાલિની સારાભાઈ, મીનલ મહાદેવિયા, રૂપાંદે શાહ, સુનીલ કોઠારી અને ચન્દ્રવદન મહેતા–આમ પાંચ જણાએ નૃત્ય, ચર્ચા, નિબંધવાચન, ચર્ચાચોતરો બધામાં ભારે રસપૂર્વક ભાગ લઈ સક્રો બતાવ્યો હતો; કોઇને પણ અદેખાઈ આવે એવી યાત્રા કરી હતી; લંડનમાં હાઈકમિશનરને ત્યાં મેહફિલથી માંડી ઠેકઠેકાણે ભાષણ સન્માન સમારંભો ગોઠવાયા હતા; વિવિધ પ્રકારના કાર્યક્રમો માણ્યા હતા; ત્યાં ક્યાંક કોઈની નજર લાગી હોવી જોઈએ. આખી ટોળી અહીં પાછી આવી ત્યારે બેત્રણ મહિનામાં ચન્દ્રવદન મહેતાએ પાંસઠ વર્ષના જૂના મિત્ર ડૉ. યોધને, સુનીલે પોતાના ભાઇને, રૂપાંદેએ પિતાને, મીનળે બન્ધુને અને મૃણાલિનીએ પતિ વિક્રમને હમેશને માટે ગુમાવ્યા હતા! બને!! (સંપૂર્ણ)

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

વિભાગ ત્રીજો: ૧ નવજાગૃતિનો યુગ

નવજાગૃતિ પૂર્વે

પ્રભાત પહેલાંનો અંધકાર પ્રગાઢ હોય છે–It is darkest before dawn. યુરોપમાં પણ સોળમા સૈકામાં નવજાગૃતિકાળના પરોઢ પહેલાં નિબિડ અંધકાર હતો. સમગ્ર પ્રજા કોઈ પણ પ્રકારની આકાંક્ષા વિનાની, વિદ્યાકળાશાસ્ત્ર વિમુખ, ભીરુ અને પ્રમાદી હતી. સમ ખાવા પૂરતું ચૈતન્ય ધર્મની નીક દ્વારા વહી રહ્યું હતું. પ્રજાના વ્યક્તિત્વ પર ધર્મગુરુઓની પકડ હતી. પોપનો શબ્દ ઈસુના આદેશ જેવા મનાતો. રાજાઓ પણ પોપ પ્રત્યે આદર અને કંઈક ભયની નજરે જોતા. આવી વિપુલ સત્તાના નશામાં પોપ એશઆરામી બની ગયા. સમ્રાટ કરતાં પણ વધુ સત્તા તેઓ ભોગવવા લાગ્યા. ધર્મના અફીણની ગોળીઓ ખવડાવીને પ્રજાને તેમણે સતત ઘેનમાં રાખી. બાઈબલ (નવો કરાર) ગ્રીક ભાષામાં લખાએલું હતું, ધર્મનાં રહસ્યો ગ્રીક ભાષામાં પડેલાં હતાં, એટલે ધર્મસાર સમજવા માટે લોકોને ધર્મગુરુઓ ઉપર જ આધાર રાખવો પડતો. એને પાદરીઓએ પોતાનો ઈજારો બનાવી દીધો. પોપે એક ફરમાન દ્વારા બાઈબલ જેવા પવિત્ર ધર્મગ્રંથનું ભાષાંતર કરવાની મનાઈ કરી દીધી. જે ગ્રીક કે લૅટિન ભાષા ભણે તેને જ બાઈબલ વાંચવાનો મોકો મળે. સ્વાભાવિક રીતે જ લોકોને ધર્મગુરુઓ પર આધાર રાખવો પડે તેવી પરિસ્થિતિ ઊપજી રહી.

લખલૂટ ખર્ચ અને વૈભવવિલાસને કારણે આર્થિક મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા એક પોપે માફીપત્રોનું વેચાણ શરૂ કર્યું. ખ્રિસ્તી ધર્મના શિરસ્તા મુજબ દરેક ધર્મનિષ્ઠ વ્યક્તિએ પોતે મૃત્યુ પામે તે પહેલાં ગામમાં પાદરીને બોલાવીને તેની સમક્ષ પોતાનાં પાપોનો એકરાર કરવો પડતો. આવો એકરાર કર્યા વિના અચાનક મૃત્યુ પામનાર વ્યક્તિઓના મોક્ષ માટે પોપે ખાસ માફીપત્રો (Indulgences) કાઢ્યાં. એકરાર કર્યા વિના અકસ્માત મૃત્યુ પામનારનાં સ્વજનો આ માફીપત્રો ખરીદવા પડાપડી કરવા લાગ્યા. પોપે તેનો વ્યાપક વેપાર શરૂ કર્યો અને દેશપરદેશ માફીપત્રો વેચનારા એજન્ટો નીમ્યા. આવી અંધશ્રદ્ધામાં રાચનારી પ્રજાના ચિત્તનો અંધકાર કેવો ગાઢ હશે?

કૉન્સ્ટૅન્ટિનોપલનું પતન

આવા અજ્ઞાન અને નિષ્ક્રિયતાના યુગમાં પણ વાસ્કો ડા ગામા, માર્કો પોલો અને બીજા કેટલાક સાહસિક દરિયાખેડુઓએ પૂર્વના દેશોમાં પ્રવાસ માટેનું દ્વાર શોધ્યું હતું. એ સમયે યુરોપનાં મુખ્ય ત્રણ બંદરો હતાં—વેનિસ, જીનોઆ ને કૉન્સ્ટૅન્ટિનોપલ. એમાંનું છેલ્લું નગર રોમના સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને બંધાવ્યું હતું. ઈસુના લગભગ ચોથા સૈકાથી રોમન સામ્રાજ્ય છિન્નભિન્ન થવા માંડયું હતું. એ પૂર્વે તેના બે ટુકડા—એક પશ્ચિમમાં ને બીજો પૂર્વમાં—થઈ ગયા હતા. પૂર્વમાં તુર્ક લોકોની સત્તા વધતી ગઈ તેમ તેમ આ ખ્રિસ્તી પ્રદેશ માટે ભય વધવા માંડયો. આ કૉન્સ્ટન્ટાઈન નગર અનેક વિદ્વાન ધર્મગુરુઓનું નિવાસસ્થાન હતું. ખ્રિસ્તી ધર્મનાં અમૂલ્ય હસ્તલિખિત પુસ્તકોનો ત્યાં વિપુલ ભંડાર હતો. વિદ્યાની જ્યોત ત્યાં પ્રજ્વલિત હતી. યુરોપના પૂર્વના દેશો સાથેનો વેપાર પણ આ બંદર મારફતે જ ચાલતો.

ઈ. ૧૪૫૩માં તુર્કોએ કૉન્સ્ટૅન્ટિનોપલ પર ચડાઈ કરીને તે કબજે કર્યું ત્યારે ત્યાં સંચિત થએલી વિદ્યાકળા નાશ પામવાનો ભય પેદા થયો. કેટલાક વિદ્વાનો અને ધર્મગુરુઓ ત્યાંથી શકય તેટલો ગ્રંથભંડાર લઈ યુરોપના દેશોમાં નાસી છૂટયા. તેમણે ઈટલી, ફ્રાન્સ અને બીજા દેશોમાં વસવાટ કર્યો. કૉન્સ્ટૅન્ટિનોપલની ચાર દીવાલો વચ્ચે વર્ષો સુધી પુરાઈ રહેલા એ વિદ્યાગ્રંથોએ હવે યુરોપમાં જ્ઞાનની જ્યોત જલાવી. ઈટલીમાં જ્ઞાનનો સૂર્ય વહેલો ઊગ્યો. ગ્રીક અને લૅટિન ભાષાનાં સાહિત્યના અભ્યાસ માટે યુરોપની પ્રજામાં ઉત્સુકતા જાગી. પ્રાચીન શિષ્ટ ગ્રંથોની ચાવી પામવા માટે ગ્રીક-લૅટિનનો અભ્યાસ અનિવાર્ય મનાયો. ઈટલીમાં સાહિત્ય, શિલ્પકળા ને ચિત્રકળાની વસંત બેઠી. ડિવાઈન કૉમેડીના કવિ દાન્તે અને માઈકલ ઍન્જેલો તથા રૅફેલ જેવા કલાકારોએ એ યુગમાં પ્રજાને નવી પ્રેરણા પૂરી પાડી.

ઈંગ્લૅંડમાં ઈ. ૧૪૭૬માં કૅક્સ્ટને પહેલીવાર મુદ્રણકળા આણી. છાપવાની સગવડથી પુસ્તકોનો પ્રસાર ઝડપથી થવા લાગ્યો. લોકોની વાચનભૂખ ઉત્તેજિત થવા માંડી અને અંગ્રેજી ભાષામાં વિપુલ સાહિત્યગ્રંથો પ્રકાશિત થવા માંડયા. કૅક્સ્ટને અંગ્રેજી ભાષામાં પ્રજાને દેશપરદેશનાં પુસ્તકોના અનુવાદો અને મૌલિક ગ્રંથો પણ સુલભ કરી આપ્યા. અંગ્રેજી ભાષાને વિકસવા માટે સારો એવો અવકાશ હવે પ્રાપ્ત થયો ને સાહિત્યમાં પણ ક્રાંતિની નવજાગૃતિની ઉષા ક્ષિતિજમાં દેખાવા માંડી.

એ સમયે ઈટલી સાહિત્ય-કલા-સમૃદ્ધ દેશ હતો. અંગ્રેજ પ્રજામાં શ્રીમંત કુટુંબોમાં ઈટલીની કલાયાત્રા કરવાની એક ફૅશન પણ શરૂ થઈ હતી. પ્રાચીન ગ્રીક લૅટિન ગ્રંથોનો માતબર સંગ્રહ ઈટલીમાં હતો. કેટલાક વિદ્વાનોએ ગ્રીક-લૅટિન ભાષાનો ઊંડો અભ્યાસ કરી એ સંસ્કારવારસાનો સીધો સંપર્ક સાધ્યો અને પ્રાચીન ગ્રીક સસ્કૃતિના ઉજ્જ્વલ અંશોને આત્મસાત્ કરીને અંગ્રેજી સાહિત્યમાં તે પ્રગટ કરવાના પ્રયત્નો કર્યા.

અંગ્રેજી સાહિત્ય માટે ગ્રંથોના ઉત્તમ નમૂના પ્રાચીન ગ્રીક સાહિત્યમાંથી જ પ્રાપ્ત થવા શકય હતા. નવા પ્રકાશ અને પ્રેરણા માટે ઇંગ્લૅન્ડની પ્રજાએ પ્રાચીન ગ્રીક સંસ્કૃતિ તરફ મીટ માંડી. શિષ્ટ ગ્રંથોના અભ્યાસની ઝંખના પ્રજામાં પ્રબળ બનવા માંડી. પરિણામે ગ્રીક-ભાષાના અભ્યાસ માટે પ્રજામાં સુવિધા ઊભી થવા લાગી. ટૉમસ લાઇનેકર (Thomas Linacre), ગ્રૉસિન (Grocyn) અને લેટિમર (Latimer) જેવા વિદ્વાનોએ ગ્રીક ભાષાના શિક્ષણમાં વેગ આણ્યો. તેમણે વિદ્યાપીઠોમાં આ વિષે વ્યાખ્યાનો આપ્યાં, ઑક્સફર્ડ અને કેમ્બ્રિજમાં સઘનપણે ગ્રીક ભાષાસાહિત્યનો અભ્યાસ થવા માંડયો અને ઇરૅઝમસ (Erasmus), જ્હૉન કૉલેટ (Colet) તેમ જ અન્ય ગ્રીક ભાષાના પ્રખર વિદ્વાનોએ શિક્ષણના ક્ષેત્રમાં ગ્રીકનો મહિમા વધારી મૂકયો. કેટલાક વિદ્વાનોએ ઇટલીમાંથી ગ્રીક ભાષામાં લખાએલી હસ્તપ્રતો લાવીને ઇંગ્લૅન્ડની શિક્ષણસંસ્થાઓને ભેટ ધરી. આ પ્રાચીન ગ્રીક સાહિત્યના વારસાને આત્મસાત્ કરવાની, પ્રશિષ્ટ ગ્રંથોના નમૂના અપનાવી નવીન સાહિત્ય રચવાની હ્યુમૅનિસ્ટ (Humanist) પ્રવૃત્તિનો નવજાગૃતિ આણવામાં મહત્ત્વનો ફાળો ગણાય. ગ્રીક ભાષામાં પ્રાપ્ત થએલા વિજ્ઞાન–ભૂગોળ–ખગોળના ગ્રંથોના અભ્યાસથી અંગ્રેજ પ્રજામાં અવનવી ચમક આવી. તેને જગતનું નવીન દર્શન થયું ને ગ્રીક ભાષાના ગ્રંથોએ અંગ્રેજ પ્રજાના ચૈતન્યની ક્ષિતિજનો વિસ્તાર સાધી આપવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. ગ્રીસના મહાન સર્જકો–ચિંતકો, હોમર, પ્લેટો ને ઍરિસ્ટોટલનો આહ્લાદક અને ચમત્કારક પરિચય પ્રજાને થયો. વિચારની નવી દિશા ઊઘડી. આ અભિનવ શિક્ષણની સમગ્ર દેશના સંસ્કાર અને સાહિત્ય પર પ્રબળ અને દૂરગામી અસરો પડી. કોઈકે કહ્યું છે તેમ ઈંગ્લૅન્ડમાં આવતી સમીરની દરેક લહેર ગ્રીસ રોમ અને ઈટલીની પરાગરજથી સભર હતી. 'every breeze was dusty with the pollen of Greece Rome and Italy'.



ટૉમસ મોર



ઇરૅઝમસ

મધ્ય યુગમાં પોપ અને ધર્મગુરુઓ અભણ પ્રજાની અંધશ્રદ્ધાને પંપાળીને પોતાનું વર્ચસ ટકાવી રાખતા હતા. ધર્મ વિષે કોઈ નવો વિચાર રજૂ કરવો એ પાપ મનાતું. પણ ગ્રીકમાં લખાએલા નવીન શિક્ષણના પ્રસાર પછી પ્રજાની આંખમાં નવું તેજ આવ્યું. બાઈબલનો અભ્યાસ થવા માંડયો. એમની દૃષ્ટિ ખીલવા માંડી અને ધર્મગુરુ વિષે તથા ધર્મના વહેમ અને ચમત્કારો વિષે એ દૃષ્ટિ ટીકાત્મક બનવા માંડી અને ધીમે ધીમે પોપ તથા પાદરીઓની જોહુકમીને પડકાર થવા માંડયો. આ ધર્મસુધારણાની ચળવળ (Reformation)ને પરિણામે ધર્મસત્તાનાં વળતાં પાણી થવા માંડયાં.

આ સમયમાં જ વાસ્કો ડા ગામા અને કોલંબસે દરિયાપારની નવી દુનિયાની શોધ કરી, એ અદ્ભુત દુનિયાની રંગબેરંગી કથાઓની અંગ્રેજ વહાણવટીઓએ પ્રજાને લહાણ કરી. પ્રજામાં વીરોચિત ભાવના, સાહસ માટેનો થનગનાટ અને મહત્ત્વાકાંક્ષા જાગૃત થવા માંડયાં. અંગ્રેજ પ્રજાજન સાહસનાં, સૌંદર્યનાં અને અવનવી સિદ્ધિઓનાં સ્વપ્નો જોવા માંડયો. એના ચિત્તને હૉકિન્સ, ડ્રેઈક અને રૅલે જેવા સાહસિક સિંદબાદોએ નવીન કલ્પના અને કુતૂહલથી સતેજ કરી મૂક્યું. રાષ્ટ્રીય અસ્મિતા, દેશભક્તિ ને જવાંમર્દીના ભાવથી પ્રજા થનગની રહી.

અંગ્રેજ પ્રજામાં પ્રાચીન ગ્રીક સાહિત્ય-સંસ્કૃતિનો ભંડાર અથવા વારસો સીધા સંપર્ક દ્વારા પ્રાપ્ત કરવાની અને શિષ્ટ ગ્રંથોનું શોધન કરવાની ઝંખના ઉત્પન્ન કરનાર વિદ્વાનોમાં ટૉમસ લાઈનેકર, વિલિયમ ગ્રૉસીન, જ્હૉન કૉલેટ, ઇરૅઝમસ, ટૉમસ મોર વગેરે અગ્રણી હતા. ઇ. ૧૫૦૪માં કૉલેટે ગ્રીક-લૅટિન ભાષાના માધ્યમવાળી સેન્ટ પૉલ સ્કૂલ ઊભી કરી. એ શાળા માટેનું લૅટિન વ્યાકરણ સુધારી-વધારીને ઇરૅઝમસે પૂરુ પાડયું. આ બધા વિદ્વાનો હ્યુમૅનિસ્ટ તરીકે જાણીતા છે.

ઇરૅઝમસ

ઇરૅઝમસને ગ્રીક ભાષા સંસ્કૃતિની લગની હતી. પારી(સ)થી અસંતુષ્ટ થઈને, ઈટલીનો પ્રવાસ કરવા માટે પૈસા નહિ હોવાથી વખાનો માર્યો એ ઇંગ્લૅન્ડ આવ્યો અને ત્યાં તેની વિદ્યાશક્તિનો લાભ લેનારા તથા તેના આત્મવિકાસમાં સહાયક થનારા મિત્રો મળી ગયા. ઇંગ્લૅન્ડના વિદ્વાનોએ તેને માત્ર પ્રશિષ્ટ ગ્રંથોના પંડિત તરીકે જ નહિ, પરંતુ અતીતના જ્ઞાનનો સંચય કરી વર્તમાનને પ્રકાશિત કરનાર વિદ્વાન તરીકે સન્માન્યો. ઇંગ્લૅન્ડને જ્યારે પ્રશિષ્ટ ગ્રંથોની ભૂખ ઊઘડી હતી તેવે સમયે જ આ પરદેશી વિદ્વાન મળી ગયો અને ઇંગ્લૅન્ડની પ્રજામાં તે રૂડી રીતે ભળી ગયો. કૉલેટ, ગ્રોસીન, લાઇનેકર, લૅટીમર જેવા વિદ્વાનોનો તે પરમ મિત્ર બની રહ્યો. એક પત્રમાં તેણે આ વિદ્વાનોના જ્ઞાનને અંજલિ આપતાં લખ્યું: 'When I hear my Colet, I seem to be listening to Plato himself In Grocyn, who does not marvel at such a perfect round of learning? What can be more acute, profound and delicate than the judgment of Linacre? What has nature ever created more gentle, more sweet, more happy than the genius of Thomas More?' કૉલેટમાં મને ખુદ પ્લેટોનો આત્મા સંભળાય છે. ગ્રોસીનની પરિપૂર્ણ વિદ્વત્તાથી કોણ ચકિત નથી થતું? લાઇનેકરની તીક્ષ્ણ, પ્રગાઢ અને સૂક્ષ્મ વિવેકબુદ્ધિને તો કોણ પહોંચી શકે? અને ટૉમસ મોર? પ્રકૃતિએ એના જેવી ઋજુ, મધુર અને પ્રસન્ન પ્રતિભા ક્યારેય સર્જી હશે ખરી? (The Cambridge Hist. of Eng. Lit. Vol III 1932. P.3)

ટૉમસ મોર: યુટોપિયા

લાઈનેકર અને ગ્રૉસીનનો તથા કૉલેટનો શિષ્ય અને ઇરૅઝમસનો પરમ મિત્ર ટૉમસ મોર અંગ્રેજી માનવતાવાદીઓ (Humanists)ની મંડળીનો સભ્ય હતો. એની પ્રજ્ઞા સાહિત્યમાં વિશિષ્ટપણે પ્રવર્તી હતી. લંડનના એક સુપ્રસિદ્ધ વકીલનો એ પુત્ર એક પાદરીની ભલામણથી ઑક્સફર્ડ જઈ ગ્રીક લૅટિનનો પ્રખર વિદ્વાન બન્યો. કાયદાનો નિષ્ણાત તો એ થયો જ; પણ શિષ્ટ ગ્રંથોના પરિશીલનની તેની તૃષા અદમ્ય હતી. એ પાર્લમેન્ટનો સભ્ય પણ બન્યો (ઈ. ૧૫૦૩-૦૪). રાજા હેન્રી ૮માની કૃપા તેના પર ઊતરી. તેણે એને પરદેશમાં વ્યાપારી કરાર માટે પણ મોકલ્યો ને આ પ્રવાસ દરમ્યાન જ એણે પોતાની પ્રસિદ્ધ કૃતિ 'યુટોપિયા' (Utopia) રચવાનો આરંભ કર્યો. એના જમાનાના બીજા હ્યુમૅનિસ્ટ કેવળ વિદ્વાનો કે શિક્ષણકાર જ હતા. માટે એકતામાં જ સર્ગશક્તિ હતી. તેણે લૅટિનને બદલે એ કૃતિ અંગ્રેજીમાં રચી હોત તો સમગ્ર યુરોપની પ્રતિષ્ઠા તેને કદાચ ધીમેધીમે મળી હોત, પણ અંગ્રેજી સાહિત્યમાં તો એક ખ્યાતનામ સર્જક તરીકે તેનું સ્થાન નિશ્ચિત બની શક્યું હોત. જો કે અંગ્રેજીમાં યે તેણે થોડુંક સાહિત્ય રચ્યું છે, પણ તેની કીર્તિ તો લૅટિનમાં રચાએલા 'યુટોપિયા' પર જ ટકી રહી છે. આવા મોરે હેન્રી આઠમાને રોમના પોપને સ્થાને ઇંગ્લિશ ચર્ચના સર્વોચ્ચ તરીકે સ્વીકારવાનો ઈનકાર કર્યો એટલે રાજાએ તેને ટાવરમાં પૂર્યો અને પાછળથી તેનો શિરચ્છેદ કરાવ્યો. એ શિરચ્છેદ પછી છેક સોળ વર્ષે ઈ. ૧૫૧૬માં યુટોપિયા પ્રસિદ્ધ થયું અને ઇ. ૧૫૫૧માં રાલ્ફ રૉબિન્સને તેનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો.

મોરની કથનશૈલી રસપ્રદ છે. કૃતિનો આરંભ જ કુતૂહલપ્રેરક અને આકર્ષક બની રહે છે. મોર જ્યારે વ્યાપારી કરાર માટે પરદેશમાં હતો ત્યારે ત્યાં તેને કેટલાક મિત્રો થયા. એમાંથી એક રૅફેલ નામના પ્રવાસીનો તેને પરિચય થયો. રાફેલ અમેરિકાની સફર કરી આવ્યો હતો. એના લાંબા પ્રવાસ દરમિયાન તે યુટોપિયામાં જઈ ચડયો. આમ સત્યકથાનો આભાસ કરાવતી મોરની કથનપદ્ધતિ છે. પણ વસ્તુતઃ તો મોરે પોતે જ આ રોમાન્સ કલ્પી કાઢેલો છે. કથાનાયક રૅફેલ દ્વારા મોર યુટોપિયાના નગર અને પ્રજાજનોની તથા ત્યાંના આદર્શ રાજતંત્રની લાક્ષણિકતાઓ વર્ણવે છે. મોરના ચિત્તમાં આદર્શ રાજતંત્ર વિષેની કલ્પના પ્લેટોના 'રીપબ્લિક'માંથી મળી હતી. મોર ગ્રીક સાહિત્યનો ભોક્તા હતો. તેનો નાયક રૅફેલ પણ યુટોપિયાના નગરજનોને ગ્રીસના પ્લેટો, ઍરિસ્ટૉટલ, પ્લુટાર્ક જેવા વિદ્વાનોનો પરિચય કરાવી તેમના ધન્યવાદ મેળવે છે.

યુટોપિયા એક પ્રકારનું રામરાજ્ય છે. ત્યાંના લોકો બારણે તાળાં તો ઠીક, પણ સાંકળ સરખી યે વાસતા નથી. દરેક પ્રજાજન દરેકના ઘરમાં પરવાનગી વિના પ્રવેશી શકે છે. માણસની પોતાની ખાનગી મિલકત જેવું ઘરમાં કશું હોતું જ નથી. ત્યાંના પ્રજાજનોનો પોશાક પણ એકસરખો. અલબત્ત સ્ત્રી અને પુરુષના તેમજ પરિણીત તથા અપરિણીતના પોશાક વચ્ચેનો ભેદ તેમણે જાળવ્યો છે. યુટોપિયાના દરેક નાગરિક માટે રોજ છ કલાક કાર્યક્રમ ફરજિયાત છે. આઠ કલાક તેમને નિદ્રા માટે મળે છે. બાકીના સમયના તેઓ રાજા છે. કોઈ સંગીતમાં, કોઈ રમત-

માં, જેને જેમ પસંદ પડે તેમ તે સમયનો ઉપભોગ કરી શકે છે. આ આદર્શ રાજતંત્રમાં મજૂરોના લોહી અને પસીના પર ધનિકો જીવતા નથી. આળસુઓનું અહીં કામ નથી, ધામ નથી. વિલાસી ધર્મગુરુઓ પણ અહીં નથી. લોકોને પોતાનાં ચિત્ત ખીલવવા માટે પૂરતો અવકાશ મળી રહે છે. સહુકોઈ મુક્ત ચિત્તે વિહરે છે. ત્યાં જેમાંથી હાનિ થાય તે સિવાયના કોઈ આનંદનો નિષેધ નથી. આ એક સર્વમાન્ય નિયમ છે: 'To think no kind of pleasure forbidden, whereof cometh no harm.' યુટોપિયામાં જીવનનિર્વાહની વસ્તુઓ વિના-મૂલ્યે મળી શકે છે. બજારમાં જીવનની જરૂરિયાતોનો જથ્થો હાજર જ હોય. કોઈપણ નગરજન બજારમાં જઇને જરૂરિયાતની ચીજ માગે એટલે તરત તેને તે મળી રહે. ગૃહજીવન જેવું ત્યાં બહુ ઓછું છે. ભોજન પણ સમૂહમાં જ થતાં હોય છે.

ત્યાં લગ્ન અંગેના રિવાજો પણ અદ્‌ભુત છે. લગ્ન કરતાં પહેલાં પસંદગી વખતે યુવતી કે યુવાન એકબીજા સામે સાવ વસ્ત્રવિહીન સ્થિતિમાં ઉપસ્થિત હોય છે. મોર કહે છે: આપણને આવા રિવાજ હાસ્યાસ્પદ લાગે પરંતુ યુટોપિયાની પ્રજાને આપણો રિવાજ હાંસીપાત્ર લાગે છે. આપણે એક નાની સરખી વસ્તુ ખરીદવા જઇએ ત્યારે પૈસા ખરચતાં પહેલાં તે વસ્તુની ઝીણવટથી તપાસ કરીએ છીએ, પણ લગ્નની બાબતમાં આંધળિયાં કરીએ છીએ! પોશાકની પાછળ અંગની કોઈ વિકૃતિ, કશીક ખોડ અપ્રકટ રહી હોય તો પરણનારને શી ખબર પડે? જેની સાથે આખી જિંદગીનો વહેવાર માંડવાનો છે તેની પસંદગીમાં આવી નિષ્કાળજી? યુટોપિયાના લોકોને આપણો આવો રિવાજ 'અદ્‌ભુત' જણાય છે. ત્યાં છૂટાછેડાની પ્રથા પણ છે, પણ તે વ્યભિચારનો આક્ષેપ હોય અથવા પરસ્પરની વર્તણૂક અસહ્ય બની હોય ત્યારે જ. પત્નીને અકસ્માત શારીરિક ખોડ આવી જાય, તેટલામાત્ર કારણથી પતિ તેને તરછોડી શકતો નથી.

યુટોપિયામાં કાયદા થોડા છે અને વકીલો નથી. વિદ્વાનોની ત્યાં ભારે પ્રતિષ્ઠા છે. ડૉક્ટરોનું પણ ખૂબ ગૌરવ છે. ઑસ્પિટલની વ્યવસ્થા એવી આદર્શ છે કે દર્દી ઘરને બદલે ઑસ્પિટલમાં જ રહેવાનું પસંદ કરે. રોગ અસાધ્ય ને પીડા અસહ્ય હોય તો આપઘાતની છૂટ; તે સિવાય આપઘાતનો સર્વત્ર નિષેધ છે. યુટોપિયાના પ્રજાજનો યુદ્ધને હાડોહાડ ધિક્કારે છે. લડાઈ તેમને મન જંગાલિયત છે. છતાં યુદ્ધ જો માથે આવી પડે તો દરેક નાગરિક સજ્જ સૈનિક પણ બની શકે છે. ત્યાંની એક મોટી વિચિત્રતા તો એ છે કે ત્યાં લોખંડ મૂલ્યવાન ધાતુ છે, કારણ તેના ઘણા ઉપયોગ છે. સોનાની ત્યાં સર્વથા ઉપેક્ષા છે. તેઓ ખાવાપીવામાં માટી કે કાચનાં પાત્રોનો ઉપયોગ કરે છે, પણ સોનારૂપાનાં પાત્રો તુચ્છ ઉપયોગ માટે જ રાખે છે. કેદીઓની સાંકળ સોનારૂપાની હોય!

યુટોપિયાની પ્રજાનો ધર્મ કયો? મોર વર્ણવે છે—કેટલાક સૂર્યદેવને તો કેટલાક ચંદ્રને પૂજે છે; કેટલાક બીજા ગ્રહોને ભજે છે; પણ મોટા ભાગના સમજુ લોકો માને છે કે કોઈ ઇશ્વરી શક્તિ અદશ્યરીતે સૃષ્ટિનું સંચાલન કરી રહી છે. તે શક્તિ અગમ્ય, અનંત, અપ્રાપ્ય છે. અને સૌથી વિશેષ તો ત્યાં પોતપોતાનો ધર્મ પાળવા-જાળવવાની બાબતમાં સંપૂર્ણ છૂટ છે.

યુટોપિયના આદર્શ રાજતંત્રનું ને ત્યાંની સર્વરીતે સહિષ્ણુ પ્રજાનું આવું વર્ણન કરનાર એ જ ટૉમસ મોર ઇંગ્લૅંડનો લૉર્ડ ચાન્સેલર થયા પછી પ્રજા પ્રત્યે અતિ ક્રૂરતાથી, આપખુદીથી વર્ત્યો એ પણ કેવી વિધિવક્રતા!

મોરનું 'યુટોપિયા' સાહિત્યના ઇતિહાસમાં અનેક રીતે મહત્ત્વનું ગણાયું છે. એક તો નવજાગૃતિકાળના આમુખ રૂપ એ કૃતિ છે. વિચારની દિશામાં એનું નવપ્રસ્થાન છે. ભૂતકાળનાં સ્થાપિત મૂલ્યોને તેમાં પડકાર છે. યુદ્ધ સામેનો તેનો રોષ આ પુસ્તકમાં તીક્ષ્ણરીતે પ્રગટયો છે. સૈનિકો તેની દષ્ટિએ માનવહત્યારા છે. તે યુદ્ધને છેલ્લામાં છેલ્લા ઈલાજ તરીકે જ વાજબી ઠરાવે છે. સમાજવાદની તે તરફેણ કરે છે.

લઘુકથા

લીમડો

બંસીકુમાર બારોટ

અત્યારે તો હાઈસ્કૂલ છે, પણ વીસ વર્ષ પહેલાં મિડલ સ્કૂલ હતી. ને આ લીમડો પણ. સર, પંડયા, દવે, ટિલાવત એ શિક્ષકો સવાર-સાંજ આ લીમડા નીચે બેસતા. અંગત વાતોચીતો થતી ને એકબીજાના ખબરઅંતર પુછાતા. ભગત આસન પાથરી આપતો ને પાણી પાતો. સૌના ગયા પછી શાળા વાસીને એ સરને ત્યાં ચાવીનો ઝૂડો પહોંચાડી દેતો.

કોઈને ત્યાં કોઈ સાજુંમાંદું હોય તો બાકીનો સ્ટાફ ત્યાં પહોંચી જઈ એને સધ્યારો આપતો. સરને સૌ વડીલ ગણતા ને એમની આમન્યા રાખતા. પોતાના કૌટુંબિક પ્રશ્નોમાં સ્ટાફ સરની સલાહ લેતો. સ્ટાફનાં સંતાનોના સંબંધ વગેરે જેવી બાબતોમાં સરની સલાહ લેવાતી અને સર વેવિશાળ કે લગ્ન સુધ્ધાંનું નક્કી કરી આપતા. પ્રતિદિન એક પરિવારની ભાવના સ્ટાફમાં દઢતર બનતી જતી. એક જ ડાળનાં એ સૌ પંખી આ લીમડા તળે આવતાં, સાથે બેસતાં, કૂજતાં ને સાંજે પોતપોતાના માળે જવા આનંદથી છૂટાં પડતાં.

અત્યારે તો હાઈસ્કૂલ છે. મિડલ સ્કૂલનું મકાન પણ વિસ્તર્યું છે. વિસ્તાર વધ્યો છે. ચારને બદલે હવે ચોવીસનો સ્ટાફ છે. ભગત સિવાય બધા જ નવા છે. સંધ્યાના રંગની જેમ દર વર્ષે એ પણ બદલાતો રહે છે. ગામલોકોને યે એમની ઓળખ નથી. ભગતને યે પૂરો પરિચય નથી. પરિચય થતાં સુધીમાં તો કોઈક ઊપડયું જ હોય. યુવાન શિક્ષકો અને યુવાન આચાર્ય. ગામમાં તો સૌ એને 'છોકરવાજું' જ કહે છે અને એમની સાથે નાતો બાંધતાં ય ખચકાય છે. પણ શાળાના છોકરાઓને તો સ્ટાફ સાથે ફાવે છે. એમને તો એ પોતાના જેવા જ લાગે છે.

આ સ્ટાફ સાંજે નિરાંતે લીમડા નીચે બેસતો નથી. નવરો પડે કે આઘોપાછો થવા લાગે છે. સાચવ્યા છતાં એની આંખમાં એકબીજાથી કંઈક સંતાડવાનો સાશંક ભાવ વરતાઈ આવે છે. સૌ જાણે સંતાકૂકડી રમે છે, પણ કોણ દાવ લે છે ને કોણ પકડાય છે એ કળાતું નથી. વૃક્ષ એક જ છે પણ પંખીઓ નોખીનોખી ડાળે બેસે છે.

પણ ભગતનો એક પરિચિત મિત્ર હજી છે: લીમડો. સાંજે શાળા બંધ થયા પછી ભગત ત્યાં જઇને બેસે છે. એકાદ બીડી પીએ છે અને લીમડા સાથે સર, પંડયા, દવે ને ટિલાવતની વાતો માંડે છે ને મોડી સાંજે એ ઘેર જાય છે. રાતે સપનામાં એ લીમડા સાથેની અધૂરી વાતો પૂરી કરે છે.

પણ ગઈ કાલે જ કમિટીએ ઠરાવ કરીને એ લીમડો કપાવી નાખવાનું નક્કી કર્યું છે. એટલે લીમડો ય હવે જશે... સર, દવે, પંડયા ને ટિલાવતની જેમ. □

ધનસંચય તેને મન અનિષ્ટ છે. સુવર્ણની તે અપ્રતિષ્ઠા કરે છે. મોરના આ ક્રાંતિકારી પુસ્તકમાં જીવન જીવવાનો, રાજતંત્રના સંચાલનનો એક નૂતન અભિગમ દેખાય છે. મનુષ્યની સદ્‌ભાવનામાં મોરને શ્રદ્ધા છે.

અંગત જીવનમાં સન્નિષ્ઠ ખ્રિસ્તી, નમ્ર આજ્ઞાંક્તિ કૅથૅલિક અને સંયમી જીવન ગાળનારો આ લેખક એની રૂઢ માન્યતાઓને બાજુ પર ફગાવીને આ નવીન ક્રાંતિકારી વિચારોથી સભર પુસ્તક કેમ લખી શકયો તેનું વિવેચકોને વિસ્મય છે. આ પુસ્તકમાં એની રૂઢ લાગણીઓ ઉપર એની બુદ્ધિનો પ્રભાવ વિદ્વાનોએ નોંધ્યો છે. વિવેચક લગવી આ પુસ્તકમાં એકસાથે લેખકની એક તરંગી સ્વપ્નદ્રષ્ટા તરીકેની તેમજ તર્કશાસ્ત્રી તરીકેની બેવડી પ્રતિભા નિહાળે છે: 'The book is partly the work of a dreamer led by his fancy and a logician who systematizes his ideas. તદુપરાંત

રોજિંદા વપરાશના ગરમ મસાલામાં મરી ઘણાં જાણીતાં છે. સ્વાદ પરથી એ 'તીખાં'ના નામે પણ ઓળખાય છે. આપણે ત્યાં દક્ષિણ ભારતમાં તમીળનાડુથી કેરાળા સુધી એનું વાવેતર થાય છે. સોપારીનાં વૃક્ષો પર એના વેલા ચડાવવામાં આવે છે, જે વીસત્રીસ ફૂટ સુધી વધે છે. સારો ફાલ લેવા વેલાને ઉપરથી અવારનવાર કાપી નખાય છે. નાગરવેલની જેમ જ એનું વાવેતર થાય છે ને એનાં પાન પણ નાગરવેલ જેવાં હોય છે. મરીના વેલા પર ગુચ્છાદાર મંજરી આવે છે. તેનાં ફળ તે મરી. ઘણાં વર્ષ સુધી મરીના વેલા ટકે છે. કલમ કરવાથી વેલા સારાં ફાલે છે.

બે પ્રકારનાં મરી બજારમાં મળે છે. અર્ધપાકા દાણાને સૂકવીને વેચે છે તે કાળાં મરી અને પૂરાં પાકી ગયા બાદ ફોતરાં કાઢી નાખેલાં તે સફેદ મરી. કાળાં મરી કરતાં એની તીખાશ ઓછી હોય છે. પૂરાં પાકેલાં હોઈ સફેદ મરી ગુણમાં શ્રેષ્ઠ ગણાય છે અને મસ્તક તથા આંખની કમજોરી માટે ઉપયોગી છે. લીલાં મરીનું અથાણું પણ બને છે. લીલાં મરીની મંજરીઓ સમુદ્રના પાણીમાં બોળી રાખવાથી લાંબા સમય સુધી ટકી રહે છે. મરીના વેલા પર શીંગો બેસે છે તેને 'ગજપીપર' કહે છે, તથા તેનાં મૂળને 'ચવક'. ઔષધોમાં એ પ્રયોજાય છે.

મરચાં કરતાં એ ઓછાં દાહક અને વધુ ગુણકારી હોઈ ઘણા વિસ્તારોમાં મરચાંને બદલે મરી વપરાય છે. યોગ્ય રીતે વપરાય તો તે રસાયણ ગુણ આપે છે. રોજિંદા મસાલા ઉપરાંત ઔષધીય ગુણોને કારણે મરી નસ્ય, અંજન, લેપ અને કોગળા કરવામાં પણ વપરાય છે.

મરી તીખાં, તીક્ષ્ણ, અગ્નિને પ્રદીપ્ત કરનાર, કફ તથા વાયુને મટાડનાર, પિત્તજ અને રુક્ષ છે. મરીથી ઉદરશૂળ, આફરો, અગ્નિમાંદ્ય, અર્શ, અતિસાર, ગ્રહણી ને કૃમિરોગ મટે છે. મરી ને લસણને પીસી ભોજનના પ્રથમ કોળિયામાં ઘી સાથે મેળવીને ખાવાથી વાયુ મટે છે. જીર્ણજ્વરમાં મરીનો ક્વાથ ગુણકારી છે. ધોળાં મરી ઘી સાકર સાથે ખાવાથી મગજની ગરમી શાંત થઈ આંખોનું તેજ વધે છે. નેત્રાંજનમાં ધોળાં મરી મેળવવાથી આંખનો મેલ બહાર નીકળી જઈ દૃષ્ટિ બલવાન બને છે.

યુનાની મત પ્રમાણે મરી ઉષ્ણ ને રુક્ષ હોઈ કામોત્તેજક ને વિરેચક ગણે છે. વળી, વારંવાર આવતા ઓડકાર, અરુચિ, દંતશૂળ, પેઢાંનો સોજો, યકૃતપીડા, પ્લીહાવૃદ્ધિ, કટિવાત, પક્ષાઘાત, શ્વેતકોઢ, કંઠમાળ અને સ્ત્રીઓના માસિકની ન્યૂનતા વગેરે પર એને હિતકારી ગણે છે.

આધુનિક વૈદકના મત પ્રમાણે મરી ખાવાથી મોંમાં લાળ વધુ સ્રવે છે, ધમની તથા ચામડી સતેજ થાય છે. ગુદનલિકા, મૂત્રાશય, ગર્ભાશય અને જનનેંદ્રિય પર મરીની અસર ઉત્તેજક છે. પણ મરીનો વધુકો ઉપયોગ હોજરી તથા આંતરડામાં બળતરા કરે છે, ચામડી પર શીતપિત્તના જેવાં ચાઠાં થાય છે. આંતરડાં અને ગુદનલિકામાં દાહ થતો હોય ત્યારે મરીનો ઉપયોગ ન કરવો જોઈએ.

રોજ મરીના બેત્રણ દાણા ગળવાથી કોઈ રોગ થતો નથી એવું મનાય છે. ગરમ દૂધમાં મરીની ભૂકી અને સાકર નાખી પીવાથી સળેખમ અને ઉધરસ મટે છે. મધ સાથે મરી ચાટવાથી પણ ઉધરસમાં આરામ થાય છે. ઘી, મધ અને સાકર સાથે મરીનું ચાટણ બધી જાતની ખાંસી માટે ગુણકારી છે. રોજ મરીના પંદર વીસ દાણા તાજા વાટીને મધ સાથે ચાટવાથી શ્વાસરોગમાં ફાયદો થાય છે. ઘી અને ખાંડ સાથે મરીનું ચૂર્ણ સવાર-સાંજ ચટાડવાથી અગ્નિ પ્રદીપ્ત થઈ બાળકની નિર્બળતા દૂર થાય છે ને તેને શરદી રહેતી હોય તો મટી જાય છે.

દહીં અને ગોળ સાથે રોજ મરીનું ચૂર્ણ ખાવાથી લાંબા સમયની શરદી અને પીનસ રોગ મટે છે. આ પ્રયોગ દરમિયાન થોડા દિવસ બીજો બધો ખોરાક બંધ કરી કેવળ દહીં પર રહેવાથી વધુ ફાયદો થાય છે.

ત્રણથી છ માસા મરી લઈ વાટી, ચાળીસ તોલા પાણીમાં નાખી અષ્ટમાંશ કાઢો કરી તેમાં બે તોલા સાકર મેળવીને પીવાથી તાવ ઊતરે છે. કરિયાતા જેવી એકાદ કડવી ઔષધિ સાથે મરીની ફાકી લેવાથી તાવ ઊતરવા સાથે શરીરમાં આવેલી સુસ્તી પણ દૂર થાય છે. તુલસીના રસ અને મધ સાથે મરીનું ચૂર્ણ લેવાથી મૅલેરિયા મટે છે.

તાજો ફુદીનો, ખારેક, મરી, સિંધવ, હિંગ, દ્રાક્ષ અને જીરું આ બધાંની ચટણી બનાવી લીંબુના રસ નાખી ખાવાથી મોંની ફિકાશ તથા વાયુ દૂર થઈ રુચિ અને સ્વાદ વધે છે તથા પાચનશક્તિ સતેજ બને છે.

મરીનો ફાંટ પીવાથી કે સૂંઠ, મરી, પીપર અને હરડેના ચૂર્ણને મધમાં મેળવી ચાટવાથી અપચો અને આફરો મટે છે.

મરી, ચિત્રક અને સંચળનું ચૂર્ણ છાશમાં મેળવી પીવાથી ગોળો, ઉદરશૂળ, મંદાગ્નિ, બરોળ, સંગ્રહણી ને અર્શમાં ફાયદો થાય છે. મધ સાથે મરીનું ચૂર્ણ ચાટી ઉપર છાશ પીવાથી કે છાશ સાથે એકલાં મરી લેવાથી મરડો મટે છે. મરી ને મીઠું એકત્ર કરી ફાકવાથી ઊલટી શાંત થાય છે.

મરી દસ રતી, ઘીમાં શેકેલી હિંગ દસ રતી અને અફીણ આઠ રતી એકત્ર કરી એની બાર ગોળીઓ બનાવવી ને કલાક-કલાકના આંતરે દિવસમાં ત્રણ ચાર વખત એક એક ગોળી પાણી સાથે આપવાથી કૉલેરામાં ફાયદો થાય છે. વળી, કૉલેરામાં હાથપગમાં કળતર થતી હોય તો ડુંગળીના રસમાં મરીનું ચૂર્ણ નાખી માલિશ કરવાથી પીડા મટે છે. મરી એક માસો, હિંગ એક માસો અને કપૂર બે માસા લઈ, પહેલાં હિંગ અને કપૂર મેળવી પછી તેમાં મરી મેળવી સોળ ગોળી બનાવવી. આ ગોળી અર્ધા અર્ધા કલાકે એક એક લેવાથી કૉલેરાના ઝાડા ઊલટી ચાર છ કલાકમાં શાંત પડે છે.

આદુ અને લીંબુના રસમાં એક માસો મરીનું ચૂર્ણ નાખી પીવાથી ઉદરશૂળ મટે છે. સાકર અને ઘી સાથે મરીનું ચૂર્ણ લેવાથી ચકરી ને ભ્રમ વગેરે મટે છે. દહીં અને જૂના ગોળમાં મેળવીને મરી પીવાથી પડતું લોહી બંધ થાય છે. મરીનું ચૂર્ણ ઘી સાથે ચાટવાથી તથા ઘીમાં મરી વાટીને લેપ કરવાથી શીળસ મટે છે. ઠંડા પાણીમાં મરીને બારીક વાટીને લેપ કરવાથી વાયુથી જકડાઈ ગએલા અંગમાં ફાયદો થાય છે.

મરી અને ગંધકને બારીક વાટી ઘીમાં ખૂબ ખરલ કરી એ ઘી શરીરે ચોપડી તડકામાં બેસવાથી ખસ-લૂખસ મટે છે.

ધોળાં મરીને દહીંમાં કે મધમાં ઘસીને સવાર-સાંજ આંખમાં આંજવાથી રતાંધળાપણું મટે છે. મરીને પાણીમાં ઘસીને આંખની આંજણી પર લગાડવાથી એ જલદી પાકી જઈને ફૂટી જાય છે. મરીના અંજનથી બેશુદ્ધ માણસમાં ચેતન આવે છે તથા મરીના ચૂર્ણને નાકમાં ફૂંકવાથી ઘણી છીંકો આવી બેશુદ્ધિ દૂર થાય છે. મરીનું ચૂર્ણ સૂંઘવાથી ખૂબ છીંકો આવે છે.

અર્ધો તોલો મરીનું ચૂર્ણ પાંચ તોલા માખણમાં મેળવીને ખવડાવવાથી સોમલનું અને મરીની ભૂકી પાણીમાં કાલવીને શરીરે ચોપડવાથી હરતાલનું વિષ ઊતરે છે.

માધવ મો. ચૌધરી

મધ્યકાલીન સમાજનાં અનિષ્ટો પર પ્રહાર કરતા કટાક્ષકાર તરીકે પણ લગવીને તેની પ્રતીતિ થઈ છે.

મોરમાં એક સમર્થ વિદ્વાન, રાજપુરુષ, મુત્સદ્દી અને કલાપ્રેમી એ સર્વનો સુયોગ હતો. તેણે જે કંઈ ઉત્તમ લાગ્યું તે સંસ્કૃતિના નવા આદર્શરૂપે રજૂ કર્યું. તેનો રાજ્ય (State) વિષેનો આદર્શ ખ્રિસ્તી ધર્મ પ્રેરિત નહિ પણ હ્યુમૅનિસ્ટ તરીકેનો હતો. હેન્રી આઠમા સાથે તેને સંઘર્ષમાં ઊતરવું પડ્યું. એ રાજાના સમયનો એ મહાન સર્જક-વિદ્વાન અને એ રાજાને હાથે જ એનું કરુણ મૃત્યુ! ડેવિડ ડેચીઝ કહે છે તેમ: 'He remains the glory and the tragedy of Henry VIII's reign.'

(ચાલુ)

કલારવિ ૮૨૮ તરફની છબી રંગપૂરણી કરીકામ



પાછળ આપેલી રંગપૂરણી હરીફાઈની શરતો

શરતો : (૧) આ જ રેખાચિત્રમાં પોતાની સૂઝ પ્રમાણે માત્ર જળરંગ જ પૂરીને ૩૦મી સપ્ટે. સુધીમાં તે 'કુમાર'ના તંત્રીને મોકલવું. (૨) ચારે બાજુના માર્જિન કાપવા નહિ કે તેમાં રંગ પૂરવો નહિ (૩) હરીફાઈના બે વિભાગો છે : ૧૨ થી ૧૮ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે **અ** ને ૧૯ થી ૨૪ની વયનાં વિદ્યાર્થીઓ તથા ચિત્રશિક્ષકો માટે **બ**. (૪) દરેક હરીફ માત્ર એક જ કૃતિ મોકલી શકશે. (૫) **અ** વિભાગમાં પહેલું રૂ. ૧૦ અને બીજું રૂ. ૭નું તથા **બ** વિભાગમાં પહેલું રૂ. ૧૫ અને બીજું રૂ. ૧૦નું ઈનામ રહેશે. (૬) ઈનામને પાત્ર ઠરેલી કૃતિ પાછી અપાશે નહિ; તે સિવાયની કૃતિ પાછી મેળવવી હોય તો પોતાના નામસરનામાવાળું **પૂરતી ટિકિટો ચોડેલું કવર** ચિત્રની સાથે જ મોકલવું. (૭) હરીફાઈ અંગે કશો પત્રવ્યવહાર થશે નહિ. આ રેખાચિત્રની છૂટી પ્રત ૧૦ પૈસામાં મળી શકશે. ટપાલથી મંગાવનારે ૩૫ પૈસાની ટિકિટો બીડવી.

પૂરું નામ __________

(વય ____ વિભાગ ____)

પૂરું સરનામું __________

વિદ્યાલયનું નામ __________

વાલી અથવા મુખ્ય શિક્ષકની સહી __________

મામા સામે પરસ્પર વિરોધી આરોપ

અમારા ગંગનાથ વિષે મેં જે અટકળ કરી હતી તે સાચી નીવડી. મામાને સંસ્થામાંથી તો દૂર કર્યા, છતાં અમારી સંસ્થા વિષે બ્રિટિશ સરકારની નારાજી અને શંકા તો દૂર ન જ થયાં.

એક વાર વડોદરાના કમાટીબાગમાં (જ્યાં મ્યૂઝિયમ છે એ સાર્વજનિક બગીચામાં) એક રેસ્ટોરાંમાં નજીકની બ્રિટિશ છાવણીના સૈનિકો ચા પીવા આવ્યા હશે. એ લોકોએ ત્યાંની એક-બે સ્ત્રીઓને હેરાન કરવાનું વિચાર્યું હશે. એ જ રેસ્ટોરાંમાં ગએલા એક તરુણે એ જોયું. એણે સ્ત્રીઓ સાથે આવો ગેરવર્તાવ ન કરવા એમને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું.

વડોદરા રાજ્ય પર ધાક બેસાડવા રાખેલી ફોજના સિપાઇઓ (ભલે શરીરે સ્વદેશી હોય) આવું અપમાન સહન કરે? 'તમે અમને પૂછનાર કોણ છો?' એટલું પણ કહેવાની એમની તૈયારી ન હતી. એમણે બધાના દેખતાં પોતાનું વલણ ચાલુ રાખ્યું.

પોતાના દેખતાં આ ઉદ્દામ સિપાઇઓ સ્ત્રીઓને છડેચોક છેડે છે એ પેલા તરુણથી સહન ન થયું. એણે પોતાના ધોતિયામાં સંતાડી રાખેલી રિવૉલ્વર બહાર કાઢી, ને પેલા આતતાયી સિપાઇને ત્યાં ને ત્યાં ખતમ કર્યો.

એને તરત પિસ્તોલ સાથે પકડવામાં આવ્યો. કોર્ટમાં એણે બનેલી બધી હકીકત કશું છુપાવ્યા વગર સાફસાફ કહી દીધી. મૅજિસ્ટ્રેટ ઉપર એની સારી અસર થઈ હશે. વડોદરા પોલીસને પણ ગમ્યું તો હશે જ. આખરે 'વગર પરવાનગીએ પોતાની પાસે રિવૉલ્વર રાખવા માટે' એને નાનકડી સજા થઈ અને ત્યાં જ એ પ્રકરણ પૂરું થયું.

હવે વાત એ હતી કે અત્યાચારી સિપાઈનું ખૂન કરનાર એ તરુણ અમારા ગંગનાથ વિદ્યાલયનો જૂનો વિદ્યાર્થી હતો. એ ચાલુ વિદ્યાર્થી ન હોવાથી, કાયદાની તેમજ નૈતિક રૂએ સંસ્થાની કશી જવાબદારી ગણાય નહિ. તો પણ અમારી વિરુદ્ધ ખાનગી રિપોર્ટ લખવા માટે પોલીસખાતાને સારું સરખું સાધન મળ્યું.

ત્યાર પછી થોડા જ દિવસોમાં દિલ્હી દરબાર થયો. એમાં ઇંગ્લૅંડના રાજા 'ભારતના બાદશાહ' તરીકે લોકોની પૂજા ઉઘરાવવા આવેલા. દિલ્હી દરબારમાં બાદશાહને મળવા જતાં, અને સલામ કરતાં, સયાજીરાવ ગાયકવાડે પૂરી અદબ ન બતાવી: પાછા ફરતાં બાદશાહ તરફ પીઠ કરી. આ માટે સયાજીરાવને ગાદી પરથી ઉઠાવી લેવા જોઇએ એ જાતની હોહા લૉર્ડ ક્યૂએ ચલાવી. ગોરા દીવાન તરફથી પણ ખાનગી રિપોર્ટ ગયો હશે કે બ્રિટિશ રાજ્ય વિરુદ્ધ રાજદ્રોહી પ્રવૃત્તિ વડોદરા રાજમાં છૂપી રીતે ચાલે છે. પરિણામે જ્યાંત્યાં લોકોને દબાવવાની પેરવી શરૂ થઈ. એમાં અમારું ગંગનાથ વિદ્યાલય બંધ થયું; કેશવરાવ દેશપાંડેને પોતાની નોકરીનું રાજીનામું આપવું પડયું; ખાસેરાવ જાધવને પણ ઓછુંવત્તું સહન કરવું પડયું; અને આપણા મામાસાહેબે વડોદરામાંથી છટકી જઈ કાઠિયાવાડમાં ગિરનારના જંગલમાં તપસ્યા શરૂ કરી.

બરાબર આથી ઊલટું એક જૂનું પ્રકરણ લખવાનું રહી જ ગયું. મામા જ્યારે વડોદરામાં રહેતા હતા ત્યારે ઘોડદોડ ઉપર મારે ત્યાં અવારનવાર આવે. એક દિવસે એક શિક્ષક મારે ત્યાં આવીને મને એક બાજુ લઈ જઇને ધીમે અવાજે કહેવા લાગ્યા: 'કાકાસાહેબ, આજથી તમે આ મામાને તમારે ત્યાં આવવા નહિ દેતા.' 'પણ થયું છે શું?' મેં પૂછ્યું.

'કહે છે કે મામા સી. આઈ. ડી.ના માણસ છે.' 'શા પરથી?'

'શા પરથી શું પૂછો છો? મુદ્દામાલ સાથે સિદ્ધ થયું છે કે તેઓ સી. આઈ. ડી. છે. એમણે અમુક માણસ વિરુદ્ધ પોલીસખાતાને એક ખાનગી રિપોર્ટ મોકલ્યો તે પરથી પોલીસોએ એ માણસોના ઘરની જડતી લીધી, ને ત્યાંથી રાજદ્રોહી ચોપડીઓ મળી, જે તેઓ જપ્ત કરી ગયા છે.'

આ બધું સાંભળી મને આઘાત તો થયો, પણ એક ક્ષણ માટે વિચાર કરી મેં કહ્યું: 'તમે કહ્યું એ સારુ કર્યું. પણ ગોટાળો શું છે એની તપાસ કરવી જ પડશે. એટલું કહું, કે મારું ઘર મામાને માટે હું વર્જ્ય કરવાનો નથી. હું એમને સીધો પૂછીશ કે આ બધું છે શું? જોઉં તો ખરો મારી આગળ કેમ જુઠ્ઠું બોલી શકે છે?'

આટલું કહી મેં એ શિક્ષકને મારી પાસે બેસાડી દીધા અને મારી ભૂમિકા મેં એમને સમજાવી. મેં કહ્યું: 'હું ગંગનાથમાં દાખલ થએલો તે પહેલાંના મામા દાખલ થએલા છે. મારા કરતાં તો તમને જ એમની સાથે પરિચય વધારે. અત્યાર સુધી તમને કોઈ કાળે શંકા થઈ હતી ખરી કે એ સી. આઈ. ડી. છે? આજે તમે કહો છો એ વાત જો સાચી હોય તો વિચાર કરવો જ જોઈએ. પણ જેમને ક્રાંતિનાં ગુપ્ત કામો કરવાનાં છે, ક્રાંતિ પર જેમનો વિશ્વાસ છે તેમને આમ ડરપોક થયે પાલવે નહિ. એકબીજાનું ગળું એકબીજાના હાથમાં સોંપતાં પહેલાં બધી રીતે વિચાર કરવો જોઈએ. એક વાત સાચી છે કે આપણે અત્યાર સુધી એક પણ ગેરકાયદેસર કામ કર્યું નથી, આપણે હાથે કશો અત્યાચાર થયો નથી, પણ વિચાર-વિનિમયની બાબતમાં અને આગળની યોજનાઓ વિચારવામાં આપણે એમની સાથે કશો સંકોચ રાખ્યો નથી. આજે જો મામા મને દગો દેવાના હોય તો એમને હાથે ફાંસીએ લટકવાને હું તૈયાર છું. મામાની દગાબાજીના ભોગ થવામાં મને સંતોષ જ થશે. દેશમાં દગાબાજી નથી એમ નથી, પણ તે ધોઈ કાઢવાનો આ જ એક માર્ગ છે. નહિ તો કોઈ કોઈના પર વિશ્વાસ જ નહિ રાખે. કાલે મામા મારે ત્યાં આવશે ત્યારે મામાને સીધો જ પૂછીશ કે આ બધું છે શું?'

બીજે દિવસે મામા મારે ત્યાં આવ્યા ત્યારે મેં પ્રારંભ જ આ રીતે કર્યો: 'મામા, સાંભળો; કહે છે કે તમે સી.આઈ.ડી.ના માણસ છો. તમે અમુક ભાઈ સામે તમારા પોલીસ ખાતા આગળ ગુપ્ત રિપોર્ટ કર્યો, જેને પરિણામે પોલીસોએ એમના ઘરે ધાડ પાડી, ને અમુક પુસ્તકો જપ્ત થયાં. તો આ બધું છે શું? સીધું કહો.' મારું પહેલું વાકય સાંભળતાંવેંત મામાનો ચહેરો ચકિત થયો હતો. આખું તહોમતનામું સાંભળ્યા પછી એમની ટેવ પ્રમાણે માથું ઊંચું કરી, છાતી આગળ કાઢી મામાએ જોરથી હસી દીધું અને ત્યાર પછી આખો બનાવ એમણે મને કહી બતાવ્યો.

મામાને સાહિત્યનો શોખ અસાધારણ. અમે બધા એને ગાંડપણ તરીકે ઓળખીએ. અમારા જેવા ગરીબો પાસે ચોપડીઓ ખરીદવા જેટલા પૈસા કયાંથી? એટલે મામાએ એ ભાઈ પાસે જઇને અમુક ચોપડીઓનો એક આખો સેટ માગી લીધો. મામા જેવો રાષ્ટ્રીય સંસ્થાનો એક શિક્ષક માગે છે, અને પોતાની એ ચોપડીઓ ઝાઝી વેચાતી પણ નથી, એટલે માગેલી બધી ચોપડીઓ એમણે ભેગી કરી પોતાના રિવાજ પ્રમાણે એ બધી એક બ્રાઉન પેપરમાં વ્યવસ્થિત રીતે બાંધી, એના ઉપર દોરી બાંધી વેપારી ઢબની ગાંઠવાળી, અને પૅકેટ મામાને આપી દીધું. મામાએ એ બંડલ એવું ને એવું જ પોતાના ઘરમાં રાખ્યું હતું, ખોલ્યું પણ ન હતું. જ્યારે મામા ઉપર તહોમત તો એ હતું કે એમણે એ ચોપડીમાંથી રાજદ્રોહી ભાગ ઉપર નિશાનીઓ કરી એ બધી ચોપડીઓ પોલીસખાતાને સોંપી દીધી હતી, ને તેથી જ એ ગ્રંથકાર-પ્રકાશકના ઘરની જડતી થઈ હતી.

મામા પર તહોમત મૂકનાર માણસ આગળ મામા સીધા ગયા, ને એમને સીધા પોતાને ઘેર લઈ ગયા. ત્યાં એમના હાથમાં પેલું બંડલ સોંપી એને ચોપડીઓ આપનારને ત્યાં લઈ ગયા. પેલા ભાઈએ તરત કહ્યું કે આ બંડલ મેં જેવું બાંધ્યું હતું તેવું જ છે; કોઈએ તેને ખોલ્યું નથી લાગતું.

આ રીતે પુરાવો તો આખો ઓગળી ગયો, પણ સમાજમાં જે શંકા ફેલાવી તે દૂર કરવાની તકલીફ કોણ ઉઠાવે? (ચાલુ)

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ભોળું · ભૂલું

'ભૂલું પડવું' એટલે જવાનો રસ્તો કે સ્થાન ચૂકી અન્યત્ર પહોંચવું. 'ભૂલ' એટલે ક્ષતિ, ખામી, કશું ચૂકી જવું, એકને બદલે બીજું થવું. 'ભૂલી જવું' એટલે વિસ્મરણ થવું. 'ભૂલકણું' એટલે ભૂલી જવાના સ્વભાવવાળું. જે સાચું, મૂળ, ઈષ્ટ કે અભિપ્રેત હોય તે ચૂકવું એવો ભાવ 'ભૂલું' અને તેમાંથી સાધિત અન્ય શબ્દોની સાથે સંકળાએલો છે. એક રીતે જોતાં આમાં ચિત્ત, વિચાર, બુદ્ધિ, સ્મૃતિ કે આચરણ, સાધારણ રીતે જેમ પ્રવર્તવાં જોઈએ તેમ પ્રવર્તતાં નથી ને ખોટી રીતે પ્રવર્તે છે એવો ભાવ પાયામાં છે.

પ્રાકૃતમાં 'ભુલ્લ' એવું સ્વરૂપ છે. તેને મળતો કોઈ સંસ્કૃત શબ્દ નથી.

'ભોળું' એટલે સરળ સ્વભાવનું, કૂડકપટ વગરનું, પાકા જ્ઞાન કે અનુભવ રહિત, ભોટ. 'ભોળિયું', 'ભોળપણ' કે 'ભોળપ', 'ભોળા ભાઈ!', 'ભોળો નાથ', 'ભોળો ભટ', હિન્દી 'ભોલાભાલા' વગેરે પ્રયોગોમાંથી ઉપર્યુક્ત અર્થછાયાઓ પ્રતીત થાય છે. આમાં પણ એક રીતે જોઈએ તો ચિત્ત કે બુદ્ધિ તીવ્ર ન હોવાનો ભાવ પાયામાં છે.

વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'ભૂલું' અને 'ભોળું'નું મૂળ એક જ હોવાનું જણાય છે. એકના મૂળ સ્વરૂપમાં બેવડો લકાર અને બીજાના મૂળ સ્વરૂપમાં એકવડો લકાર હોવાથી ગુજરાતીમાં લકારવાળું અને ળકારવાળું રૂપ અનુક્રમે સિદ્ધ થયું છે. નીચેની જોડીઓ સ્વરૂપની તેમ જ અર્થની દૃષ્ટિએ પરસ્પર સંકળાએલી હોવાનું જોઈ શકાશે :

ડોલવું : ડોળી/ઝૂલવું : ઝોળો/ખુલ્લું : ખોળ/ભૂલું : ભોળું/લોલું : લોળિયું

આ બધાં સ્વરૂપભેદ સાથે અર્થભેદ વિકસ્યાનાં ઉદાહરણ ગણી શકાય. **હરિવલ્લભ ભાયાણી**

બે કાવ્યસંગ્રહો

ઝાંખી અને પડછાયા

'અણગમતું, હું રમતું રમતું
ઊડી જઈશ રે વણમાળાનું પંખી.'

પોતાના આ કાવ્યસંગ્રહની પ્રથમ કૃતિનો અંત લાવતાં પિનાકિન્ ઠાકોર ઉપર્યુક્ત પંક્તિઓ ગાય છે. વાત સાચી છે. કવિ-પંખીને વળી માળો કેવો? અહીં પણ જોઈ શકાશે કે કવિએ કોઈ એક ચોક્કસ માળો રચી દીધો નથી. એઓ 'પલ-રૂપ'માં શહેરનું સૌંદર્ય જુએ છે તો 'ભીડ'માં કરુણતા. 'વરસાદ', 'તડકો' વગેરેમાં પ્રકૃતિસૌંદર્યનું ગાન છે તો 'અભિશાપ'માં કે 'સ્વાધીનતાના સ્વાગતે'માં રાજકીય દુર્દશાનો કરુણ કટાક્ષ. તો 'ફરી નહિ આવે'માં રાષ્ટ્રકાજે સ્વાર્પણની વધામણી કે 'નવયુગના ડંકા' તથા 'મુક્તિગાન'માં દેશદાઝ વ્યક્ત થયાં છે. 'અજબ ચઢાવ' જેવામાં ઈશ-પ્રાર્થના તથા 'ઝાંખી અને પડછાયા'માં ઈશ-પ્રતીતિનાં એંધાણ, તો 'ભાવિ-અતીત'માં અને 'સુમંગલ શ્રદ્ધા' જેવી રચનાઓમાં શ્રદ્ધાનું દર્શન થાય છે. 'ફઝુલ' અને 'રૂપની મંઝિલ' જેવી ઉર્દૂ-ફારસીશાઈ રચનાઓ પણ આકર્ષક છે. 'પાદમૂર્તિ', 'નુકસાની માલ', 'બિલ ને ચૂકવણી' જેવી રચનાઓમાં કવિની વિનોદવૃત્તિ પણ દાદ માગે તેવી છે.

આમ, કવિએ વિષયોમાં કોઈ છોછ રાખ્યા વગર કે સ્વરૂપના—ગીત, સૉનેટ, મુક્તક, ગઝલ, પ્રલંબ છંદોબદ્ધ રચના—કોઈ ચોક્કસ ખીલે બંધાયા વગર પોતાનું સહજ કર્મ કર્યે રાખ્યું છે. હા, આકાશવાણીના સતત સાન્નિધ્યે એમની પાસે 'એરિયલ' જેવી રચના કરાવી છે, પણ તે ભાવકથનથી આગળ વધતી નથી; તો 'અસ્બેસ્ટૉસ' અને 'લિટમસ પેપર' જેવામાં ચાટૂક્તિનો ઉપલક આનંદ પણ મળી રહેશે. સદાસર્વદા નવીનતા—બાની, આકાર વગેરે-માં જ કાવ્યતત્ત્વની શોધ કરનારને જો અહીં નિરાશ થવું પડે તો વાંક તે વિભાવનાનો કે સહજ માર્ગે વ્યસ્ત રહેતા કવિહૃદયનો?

કવિ સૌંદર્યથી લુબ્ધ છે, અને એટલે તો એમને શહેરમાં પણ એ માણવા મળે છે. મંગલ એમની પ્રિય કામના અને ભાવના છે, માટે તો 'સંધ્યા'માં 'મંગલ હો સમસ્ત' ઝંખી ઊઠે છે! શ્રદ્ધાવાન કવિને કઠોર વાસ્તવિકતાનો પણ પરિચય છે, અને તો જ 'ભવ-દળદર' કે 'માનવ-મન' જેવી વેદના-વ્યથાની રચનાઓ મળી શકે ને? 'મૃગજળે' જેવું કાવ્ય સારી શક્યતા દર્શાવી અટકી ગયું છે. અહીં એમનાં ગીતો ભલે થોડાં છે પણ નોંધપાત્ર રહ્યાં છે—ભાવનિરૂપણ અને સુગેયતાને લઈને.

સંગ્રહની રચનાઓ કવિને મુખ્યત્વે રાજેન્દ્ર શાહની પેઢીના ઠરાવી આપે, પણ ભાવકનો સાચો રસ આ કે તે પેઢીમાં કે કવિના કવિપણામાં? નિરપેક્ષ કાવ્યાનંદ-ઝંખુને અહીં યે કાવ્યત્વનાં ઝાંખી-પડછાયા આસ્વાદવા મળશે જ. (આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૧૨; રૂ. ૩-૫૦.)

પુદ્ગલ : તનસુખ ઓઝાનાં સત ખંડકાવ્યોના આ નાનકડા સંગ્રહનું વાચન કવિ કાન્ત બોટાદકર, નરસિંહરાવ અને કલાપી જેવાની તે સ્વરૂપની રચનાઓ માણ્યાના સ્મરણથી નિરાશા જન્માવે, તેમ છતાં આ કૃતિઓને સ્વતંત્ર રીતે વિચારતાં અત્રતત્ર કાવ્યતત્ત્વના ચમકારા જરૂર આનંદ આપી જશે. શૈયા (શય્યા), સૂણીને (સુણીને), તમિસ્રે (તિમિસ્રે), વિજ (વીજ), જેવી અશુદ્ધ જોડણી, તો 'કટાક્ષે આંખ મારે છે' જેવા અરુચિકર પ્રયોગો ખટક્યા કરે છે. પણ બીજી તરફથી–

'તૂટે જેવી વીજ ગગનથી ભોંયમાં જૈ સમાયે,
તેવી વાણી કવિજન તણી મેદનીહાર્દે માંહે.'

–જેવી પંક્તિઓને કાવ્યસંદર્ભે માણવાનું પણ મન થાય છે.

કવિએ ખંડકાવ્યને અનુરૂપ પ્રસંગો પસંદ કરવાનો પ્રયાસ તો કર્યો છે, પરંતુ એની ગૂંથણી અને નિરૂપણ માત્ર વાર્તાકથનથી આગળ વધતાં નથી. છંદો પરનો કાબૂ ને શિષ્ટ બાનીથી પદ્ય રોચક બની શક્યું છે. 'તૃષ્ણા' જેવી બિંબિસારના જીવનપ્રસંગને નિરૂપતી રચના અન્ય કૃતિઓને મુકાબલે સફળ કહી શકાય તેવી છે. (પ્રકા. પોતે જ; ૬૭૮ સાગર મહાલ, દેરી રોડ, ભાવનગર; કાચું પૂઠું; પૃ. ૫૦; રૂ. ૨)

પ્રકીર્ણ પ્રકાશનો

વિજ્ઞાન-પરિચય : વિકસી રહેલા આ વિજ્ઞાનયુગમાં કિશોરોની વિજ્ઞાન તરફની અભિરુચિ પોષાય અને એમના તદ્વિષયક સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તે આશયથી ઉક્ત નામની આ માળામાં પાણી, હવા, પૃથ્વી, વીજળી, ઉષ્ણતા, ધ્વનિ, ચુંબકત્વ, રસાયણ, અવકાશ અને પરમાણુ એમ દસ વિષયની દસ પુસ્તિકાઓનો આ સચિત્ર અને સરળ લખાવટવાળો સેટ ધીરજલાલ ગજ્જરે તૈયાર કર્યો છે. (કાચું પૂઠું, સેટની કિંમત રૂ. ૧૫.)

ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો : યુનિવર્સિટી કક્ષાએ પીએચ. ડી.ની ડિગ્રી માટે તૈયાર થતા શોધપ્રબંધો તે તે વિષયમાં ઘણી વાર નોંધપાત્ર પ્રદાન બની રહે છે. ઉક્ત પુસ્તક પણ આપણી ભાષાના વ્યાકરણક્ષેત્રમાં એ રીતે આગવું પ્રદાન બની રહેશે. લેખકે પુસ્તકને બે વિભાગમાં વહેંચ્યું છે. પ્રથમ વિભાગમાં વિષયની ક્ષેત્ર-મર્યાદા, પુરોગામીઓનું કાર્ય, દ્વિરુક્ત પ્રયોગોનું વર્ગીકરણ વગેરે પ્રકરણો પાડવામાં આવ્યાં છે. આ પ્રથમ વિભાગ પુસ્તકના દ્વિતીય વિભાગની પૂર્વભૂમિકા છે. એમનું ખરું પ્રદાન બીજા વિભાગનાં ચાર પ્રકરણમાં અને બે પરિશિષ્ટોમાં સમાએલું છે. નરસિંહરાવ દિવેટિયા, કમળાશંકર ત્રિવેદી વગેરેએ દ્વિરુક્ત પ્રયોગોની આછડતી ચર્ચા કરેલી છે, ત્યારે આ પુસ્તક દ્વારા ઉક્ત વિષયની પદ્ધતિસરની શ્રદ્ધેય ચર્ચા પ્રથમ-

વાર મળે છે. આપણી ભાષામાં પડેલા દ્વિરુક્ત પ્રયોગોની સંખ્યા કેટલી મોટી છે તે આમાં લેખકે સમ્યક્ વર્ગીકરણ દ્વારા દર્શાવી આપ્યું છે, અગાઉ સૂચવાએલાં વર્ગીકરણોની ક્ષતિઓ દર્શાવી ડૉ. કત્રેના વર્ગીકરણને ઉચિત ફેરફાર સાથે એમણે અહીં સ્વીકાર્યું છે.

આપણી ભાષાના લગભગ ૧૩૦૦ જેટલા દ્વિરુક્ત શબ્દોને વર્ગીકૃત કરી, પ્રત્યેક વિભાગના શબ્દોને સટીક રજૂ કરતા આ મહાનિબંધમાં લેખક પ્રભાશંકર રામશંકર તેરૈયાનો અભ્યાસ, સૂઝ, શ્રમ ને નિષ્ઠા પ્રગટ થયા વગર રહેતાં નથી. (પ્રકા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–ભાવનગર; પાકું પૂઠું, પૃ. ૧૮૮, રૂ. ૧૦.)

કંઠમાં હળાહળ: બંગાળી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ કવિ–લેખક બુદ્ધદેવ બસુની નવલકથા 'પાતાલ થેકે આલાપ'નો શ્રીકાન્ત ત્રિવેદીએ અહીં સફળ અનુવાદ આપ્યો છે. કથાનાયક રાજિવલોચન પોતાના ભૂતકાળને વર્તમાનમાં વાગોળતો સ્વગતોક્તિના રૂપે રજૂ કરતો જાય છે, અને યોજાતી જાય છે પ્રસંગોની સાંકળ. કાવ્યમય શૈલી એક વખતના ઉત્કૃષ્ટ ફિલ્મી નાયકના વર્તમાન જીવન–તિમિરને હૃદયસ્પર્શી રીતે રજૂ કરી રહે છે. કૅન્સરના ભયાનક વ્યાધિથી પીડાતો નાયક મૃત્યુની સન્નિધિમાં જીવનનો મહિમા ગાઈ રહ્યો છે. ઘોર નૈરાશ્યમાં 'માણ્યું તેનું સ્મરણ કરવું' એ ન્યાયે વિકટ સાંપ્રતને પણ લહાવો ગણી જીવી જાણે છે. આકર્ષક કથનશૈલીથી અને ઉત્કટ–ઉચ્ચ ભાવ–ભાવનાથી આ લઘુનવલ વાચકને જકડી રાખે છે. (પ્ર. આર. આર. શેઠની કં., ગાંધી રોડ, અમદાવાદ–૧; પાકું પૂઠું; પૃ. ૧૯૭; રૂ. ૫.)

પડછાયા સંગ પ્રીત: દર્શન, લીના અને મિતાના ભાવપલટાઓને પ્રતીકાત્મરીતે રજૂ કરવાની આકર્ષક કથનરીતિએ લખાએલી સનાતન પ્રણયત્રિકોણની રોચક કથાની આ છે બીજી આવૃત્તિ. (લે. ભગવતીકુમાર શર્મા; પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું; પૃ. ૨૮૭; રૂ. ૮–૨૫)

વિશ્વામિત્ર: વેદકાળનાં પાત્રોને કેન્દ્રમાં રાખી ઐતિહાસિક— પૌરાણિક સંદર્ભોનાસંમિશ્રણથી વર્તમાન જીવનને ઉપયોગી થાય તેવી તાત્ત્વિક વિચારધારાઓ રજૂ કરતી આ કૃતિ કેવળ વેદકાલીન કે પુરાણકથા ન રહેતાં, તેમાંનાં કથારસ ને કથનશૈલીને લઈને નવલકથા પણ બને છે. આજે ભારત જ્યારે ભારતીય મૂલ્યોને ભૂલી રહ્યું છે, એ ભૂલવામાં ગૌરવ માની રહ્યું છે, એને સ્મરવામાં ઉપહાસ સમજી રહ્યું છે ત્યારે ભારતીય સંસ્કૃતિના સંદેશોને રોચક પ્રતીતિજનકપણે અહીં ગૂંથીને લેખક બાબુભાઈ વૈદ્યે કથારસ સાથે તથ્યનો પથ્થરસ પણ પીરસ્યો છે. (પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ; પાકું પૂઠું; પૃ. ૫૯૦; રૂ. ૮)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ

છેક મુઘલકાળથી અમદાવાદમાં વગદાર રહેલા શ્રેષ્ઠી કુટુંબમાં ઈ. ૧૮૯૪ની ૧૯મી ડિસેમ્બરે જન્મ. ઈ. ૧૯૧૨માં પિતાનું અકાળ અવસાન થતાં અભ્યાસ છોડી પિતાનો વહીવટ સંભાળી ઉત્તરોત્તર તેમાં સુવ્યવસ્થા અને સધ્ધરતા આણી. કુનેહવંતા અને સફળ ઉદ્યોગપતિ તરીકે દેશવિદેશમાં ખ્યાત; શ્રેષ્ઠ મહાજન, કેળવણીના સમર્થ હિમાયતી અને પુરસ્કર્તા; જૈન સંઘના મુખ્ય અગ્રણી, જૈન મંદિરોના જીર્ણોદ્ધાર કરાવનાર દાનવીર અને એક કાર્યદક્ષ રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે નામના. 'કુમાર' અંક ૫૫૫મા એમનો વિસ્તૃત પરિચય પ્રકટ થયો છે.

૧ ઔદ્યોગિક ક્ષેત્રે પરિણામ-સાધક દીર્ઘદૃષ્ટિ કઈ રીતે ખીલવાય?

ઉ. ઉદ્યોગનાં તમામ પાસાંનો ઊંડો અભ્યાસ કરી એના વિકાસ માટે સતત વાચન અને ચિંતન, ઉદ્યોગના સંચાલન પાછળ અંગત લાભની નહિ પણ સમાજના કલ્યાણની ભાવના, વાણી અને વર્તનની સુસંગતતા, ઉત્પાદનની ગુણવત્તા માટે સતત તકેદારી, કર્મચારી શેરહોલ્ડર વેપારી કે સરકારી અમલદાર એ સૌનો વિશ્વાસ સંપાદિત કરવો, કોઈ પણ નિર્ણય લેતી વેળા તાત્કાલિક લાભ ન જોતાં એની દૂરોગામી અસરો પ્રત્યેની સજગતા, સત્યનિષ્ઠા અને કોઈ પણ પ્રકારનાં દબાણો સામે યે ખરા નિર્ણયને વળગી રહેવાની દૃઢતા વગેરે જેવા ગુણો.

૨ ઔદ્યોગિકક્ષેત્રે અન્યની સરખામણીમાં ભારતનું સ્થાન ક્યાં છે?

ઉ. અન્ય દેશોની તુલનામાં ભારતનું સ્થાન ઈ. ૧૯૫૦થી નવમું છે, અને ખેતીની પેદાશને સાથે ગણતાં ચોથું. માથાદીઠ ઉત્પાદનની દૃષ્ટિએ તો ઘણા જ પછાત છીએ. એમાં આપણો ક્રમ ૪૦થી ૫૦ની વચ્ચે આવે.

૩ આટલી મોટી વયે પણ આપ સતત પ્રવૃત્તિશીલ રહો છો. આપની દિનચર્યા જણાવશો?

ઉ. સવારે પાંચ વાગ્યે ઊઠી, નિત્યકર્મથી પરવારી, સાડા પાંચે યોગાસનો કરું છું. છ વાગ્યે મસાજ, પોણા સાતે ચા-નાસ્તો, સાડા સાતે સ્નાનથી પરવારી દેવસેવા ને ધ્યાનમાં. સાડા નવે ઑફિસે, બપોરે ઘેર આવી સવા બારે ભોજન, સવા વાગ્યે આરામ. અઢી વાગ્યે શહેરની ઑફિસે જઈ જેમાં હું હોઉં એ ટ્રસ્ટોની કાર્યવાહીની તપાસ, મુલાકાતો, ઈચ્છુકોને સલાહ સૂચન અને કોઈને કરવી ઘટે એમને એવી સહાય. સાડા ચારે ઘેર, પોણા સાત સુધી વાચન, બાદ ભોજન ને સાડા સાતથી સાડા નવ બ્રિજ રમું છું અને ત્યાર બાદ નાહીને સૂઈ જાઉં છું.

૪ અનેક સુપ્રસિદ્ધ વ્યક્તિઓના પરિચયમાં આપ આવ્યા છો. કોની મહત્તાથી આપ વિશેષ આકર્ષાયા?

ઉ. સરદાર વલ્લભભાઈની. એમનામાં માણસ પારખવાની કુનેહ ને એની પાસેથી કામ લેવાની અજબ શક્તિ હતી.

૫ જૈનધર્મના આપ ખાસ ચાહક છો. એ ધર્મની વિશિષ્ટતા શી છે?

ઉ. એનો મુખ્ય સિદ્ધાંત અહિંસા અને સર્વ જીવો પ્રત્યે સમભાવ. એને અનુસરનારનાં વેરઝેર ઓછાં થાય છે એટલું જ નહિ, પણ એથી એમનું જીવન શાંતિમય બને છે.

૬ આટઆટલી સમૃદ્ધિ ને સાફલ્ય પછીયે આપ ખરેખર સુખી છો?

ઉ. મારી જાતને હું ખૂબ ભાગ્યશાળી માનું છું, કારણ કે મને કદી કોઈ પ્રત્યે દ્વેષ થયો નથી. મારી સફળતાઓથી હું ફુલાયો નથી કે નિષ્ફળતાઓનો મને રંજ નથી. વર્ષોથી મેં મારી જાતને એવી રીતે કેળવી છે કે જે પરિસ્થિતિ ઉપસ્થિત થાય તેમાં સંતોષ માનવો. પુરુષયત્ન ને ઈશ્વરકૃપામાં હું માનું છું.

૭ આપનો ખાસ શોખ અને રસ?

ઉ. પ્રાચીન અને અર્વાચીન શિલ્પકળાનો. આને કારણે અનેક પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધાર અને અર્વાચીન વિદ્યામંદિરો બંધાવવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે.

કસ્તુરભાઈ લાલભાઈ

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૪૭] કરાવનાર · જલન માતરી



'રુસ્વા મઝલૂમી'

ઈ. ૧૯૪૭ સુધી જેનું જૂનાગઢ, રાધનપુર, બાલાસિનોર, માણાવદર તેમજ સરદારગઢ રાજ્યો ઉપર રાજ હતું એ બાબી ખાનદાનમાં, તા. ૧૧-૧૨-૧૯૧૫ના રોજ, સૌરાષ્ટ્રમાં માંગરોલ મુકામે જન્મેલા સરદારગઢ શાખાના રાજવી હોવા ઉપરાંત પાજોદ નામની જાગીરની સ્વતંત્ર રાજગાદી ભોગવનારા, રાજકોટ રાજકુમાર કૉલેજનો 'ચીફ્સ ડિપ્લોમા' (સીનિયર કેમ્બ્રિજ બરાબર) મેળવી અંગ્રેજી, ઉર્દૂ અને ગુજરાતી ભાષા ઉપર અદ્ભુત પ્રભુત્વ ધરાવનાર, ચિત્રકળા, ઘોડેસવારી, શિકાર વગેરેનો અત્યંત શોખ રાખનારા, આજથી પાંચસાત વર્ષ ઉપર જૂનાગઢ મુકામે 'મિલન' નામની સાહિત્યસંસ્થા સ્થાપીને આજદિન સુધી તેના પ્રમુખ તરીકે ચાલુ રહેલા, પાજોદ રિયાસતને (જૂનાગઢ અને અન્ય રજવાડાંની જેમ) પાકિસ્તાન સાથે જોડાવાનો સૌપ્રથમ વિરોધ કરી ભારત સાથેના જોડાણમાં સામેલ થનારા, જેમનો એક જમાનો હોવાથી નકશાના જેઓ મોહતાજ હતા એ, ખાન ઈમામુદ્દીન ખાન મુતઁઝાખાન બાબીને ગુજરાતનો ગઝલપ્રેમી સમાજ 'રુસ્વા મઝલૂમી'ના નામે ઓળખે છે.

મૂળ એ ઉર્દૂના શાયર. એમના પીરસાહેબ મઝલૂમશાહના નામ પરથી 'મઝલૂમી' તરીકે ઓળખાય છે. એમની ઉર્દૂ ગઝલોનો સંગ્રહ 'મિના' ઈ. ૧૯૪૮માં પ્રગટ થયો હતો; ગુજરાતી ગઝલોનો સંગ્રહ 'મદિરા' ૧૯૭૨માં પ્રગટ થયો છે.

જીવન બંધ મુઠ્ઠી જેવું હોવાથી પોતે ખાલી હોવા છતાં ભરપૂર હોવાનો દાવો કરનારા, કોઈ વાતે જેને ઉપકારવશ થવું ગમતું નથી માટે કોઈના દોરાયા દોરાવાને બદલે નિત્યે ઠોકરો ખાવાનું પસંદ કરનારા, ગમે ત્યાં ગયા ત્યાં જઈ જિંદગી પી જનારા, નદી પર ગયા તો નદી પી જનારા દરબાર સાહેબના શે'રોનો આસ્વાદ લઈએ:

બંધ મુઠ્ઠી જેવું છે મારું જીવન,
આમ છું ખાલી છતાં ભરપૂર છું.

અમારામાંથી પ્રખર તાપ મેળવે છે રવિ,
અને જો આમ જુઓ તો ફક્ત તુષાર છીએ.

મકાન એવી જગાએ એમણે રાખ્યું છે પોતાનું,
ગમે તે રસ્તે જાઓ એમનું રસ્તામાં ઘર આવે!

સંકુચિત દરિયાદિલી આવી? અને દરિયાની?
એક ડૂબે ને બીજો પાર, મને માન્ય નથી.
કોઈ આકાર બની જાય તો ખોટું શું છે?
તું રહે નિત્ય નિરાકાર મને માન્ય નથી.
દીપમાળાઓ સજાવીશ નયનમાં 'રુસ્વા'!
વિરહમાં ચંદ્રનો ચમકાર મને માન્ય નથી.

કોઈ વાતે કદી ઉપકારવશ થાવું નથી ગમતું,
મને છે ઠોકરો મંજૂર, દોરાવું નથી ગમતું.
ખુદા ખાતર મને ખેંચી ન જા
મસ્જિદ મહીં જાહિદ!
મને દેખાવ કાજે ક્યાંય
દેખાવું નથી ગમતું.

ચહેરો ગુલાબી કોઈને બક્ષે નહિ પ્રભુ,
ભેટી પડી વસંત મહીં પાનખર મને!

હસી હસીને સિતારા સવાર કરતા રહ્યા,
રડી રડીને હું રાતો પસાર કરતો રહ્યો.

જરૂર હોય દુઆઓની ત્યાં દવા શાને?
તબીબ મૂર્ખ હતો સારવાર કરતો રહ્યો!

કદી લાવશું રૂબરૂ એમને પણ,
હજી આહમાં એટલી તો અસર છે.
અમે શેખ, સમજી જશું આપમેળે,
શું સમજાવશે તું? તને શું ખબર છે?
તમે પણ શું જોઈને 'રુસ્વા' બધાને,
કહેતા ફરો છો કે, આશા અમર છે.

દિલાસો આપવા માટે પધાર્યા હોય ના પોતે!
કબરના ઘોર અંધારે નહિ તો રોશની કેવી!
મને એકાંત આપો મારે અંગત વાત કહેવી છે,
ખુદા જાણે કયામતમાં તો મળશે મેદની કેવી.

ન જાણે શો ઈરાદો છે અમારા માર્ગદર્શકનો,
કદમ આગળ વધે છે ત્યાં કરે છે ખારની વાતો.
ચમક આવી નહિ તો તારલામાં હોય ના 'રુસ્વા'
તમે ચોક્કસ કરી લાગે છે એને પ્યારની વાતો.

સમજદારી તજી દીધી ઘણું સારું કર્યું 'રુસ્વા'
નહિ તો આજ હસતું હોત પાગલપણ તમારા પર.

દુ:ખ જોયું નથી તેથી શું થાય,
દુ:ખ જોવા નજર ટેવાઈ જશે,
દેખાશે દિવસના તારા તો
એ તારા પણ જોવાઈ જશે.

ચિંતાઓ જીવનની કોણ કરે
ચિંતાઓ કરે છે મારી બલા,
જીવવું એ મોટી વાત નથી
મરતાં મરતાં જીવાઈ જશે.
ઓ કાળ, ગરીબો કેરું હજી લોહી તું પીતું રહેવા દે,
આ માલેતુજારો શું પીશે
જો કંગાલો ચુસાઈ જશે.

અશ્રુની વાત ટૂંકમાં કેવી રીતે કહું?
ઓ દોસ્ત, એ તો સાત સમંદરની વાત છે.
'રુસ્વા' તમારી યાદને સાથે જ લઈ જશે;
ખાલી ગયો જે—એ તો સિકંદરની વાત છે.

દીપકની ખેવના છે સિતારાને શું કરું?
ધરતી ઉપર ગગનના સહારાને શું કરું?
એ તો હતો તરંગ કે આવી ચડયો અહીં,
ઝંઝાનો જીવ છું, હું કિનારાને શું કરું?

મઝધાર ચાલ સ્હેલ જો કરવી જ હોય તો,
ફરવા સમા હવે આ કિનારા નથી રહ્યા.

ના હોય પારખાં કદી ઓ જીવ ઝેરનાં,
સ્પર્શે છે ઝુલ્ફ સમજી તું એ તો ભુજંગ છે.
એનું જ સાચું મૂલ્ય છે જે ખૂશબોદાર હો,
દેખાવ કાજે ફૂલમાં ક્યાં ઓછા રંગ છે?

દિલને તો માત્ર તારી મહોબ્બતનું કામ છે,
જન્નતને શું કરું એ ખયાલી મુકામ છે.
દિલમાં ન યાદ હો કે ન આંખોમાં ઇંતેજાર,
એવું જીવન શું, એવું મરણ પણ હરામ છે.
યાત્રા કરી લે આવી અહીં ચારે ધામની,
ઓ સંત મયકદામાં બધાં તીર્થધામ છે.

ગમે ત્યાં ગયો જિંદગી પી ગયો,
નદી પર ગયો તો નદી પી ગયો.
મને શું ખબર કે હશે એ ગરલ,
તમે મુજને પાયું, હસી પી ગયો.

મોહતાજ ના કશાનો હતો, કોણ માનશે?
મારો ય એક જમાનો હતો, કોણ માનશે?
હસવાનો આજ મેં જે અભિનય કર્યો હતો,
આઘાત દુર્દશાનો હતો, કોણ માનશે?

કોઈ જીવનની અવસ્થા નથી કાયમ અહીંઆં,
દુ:ખ અને સુખની ભલા કોણ તે પંચાત કરે?
જેને વૈભવનું અભિમાન હો મિથ્યા જગમાં,
એને કહેજો કે એ 'રુસ્વા'થી મુલાકાત કરે

કલાવાર્તા

છગનભાઈ મિસ્ત્રીની ચિત્રકળા

નલિન રાવળ

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ચિત્રકળાના ક્ષેત્રે માતબર કામ થતું રહ્યું છે. વિવિધચિત્રશૈલીઓમાં આગવી સૂઝથી કામ કરતા પ્રગતિશીલ કળાકારોનાં ભિન્નભિન્ન જૂથો આધુનિક ચિત્રકળાના વિશ્વમાન્ય ખયાલોને સમજતા રહી, પોતાની કળાનું સ્તર



આંતરરાષ્ટ્રીય કળાધોરણે ચકાસતા રહી સત્ત્વશાળી પ્રદાન કરતા રહે છે.


ઊંચાં નિશાન તાકતા આજના આપણા ચિત્રકારોની વચમાં કામ કરવું પડકારરૂપ છે. શ્રી છગનભાઈએ આ પડકાર ઝીલી લઈ, પોતાના અનુભવને વફાદાર રહી નોંધપાત્ર કામ કર્યું છે. સાંપ્રત ચિત્રકળાનાં વહેણોથી જ્ઞાત આ કળાકાર કામ કરે છે પરંપરાગત કહી શકાય એવી શૈલીમાં, પણ પ્રશંસા કરે છે અન્ય ચિત્રપદ્ધતિઓની—ખાસ કરીને પીરાજી સાગરાની ચિત્રપદ્ધતિના તો એ પૂરા ચાહક છે. ૧૯૩૩માં જન્મેલા આ કળાકાર, વતન ચીખલીની શાળામાં આરંભના ચિત્રપાઠ શ્રી ભાસ્કરભાઈ દેસાઈ પાસે લઈ '૫૯માં અમદાવાદ આવી સી. એન. વિદ્યાવિહારની ચિત્રશાળાના કળા-આચાર્ય શ્રી રસિકભાઈ પરીખ પાસે સવિશેષ તાલીમ લઈ '૬૦થી આ સંસ્થામાં જ ચિત્રશિક્ષક તરીકે જોડાયા છે. પોતાના ઘડતરમાં શ્રી સોમાલાલ શાહના નામનો ઉલ્લેખ કરતા આ કળાકાર પોતાના શાંત, સ્વસ્થ અને નિરામય વ્યક્તિત્વથી તેમ જ કળા વિશેની પોતે સ્વીકારેલી સમજથી સહુકોઈને સ્પર્શે છે. લોકોને સમજાય તે ચિત્રકળા એમ તે માને છે.



અજન્તાની ગુફાઓ

દૃશ્યચિત્રો અને લોક-કળા—આ બે તેમના મુખ્ય રસના વિષય. ટર્નર, સેઝાં અને કૉરૉટની દૃશ્યચિત્રકલાનો ઊંડો અભ્યાસ કરતા જઈ છગનભાઈએ પોતાની શક્તિને તે પર કેન્દ્રિત કરવા માંડી. અહીં તેમને તેમનો નિજી અનુભવ કામમાં આવ્યો. વતન ચીખલીના ખુલ્લા આકાશની નીચે પથરાએલી આજુબાજુની ધરતીનો તેમજ નજીકના દરિયાકાંઠાનો ઊંડો સંસ્કાર છગનભાઈના ચિત્તમાં એવો તો ગાઢ જામ્યો છે કે કૅનવાસ પર પીંછી અડતાં જ પારનેરાનો ડુંગર, સાપઉતારાની ટ્રેકો, સોનગઢવ્યારાના કિલ્લાનાં ચઢાણો, ધરમપુર–વાંસદાના પ્રદેશો, ડાંગનાં જંગલો, દમણના દરિયાકાંઠાનાં સ્થળો તેમ જ લીમઝર જેવાં ગામડાંઓ આકાર લેવા માંડે છે.

ગામડાનાં મકાનોની ગારમાટીની ભીંતો પર બકરીનાદૂધથી દોરેલાં અસંખ્ય ચિત્રોનો તેમજ લાકડાના પાળિયા પર કોતરાએલાં વૃક્ષ, કૂકડો, વાઘ, ભૂત આદિ રૂઢ લોકપ્રતીકોનો આ કળાકારે ઊંડો અભ્યાસ કર્યો છે. જેના ફળરૂપે તેમણે પોતાની એક શૈલી નિપજાવી છે. એમાં દક્ષિણ ગુજરાતની લોકશૈલીના કેટલાક લાક્ષણિક અંશો વણાઈ ગયા છે. 'થાનક' છગનભાઈએ સિદ્ધ કરેલી લોકશૈલીનું અચ્છું ઉદાહરણ છે. પંખીની ચાંચને મળતું આવતું વાઘનું મુખ, વાઘ પર બેઠેલી છ હાથવાળી દેવી, ત્રિશૂળ, દેવી અને તોરણ— આ બધું મૂળ ભીંત ઉપરનાં ચિત્રો પરથી કળાકારે યથાતથ ઉતાર્યું છે. જીર્ણથાનકમાં સ્થગિત સમયનું ધૂંધળું-અવાવરુ વાતાવરણ લાલ અને સિંદૂરિયા રંગની મિલાવટમાંથી ઊપસી આવે છે, જે કળાકારની રંગને ખેલવવાની શક્તિનો ધીંગો પરિચય આપે છે. આદિવાસી સ્ત્રીપુરુષોનાં આભૂષણો, તેઓની ઘરવખરી તેમજ તાળપું જેવાં એઓનાં વાજિંત્રોને પણ તે એવી કલાત્મક રીતે ચિત્રોમાં નિરૂપે છે કે કશું આગંતુક ન લાગતાં ચિત્રના ભાગરૂપ, વાતાવરણરૂપ લાગે. ખોડીદાસ પરમાર અને પ્રદ્યુમ્ન તન્નાનાં ચિત્રોમાં સૌરાષ્ટ્રની લોકશૈલીનું જેમ એક અજબ પોત ઊઘડ્યું છે તેમ છગનભાઈનાં ચિત્રોમાં દક્ષિણ ગુજરાતની લોકકલા સુપેરે ઊપસી આવી છે. ચિત્રકાર નાગજીભાઈ ચૌહાણે છગનભાઈની લોકશૈલી વિષેની સમજ કેળવી



ડાગવનની વનિતા

આપેલી જેનો ઉલ્લેખ આ વિનમ્ર કળાકાર સહર્ષ કરે છે.

પ્રથમ રેખાચિત્રો પોથીમાં ઉતારી લઈ તે પરથી તેઓ ચિત્રો તૈયાર કરે છે. 'યોદ્ધા' જેવાં વેગવાન શૈલીની ઝલક દર્શાવતાં ચિત્રો પરથી કળાકાર પાસે રેખાળી ગતિનું સૌંદર્ય છે તેની પ્રતીતિ થાય છે. મદોન્મત્ત ગજરાજોની યુદ્ધભૂમિ પર ધસતી હારોની હારની પૂંઠે અને આગળ સમ-અસમ યોદ્ધાઓની પંક્તિઓનું અત્યંત ગતિશીલ આલેખન છગનભાઈની હથોટી આ પ્રકારનાં ચિત્રો પર કેવી બેઠેલી છે તેનો ખયાલ આપે છે જ્યારે 'હોલી વર્શિપ' જેવા હૈદરાબાદ આર્ટ સોસાએટી યોજિત ચિત્રસ્પર્ધાનો સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી આવેલા ચિત્રમાં કળાકાર મહાકાવ્યનું વસ્તુ લે છે. રાવણની આંખોની સળંગ હારની નીચે ભરતનું સીતાનાં ચરણો પર નમેલું મસ્તક શિવલિંગને આવરી રહે છે. આ ચિત્રમાં કેટલાક પરિચિત સંકેતો પરથી રાવણ, સીતા અને ભરતનું



યોદ્ધા : લોકશૈલીમાં વેગવાન આલેખન

પ્રતીકાત્મક આલેખન કરવાનો પ્રયત્ન છે.

તેમનાં દૃશ્યચિત્રો ટેકનિકની દૃષ્ટિએ સંપૂર્ણ છે. જલરંગમાં આલેખાએલાં અને એક જ બેઠકે સ્થળ ઉપર જ તૈયાર થએલાં આ દૃશ્યચિત્રોમાં સૂર્યપ્રકાશમાં તબક્તી વાતાવરણની ઉષ્મા અને પારદર્શકતાને પકડવાની શક્તિ બાખૂબ ખીલી ઊઠી છે. એમનાં તૈલરંગી ચિત્રોમાં પણ રંગનો રણકો અછતો નથી રહેતો. ગુજરાતમાં એવાં અનેક સ્થળો છે જે હજી રંગપાટી પર ઝીલાવાં બાકી છે. છગનભાઈ પાસે સ્થળ અને કાળનો મિજાજ પારખી શકે તેવી આંખ અને વાતાવરણમાં અંકૃત થતા દૃશ્યપરિમાણોને સર્જનાત્મક રીતે કૅનવાસ પર ઉતારવાની ક્ષમતા છે. □



ગયા જૂનમાં ભાવનગરના ગાંધીસ્મૃતિ કલાકૌશલ સંગ્રહાલયના ઉપક્રમે ત્યાંના ભરતભાઈ પંડયાનાં ત્રીસ ચિત્રોનું એક પ્રદર્શન યોજાયું હતું. લાઠીના કલાકાર કુમારશ્રી મંગલસિંહજીએ એનું ઉદ્‌ઘાટન કરેલું. એમનો પરિચય આપતાં એ સંગ્રહાલયના ક્યુરેટર શ્રી મનહર સોલંકી લખે છે–

ભરતભાઈ પંડયા મૂળ ભાવનગરના વતની. જન્મ ૩૦-૯-'૪૯, હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક શ્રી ભાસ્કરભાઈ તથા ભાવનગરના જાણીતા ચિત્રકાર શ્રી ખોડીદાસ પરમાર પાસેથી માર્ગદર્શન પામી એમણે રંગ અને રેખાની દૃષ્ટિ પ્રાપ્ત કરી. ચિત્રકળાની વધુ લગનીએ એમને અમદાવાદના શેઠ સી. એન. કલા મહાવિદ્યાલયની બહારથી બેસીને પરીક્ષાઓ આપી ડિપ્લોમા મેળવ્યો અને હજી આગળ એ.એમ. થવાની ધગશથી તેઓએ પોતાનો કલાભ્યાસ જારી રાખ્યો છે, સાથોસાથ ભાવનગરની વિદ્યામંદિર હાઈસ્કૂલમાં ચિત્રનું શિક્ષણ પણ આપે છે. દૃશ્યચિત્રો અને તસવીરાલેખન એ બે એમના મુખ્ય વિષયો છે, પણ ગ્રામ્યશૈલી પર પણ એમની સારી પકડ છે, અને આધુનિક કલાપ્રયોગો પર, ખાસ કરીને રંગપ્રયોગો પર તેમણે વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઉપર પ્રદર્શનમાંનું એમનું એક લોકશૈલીનું ચિત્ર 'કન્યાવિદાય' આપ્યું છે. જે એમની કલાસાધનાની પ્રતીતિ કરાવે છે.

'કુમાર'માં પ્રકટ થતી વિવિધ સામગ્રીમાંથી અનેકોને પ્રેરણા મળી છે. એ રીતે બિલિમોરાના એક ભીખુભાઈ પટેલે ચિત્રકામ પર અજમાવેલા હાથની પ્રતીતિ આપતાં એમનાં (નીચે) બે રેખાંકનો. એમાં પ્રમાણભાન ભલે નથી, પણ આલેખનની સમજ ને આસપાસના રોજિંદા જીવનમાંથી ચિત્રાત્મક વસ્તુ તારવવાની દૃષ્ટિ સ્પષ્ટ થાય છે જ.





ટિકિટ-સંગ્રહ



ગયા માસ જુલાઈમાં ૨૧-મી તારીખે ચાર અને ૩૧મી એ એક એમ કુલ પાંચ ખાસ ટપાલટિકિટો ભારતમાં બહાર પડી. બાજુમાં એ બધી આપી છે. એમાં ૩૦ પૈસાની ટિકિટ ઉત્તર હિંદુસ્તાની સંગીતને પુનર્જીવન બક્ષનાર પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરની જન્મ-શતાબ્દી નિમિત્તની છે. એના પર એમની છબિ સાથે સંગીતનાં વાદ્યો તથા સૂરલહરીનું આલેખન છે. બીજી ૫૦ પૈ.ની ટિકિટ નૉર્વેના વિજ્ઞાની ડૉ. હાન્સેને કુષ્ટ રોગના કીટાણુ શોધ્યાની શતાબ્દીની છે. તેના પર કુષ્ટ રોગના કીટાણુ અને ડૉ. હાન્સેનની છબિ છે. ત્રીજી ૧રૂ.ની ટિકિટ આધુનિક ખગોળશાસ્ત્રના પિતા નિકોલસ કોપરનિકસના જન્મની પંચ શતાબ્દી નિમિત્તની હોઈ એ ખગોળજ્ઞની છબિ સાથે સૂર્યની પ્રદક્ષિણા ફરતા ગ્રહોનું સૂચક આલેખન છે. આની નીચેની બેમાંની પહેલી ટિકિટ બંગાળના સુખ્યાત કવિ માઈકલ મધુસૂદન દત્તની એકસોમી સંવત્સરી નિમિત્તેની અને બીજી અંગ્રેજ સરકારના ભારતના હિતચિંતક સનદી અધિકારી તથા ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના સ્થાપક એલન ઑક્ટેવિયન હ્યુમને આપણી આઝાદીની એ રજતજયંતી સ્મરણાંજલિ આપવા નિમિત્તની છે.





(પ્રેષક: ડાહ્યાલાલ સી. પરમાર-અમદાવાદ.)

આ ઑગસ્ટની ૧૫મીએ બ્રિટને પોતાના એક પ્રસિદ્ધ સ્થપતિ અને ડિઝાઈનર ઇનિગો જોન્સની ૪૦૦મી જન્મજયંતી નિમિત્તે બાજુની આ ચાર ખાસ ટિકિટો બહાર પાડી એના પર ઇનિગોએ કરેલાં શાહી સંગીતનાટ્ય 'ઑબેરોન'નાં બે મુખ્ય પાત્રોની વેષભૂષા, કૉવેન્ટ ગાર્ડનના સેન્ટ પૉલના દેવળનું પ્રવેશ દ્વાર, (નીચે) ન્યૂ માર્કેટના પ્રિન્સ ચાર્લ્સના શાહી આવાસ તથા ઑબેરોન સંગીતનાટ્ય માટેની પશ્ચાદ્ભૂનું આલેખન છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી—લંડન).



છેલ્લી ચાર ટિકિટો ન્યૂ ઝીલૅન્ડે ગઈ ૬ઠ્ઠી જૂને બહાર પાડેલી છે. આ સદીના આરંભની ત્યાંની એક વિખ્યાત ચિત્રલેખા કુ. ફ્રાન્સિસ હોડ્ઝકિન્સની ચાર ચિત્ર કૃતિઓ સાથેની આ બહુરંગી ટિકિટો સ્વિટ્ઝર્લૅન્ડમાં છપાએલી છે. ચારે ય પરનાં ચિત્રોનું વિષય-વૈવિધ્ય અને શૈલીની વિવિધતા એ ચિત્રકાર બાઈની કલાશક્તિનાં દ્યોતક ઉદાહરણ છે. (પ્રેષક: જગદીશ બિનીવાલે-અમદાવાદ)



શતરંજના વિશ્વવિજેતાઓ............સુરેશ મોદી

ડૉ. આલેખાઇનને હરાવીને ઈ. ૧૯૩૫માં હૉલૅન્ડના ડૉ. મૅક્સ યુવ પાંત્રીસ વર્ષની વયે વિશ્વવિજેતા બન્યા. ડૉ. યુવ ગણિતશાસ્ત્રમાં ડૉક્ટરેટ ધરાવે છે અને ગણિતશિક્ષક તરીકેનો એમનો અનુભવ ઘણો લાંબો છે. એક મહાન ગણિતજ્ઞને છાજે એવી એમની રમતની શૈલીમાં ઊંડું પૃથક્કરણ અને ચોકસાઈ દેખાઈ આવે છે. શરૂઆત અને અંતના તબક્કાના ઊંડા જ્ઞાન માટે તેઓ વિખ્યાત છે. તે ઉપરાંત, મધ્યના તબક્કા માટેનાં શ્રેષ્ઠ પુસ્તકોમાં તેમના પુસ્તક Judgment and Planning in Chess-ની પણ ગણના થાય છે.

જ્યારે વિશ્વવિજેતાપદના આહ્વાન (Challange) માટે ચુસ્ત નિયમો ન હતા ત્યારે પણ ટૂંક સમયમાં જ ડૉ. આલેખાઈનને વળતી મૅચ આપીને તેમણે પોતાની ખેલદિલીનો પરિચય આપ્યો હતો. આજે શતરંજની દુનિયામાં તેઓ માનનીય વ્યક્તિ છે અને શતરંજના આંતરરાષ્ટ્રીય મંડળ (FIDE)ના પ્રમુખ છે.

અહીં આપણે ૧૯૩૫માં ડૉ. આલેખાઈન સામેની વિશ્વવિજેતા પદની સ્પર્ધામાંની એક રમત જોઈએ.

સફેદ મહોરાં: ડૉ. યુવ, **કાળાં મહોરાં:** ડૉ. આલેખાઈન.

1 P-Q4, P-K3; 2 P-QB4, P-KB4; 3 P-KN3, B-N5ch; 4 B-Q2, B-K2; 5 B-N2, N-KB3; 6 N-QB3, O-O; 7 N-B3, N-K5; 8 O-O, P-QN3; 9Q-B2, B-N2; 10N-K5, N×N!

અહીં કાળાએ ઘોડાના બદલામાં હાથીનો ભોગ આપ્યો છે જે સફેદ સ્વીકારે તો કાળાને વધુ સારી સ્થિતિ મળે. દા. ત. 11 B×B? N×Pch; 12 K-R1, N×QP; 13 Q-Q3, QN-B3; 14 B×R, Q×B. આથી ડૉ. યુવ એ ભોગ સ્વીકારતા નથી.

11 B×N, B×B; 12 K×B, Q-B1;

હજી સુધી સફેદને તેની પહેલી ચાલનો કોઈ લાભ થયો હોય એવું લાગતું નથી, પણ હવે પછીની ૬-૭ ચાલમાં આશ્ચર્યજનક હુમલો કરે છે.

13 P-Q5! P-Q3; 14 N-Q3, P-K4; 15 K-R1, P-B3; 16 Q-N3, K-R1; 17P-B4, P-K5; 18N-N4, P-B4; 19 N-B2, N-Q2; 20 N-K3, B-B3?

અહીં 20..., N-B3. વધુ સારી ચાલ હતી. હવે સફેદને હુમલા માટે સુંદર તક મળે છે.

21 N×P! B×B; 22 N×QP, Q-N1; 23 N×P, B-B3.

સફેદને ઊંટના બદલામાં ત્રણ પ્યાદાં મળી ગયાં છે ને તેનું આક્રમણ ચાલુ રહે છે તે તેના લાભમાં છે. 24 N-Q2, P-KN4!

ડૉ. આલેખાઈન 'Attack is the best form of defence' (બચાવનો ઉત્તમ માર્ગ આક્રમણ છે)માં માનતા. 25 P-K4, P×P; 26 P×P, B-Q5; 27 P-K5, Q-K1; 28 P-K6, R-KN1; (હવે સફેદ 29 P×N? રમે તો કાળાને 29..., Q-K7!થી વળતો હુમલો કરવાની તક મળે. 29 Q-KR3!થી સફેદ જલદી જીતી શકત.) 29 N-B3? Q-N3; 30R-KN1! B×R; 31 B×R; 31 R×B, Q-B3? (અહીં 31..., Q-B4; 32 N-N5, P-KR3; પછી કાળાને ડ્રૉ મળત.) 32 N-N5! R-N2; હવે 32..., P-KR3? ન ચાલે, કારણ, 33N=B7ch; K-R2; 34Q-Q3ch! 33 P×N, R×P; 34Q-K3, R-K2; 35N-K6, R-KB1; 36 Q-K5, Q×Q; 37P×Q, R-B4.

અહીં 37..., R×N; 38 P×R, R-B4 વધુ સારી ચાલ હતી. 38 R-K1, P-KR3, હજી પણ 38..., R×N; 39 P×R R-B1 પછી સફેદને જીતવું થોડું મુશ્કેલ પડત. હવે ડૉ. યુવ સરળતાથી જીતે છે 39N-Q8, R-B7; 40 P-K6, R-Q7; 41 N-B6, R-K1; 42 P-K7; P-N4; 43N-Q8, K-N2; 44N-N7, K-R3; 45 R-K6 ch, K-N4, 46 N-Q6, R×KP; 47 N-K4ch, Resigns.

અખિલ ગુજરાત સુલેખન-સ્પર્ધા

'સુલેખન સંસ્કાર સમિતિ' તરફથી ગુજરાતનાં પ્રાથમિક, માધ્યમિક વિદ્યાલયો તથા ટ્રેનિંગ કૉલેજોમાં 'અક્ષર લેખન હરીફાઈ તથા શુદ્ધ લેખન અભિયાન' યોજવામાં આવ્યાં છે. તેમાં વિદ્યાર્થીઓ, કૉલેજિયનો અને નાગરિકો ભાગ લઈ શકે છે. ભાગ લેનાર તમામ હરીફોને પૂજ્ય રવિશંકર મહારાજનો ફોટો ભેટ અપાશે, પાસ થનારને પ્રમાણપત્ર અને પ્રથમને 'ભાષા સમૃદ્ધિ' પુસ્તક તથા પ્રત્યેક જિલ્લામાં પ્રથમ ચાર વિજેતાઓને રૌપ્ય-ચંદ્રક અને સર્વોત્તમને 'મહાત્મા ગાંધી વિજય પદ્મ શિલ્ડ' સન્માન સમારંભમાં એનાયત થાય છે. શિક્ષકો માટે નિબંધ-સ્પર્ધા: વિષય 'સુંદર લેખન અને શુદ્ધ લેખનક્ષેત્રે આપણું કર્તવ્ય.' ભાગ લેનારને પુસ્તક ભેટ તથા ઉત્તમ પાંચ નિબંધોને 'ગાંધીજી ફોટોગ્રાફી આલબમ' અપાશે. વધુ વિગતો માટે નજીકની હાઈસ્કૂલનો સંપર્ક સાધવો અથવા લખો: કાન્તિલાલ મો. પટેલ; માનાર્હ તંત્રી, સુલેખન, અમદાવાદ-૮.

પચ્ચીસ વર્ષ પહેલાં



ઑગસ્ટ-૧૯૪૮-સળંગઅંક ૨૯૬

ત્યાર ચાલતી 'રોજિંદા જીવનમાં વિજ્ઞાન' નામક માળામાંથી પારા વિષે થોડું:

પારા વિષેનું આપણું જ્ઞાન તો ખૂબ જૂનું છે. ભારતના આદ્ય રસાયણશાસ્ત્રી નાગાર્જુનના 'રસરત્નાકર' નામે વિખ્યાત ગ્રંથમાં પારામાં હરતાલ નાખી સોનું બનાવવાનો ઉલ્લેખ છે.

પશ્ચિમના દેશોમાં ગ્રીક તત્ત્વજ્ઞાની ઍરિસ્ટૉટલે સૌ પ્રથમ પારા સંબંધી ઉલ્લેખ કરેલો. કેટલીક શિલાઓમાં પારાના નાના દાણા મળી આવે છે; પરંતુ તેનું મહત્ત્વપૂર્ણ ખનિજ તો સીનાબાર છે, જે મુખ્યત્વે સ્પેઈન, ઈટલી, મેક્સિકો, અમેરિકા અને ચીનમાંથી નીકળે છે.

પોણી સદી પૂર્વે પારાના બે મુખ્ય ઉપયોગ હતા: અરીસાની બનાવટ માટે અને ખનિજમાંથી સોનું કાઢવામાં. આજે તો અનેક ઉપયોગમાં તે વપરાય છે; રેફ્રિજરેટરમાં, ઑટોમૅટિક સ્વિચમાં તથા થર્મોમીટર, બૅરોમીટર વગેરે વિજ્ઞાનનાં સાધનોની બનાવટમાં પારાનો ઉપયોગ થાય છે. પારાની બાષ્પવાળાં બૉઈલર પણ અસ્તિત્વમાં આવ્યાં છે. ધડાકો કરનાર તરીકે વપરાતું મર્ક્યુરી ફુલ્મીનેઈટ બનાવવામાં પારો પુષ્કળ વપરાતો. ઔષધોમાં તો પારો જૂના વખતથી વપરાતો આવ્યો છે. બૅટરીની બનાવટમાં પારો ચોપડેલું જસત જોઈએ છે.

પારામાંથી બનતું રસકપૂર વાઢકાપના કાર્યમાં ઓજારોને જંતુવિહીન કરવા માટે વપરાય છે. કેલોમલ તો જુલાબ માટે જાણીતું છે. એવા જ અન્ય પદાર્થોમાં મર્ક્યુરોક્રોમ જંતુવિનાશક ઔષધ તરીકે કામમાં આવે છે. આયુર્વેદમાં પારાના સંયોજનોનો ઉપયોગ ચાંદી જેવાં દર્દોમાં કરવાનું સૂચવ્યું છે. સંઘરેલા અનાજમાં જિવાત ન પડે એ માટે પારાની થેપલી કરી તેમાં મૂકવામાં આવે છે. સોનું, ત્રાંબું વગેરેની ચીજોને પારો ઘસવાથી તે સફેદ થઈ જાય છે. સફેદ પડ પાતળા નાઈટ્રિક ઍસિડ વડે ધોવાથી નીકળી જાય છે. પાણીમાં દ્રાવ્ય વાયુઓ એકઠા કરવા પાણીને બદલે પારો વપરાય છે. રસકપૂરના દ્રાવણમાં પોટાશિયમ સલ્ફોસાયેનાઈડનું દ્રાવણ નાખવાથી મર્ક્યુરિક સલ્ફોસાયેનાઈડ બને છે. દિવાળીના તહેવારમાં દારૂખાનામાં બાળકો સાપ સળગાવે છે તે તેના બને છે. □

ઉપરાંત ૧૮૫૭ થી ૧૯૪૭ની ૯૦ વર્ષની આપણી આઝાદી લડતનો એકીનજરે ખયાલ આપતો આલેખ એ અંકમાં આપેલો (સામે):

❋ આઝાદીનો આલેખ ❋

૧૮૫૭થી ૧૯૪૭ સુધીની ૯૦ વર્ષની આપણી સ્વાતંત્ર્યની લડતનો એકીનજરે ચિતાર આપતા આ આલેખમાં આપણા આઝાદી જંગના મહત્ત્વના પ્રસંગોને, તેમના પ્રતીકોની શોભન-ગૂંથણી સાથે યોજ્યા છે. તેમાં ઊભા સ્તંભ ઉપરનો પ્રત્યેક આંકો એકેક વર્ષનો કાળ દર્શાવે છે.

૧૮૫૭ સ્વાતંત્ર્ય માટેનો હિંદનો પહેલો ભીષણ પ્રયત્ન.



૧૮૭૨ પંજાબમાં કૂકા વિપ્લવ.
૧૮૭૩ હિંદની ગરીબી છતી કરતી વેલ્બી કમિશનમાં
૭ દાદાભાઇની જુબાની



૧૮૭૯ વાસુદેવ બળવંત ફડકેનો સશસ્ત્ર ક્રાંતિ જગાવવાનો પ્રયત્ન.
૧૮૮૧ લો. ટિળકે 'કેસરી-મરાઠા' પત્રો સ્થાપી પ્રજામાં અસ્મિતા અને ઉગ્રતા પ્રકટાવ્યા.

૧૮૮૫ હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)નો જન્મ.



ધારાસભાઓમાં ફિરોઝશાહ મહેતા, ગોખલે, વાચ્છા આદિની ઉગ્ર બંધારણીય લડત.



૧૯૦૨ દાદાભાઈ નવરોજજીએ હિંદમાં બ્રિટન તરફથી થતી જંગી લૂંટને ખુલ્લી પાડી.

૧૯૦૫ બંગભંગ સામેની ઉગ્ર લડત. તેમાંથી બૉમ્બ-પ્રવૃત્તિનાં મંડાણ.
૧૯૦૬ લાલ બાલ અને પાલ (લજપતરાય ટિળક અને બિપિનચન્દ્ર)ની ત્રિપુટીની ઘોષણાઓ.
૧૯૦૭ સુરત કૉંગ્રેસમાં વિનીતો અને ઉદ્દામવાદીઓમાં મતભેદ અને ભંગાણ.



૧૯૧૪ ગદર પક્ષે લશ્કરમાં બળવો જગાવવાનો પ્રયત્ન કર્યો.

૧૯૧૬ હોમરૂલ લીગની સ્થાપના અને તે માટે ઉગ્ર ઝુંબેશ.
૧૯૧૮ ગાંધીજીનો ખેડા સત્યાગ્રહ. અહિંસક સત્યાગ્રહનો પહેલો પ્રયોગ.
૧૯૧૯ રૉલેટ ઍક્ટના વિરોધમાં સત્યાગ્રહ. તેને કચડવા જલિયનવાલા બાગનો હત્યાકાંડ.
૧૯૨૦ ગાંધીજીએ પ્રબોધેલા અસહકારનો પ્રચંડ જુવાળ. પ્રથમ દેશવ્યાપી લડત.

૧૯૨૩ નાગપુર ઝંડા સત્યાગ્રહ.

૧૯૨૫ દેશબંધુ દાસ અને મોતીલાલ નહેરુના નેતૃત્વ હેઠળ લોકશાહી સ્વરાજ્ય પક્ષ સ્થાપ્યો.
૧૯૨૭ કાકોરી બૉંબ કેસ.
૧૯૨૮ સરદાર વલ્લભભાઈની બારડોલીની સફળ લડત.
૧૯૨૯ જવાહરલાલે પૂર્ણ સ્વરાજ્યના ધ્યેયની જાહેરાત કરી.
૧૯૩૦ મીઠા સત્યાગ્રહ માટે ગાંધીજીની દાંડીકૂચ. કાયદા-ભંગનો દેશવ્યાપી દાવાનળ.
૧૯૩૧ ગાંધી-અર્વિન કરાર બાદ ગોળમેજી પરિષદ-પણ તે નિષ્ફળ.
૧૯૩૨ સત્યાગ્રહની ત્રીજી લડત.
૧૯૩૪ કૉંગ્રેસનો ધારાસભા-પ્રવેશ.
૧૯૩૫ હિંદને સમવાયતંત્ર આપવાની જાહેરાત
૧૯૩૭ પ્રાંતોમાં પહેલાં પ્રજાકીય પ્રધાનપદાં



૧૯૩૯ કૉંગ્રેસે પ્રધાનપદાં ફગાવી દીધાં.
૧૯૪૦ વાણી-સ્વાતંત્ર્ય માટે વ્યક્તિગત સત્યાગ્રહ.
૧૯૪૨ '૪૨ની લડત'ને નામે જાણીતી 'હિંદ છોડો'ની રાષ્ટ્રવ્યાપી લોકક્રાંતિ.
૧૯૪૩ સુભાષચન્દ્ર બોઝના નેતૃત્વ હેઠળ આઝાદ હિંદ ફોજનું સશસ્ત્ર યુદ્ધ.
૧૯૪૫ નેતાઓનો જેલમાંથી છુટકારો. સીમલા પરિષદ.
૧૯૪૬ ત્રિમંત્રી મંડળનું આગમન. સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવાની જાહેરાત. વચગાળાની સરકાર રચાઈ.
૧૯૪૭ સંપૂર્ણ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ. દેશના ભાગલા.



જગવિખ્યાત સંગીતકાર જ્યૉર્જ ફ્રેડરિક હૅન્ડેલ

જ્યૉર્જ ફ્રેડરિક હૅન્ડેલ (ઈ. ૧૬૮૫-૧૭૫૯) પશ્ચિમી સંગીતજગતમાં સદીઓથી અમર છે. પણ ઈ. ૧૭૪૧માં પોતાના ઑપેરા (સંગીતનાટ્ય)નું આકર્ષણ ઘટી જતાં આર્થિક તંગી એને કોરી રહી હતી. ■ પણ એવામાં એક મિત્રની માગણીથી હૅન્ડેલની જગવિખ્યાત સંગીતરચના 'મસીહા'નાં મંડાણ થયાં. ■ ખાવાપીવા ને ઊંઘવાનું બાદ કરતાં રાત-દિવસ એ 'મસીહા'ની સ્વરસંયોજના પાછળ સતત મચી રહ્યો અને… ■ ઊભરાતી કલ્પનાઓ અને એની સ્વરલિપિનાં પાનાંઓથી એનો આખો ખંડ છવાતો રહ્યો. (ઉપલી હાર પૂરી; હવે જુઓ નીચેની હાર) દરમિયાન નોકરબાઈએ મૂકેલું ખાવાનું પણ ક્યારેક પડ્યું રહેતું. અંતે ૨૪ દિવસના અખંડ ઉદ્યમ બાદ સ્વરલિપિનાં ૨૬૫ પાનાં જેટલી વિસ્તૃત એ સંગીતરચના પૂરી થઈ. એના મોટા ભાગમાં એક છેકો સુધ્ધાં મારવો નહોતો પડ્યો. ■ ડબ્લિનમાં એક ધાર્મિક ફાળા માટે 'મસીહા'-ની પહેલી રજૂઆત થઈ અને શ્રોતાઓએ એ તુરત વધાવી લીધી અને આજે યે એ એટલી જ લોકપ્રિય છે. એ હૅન્ડેલની કાર્તિદા બની રહી. ■ લંડનમાં પહેલી વાર રાજા જ્યૉર્જ બીજાની સમક્ષ 'મસીહા' રજૂ થયું ત્યારે એમાં હૅલિલ્યૂઆ કૉરસનું વિજયોલ્લાસ ભર્યું સ્વરારોહણ સાંભળી એ એટલો પ્રભાવિત થઈ ગયો કે બેઠક પરથી ઊભા થઈને એને વધાવી. ■ આ વિલક્ષણ જર્મન સંગીતકાર ૨૫ વર્ષની યુવાન વયે લંડન આવેલો ને પછી તેણે બ્રિટિશ નાગરિકત્વ સ્વીકારી લીધેલું. એણે કુલ ૪૦ ઑપેરા ને ૩૨ ઑરેટોરિયો (ધાર્મિક વસ્તુવાળાં સંગીતનાટ્ય) સર્જ્યાં છે. પણ જો એ પિતાની ઇચ્છાને અનુસર્યો હોત તો કદાચ આમાંનું કંઈ ન રચાયું હોત.






હૅન્ડેલના પિતા પુત્રને વકીલ બનાવવા ઇચ્છતા હતા. પણ એની માસીએ એને એક ક્લેવિકોર્ડ ભેટ આપેલું તેના પર માળિયે ચડીને એ છાનોમાનો રિયાઝ કરતો. ◘ એ ઉદાર હતો. લંડનની અનાથ બાળકોની સંસ્થા 'ફાઉન્ડલિંગ હૉસ્પિટલ' પ્રત્યે એને ઘણી લાગણી હતી. ઈ. ૧૭૫૦માં એણે આ સંસ્થાને એક ઑર્ગન ભેટ આપેલું. એના ઉદ્ઘાટન પ્રસંગે હૅન્ડેલને સાંભળવા એટલા બધા લોકો આવેલા કે બહાર એમની ૫૦૦ જેટલી ગાડીઓથી રૂંધાએલા માર્ગમાં ભીંસાભીંસને કારણે કેટલાકને વાગેલું યે ખરું. ◘ બીજી બાજુ હૅન્ડેલ સંગીત પ્રત્યે એટલો લાગણીશીલ હતો કે રાજકુટુંબ સમક્ષની રજૂઆત વખતે ખુદ રાજવી પણ મોડા આવે તો એ ભડકેરાઈ જતો અને કોઈના જરા શો ગણગણાટ પણ સંભળાઈ જાય તો એ ચીડાઈ જતો. ◘ સાથોસાથ એ ટીખળી પણ હતો. એક વાર એક ગાયકે એને તે એ બરાબર સંગત નહિ આપે તો તેના હાર્પ્સિકોર્ડ પર કૂદી પડવાની ધમકી આપી ત્યારે એણે કહ્યું, 'તો તો હું આની પણ સાથેસાથે જાહેરાત કરીશ ...તમને ગાતા નહિ, તો કૂદતા જોવા પણ ઘણા લોકો આવશે.' (હવે જુઓ નીચે) હૅન્ડેલની ભૂખ પણ ગજબ હતી. એક વાર હોટેલમાં એણે ત્રણ જણને થાય એટલું ખાવાનું મંગાવ્યું. પીરસાતાં વાર થઈ એટલે એણે ફરિયાદ કરી. વેઈટરે ખુલાસો કર્યો કે તે એના બીજા સાથીઓ આવે તેની રાહ જોઈ રહ્યો હતો. હૅન્ડેલ એને તુરત પીરસવાનું કહીને પૂરક્યો કે, 'બીજું કોઈ આવવાનું નથી, હું જ એ સાથીઓ છું.' ◘ આ ઉસ્તાદ સંગીતકારને કોઈ પણ પ્રકારના સ્વરમાંથી પ્રેરણા મળી રહેતી. એક વાર વરસાદથી બચવા એક કોઢના છાપરા તળે ઊભો હતો ત્યારે એણે એરણ પર પડતા લુહારના ઘણનો તાલબદ્ધ રણકાર સાંભળ્યો અને એમાંથી પ્રેરણા લઈ ઘેર જઈને એણે 'ધી હાર્મોનિયસ બ્લૅકસ્મિથ' નામની સંગીતરચના સર્જી. ◘ ચુમોતેરની વયે એનું અવસાન થયા અગાઉ થોડાં વર્ષો પૂર્વે એ તદ્દન અંધ બની ગએલો. પણ એનું સંગીત-સર્જન તો ચાલતું જ રહ્યું. હાર્પ્સિકોર્ડ પર પોતે વગાડતો અને એક મિત્ર જ્હૉન ક્રિસ્ટૉફર સ્મિથ એ સ્વરોને કાગળ પર લિપિબદ્ધ કરી આપતો. ◘ 'મસીહા'ની પ્રથમ રજૂઆતની એક જયંતી-ના રોજ ગુડ-ફ્રાઇડેના દિવસે આ મહાન સંગીતકારનું અવસાન થયું ત્યારે તો એની ખ્યાતિ દેશવિદેશમાં પ્રસરી ચૂકી હતી. ઇંગ્લૅંડના રાષ્ટ્રીય સમાધિમંદિર વેસ્ટમિન્સ્ટર ઍબીમાં એના મૃતદેહને સ્થાન આપીને ઇંગ્લૅંડે એનું બહુમાન કર્યું. □



વૃક્ષ-વેલ-પરિચય-૧૨
પીપળો



'અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં' કહી કૃષ્ણે ગીતામાં જેને મહત્ સ્થાન આપ્યું છે તે વૃક્ષ, હિંદુઓમાં પીપળાને નામે અને બૌદ્ધોમાં બોધિવૃક્ષ નામે સદીઓથી પવિત્ર અને પૂજ્ય મનાયું છે.

દીર્ઘજીવી હોઈ ઉત્તરોત્તર વિકસીને પીપળો ખાસ્સો મોટો થાય છે. ગરમીના થોડા દિવસ બાદ કરતાં વર્ષભર એ પર્ણાચ્છાદિત રહેતો હોઈ છાંયો આપનાર ઘટાદાર વૃક્ષ તરીકે તે ઉગાડાય છે અને ભારતનાં બધાં બૌદ્ધ અને હિંદુ ધર્મસ્થાનોમાં જોવા મળે છે. અનાવૃષ્ટિના કાળમાં કે અતિઠારમાં પણ પીપળો ટકી રહે છે.

રંગે ભૂખરી ધોળી એની છાલ અને પાતળી દાંડલીવાળાં ટોચે લાંબી અણિયાળાં એનાં બદામ આકારનાં લીલાં ચળકતાં પાન તથા એની પેપડી વગેરે તો સૌને જાણીતાં છે.

એપ્રિલથી જૂનમાં કે ઑક્ટોબર-નવેમ્બરમાં પાન ને શાખના જોડાણની પકડમાં એનાં ચણીબોર જેવાં ગોળ ફળ (પેપડી) બેસે છે. પાકે ત્યારે એ ઘેરાં જાંબલી લાગે છે. એમાં પુષ્કળ જીવાત હોય છે. અંદર ખસખસ જેવા ઘણા દાણા હોય છે. તે જ પીપળાનાં ખરાં બીજ.

આ બીજ વાવવા કરતાં, તંદુરસ્ત ડાળ કાપીને રોપવાથી પીપળો જલદી પાંગરે છે. પેપડી ખાઈને પક્ષીઓએ કરેલી હગાર સાથે ફેલાએલાં બીજ દ્વારા અવાવરુ સ્થળોમાં કે ફાટવાળા બાંધકામમાં ભીંત પર ઊગી નીકળેલા પીપળાને પણ સૌએ જોયો હશે.

વગડામાં એનાં પાન ઢોરબકરાં ને ઊંટ-હાથીને ખવડાવાય છે. એનું લાકડું ઈમારતી કામમાં વપરાતું નથી. પવિત્ર માની લોકો પીપળો કાપતા નથી. એકમાત્ર યજ્ઞના સમિધ તરીકે તે વપરાય છે.

પીપળાની છાલ અને પેપડી તથા કૂમળી ડાળીનો રસ ઔષધીય મનાય છે. પીપળા પર લાખ પણ બને છે.



અશ્રુ ઝરો

નજરું ખૂંપી છે જેની ભોંયમાં, સામે પૂર એ શું ધાય જી!
અધીરો ઘટડાનો ઘોડો થનગને, અણદીઠ ઓરું-એને પાય જી
આપણા ઘડવૈયા બાંધવ આપણે.
પંડની પેટીમાં પારસ છે પડ્યો, ફૂટલાં ફૂટે છે કરમજી,
વાવરી જાણે તે બડભાગિયો, ઝળહળ એનાં રે ભવન જી,
આપણા ઘડવૈયા બાંધવ આપણે.
—રાજેન્દ્ર શાહ


સ્વ. કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા

સૂરત જિલ્લામાંની શૈક્ષણિક, સામાજિક, સહકારી અને રાજકીય પ્રવૃત્તિઓના વાતાવરણ પર અર્ધી શતાબ્દીથી યે વધુ વર્ષો સુધી પ્રભાવ પાથરી જનાર આજીવન લોકસેવક કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતાનું ગઈ તા. ૧૧મી જુલાઈએ, દેવશયની એકાદશીનાં રોજ બપોરે, ૮૩ વર્ષની વયે અવસાન થતાં ગુજરાતનું સંનિષ્ઠ સેવકધન વધુ રંક બન્યું છે. સેવાને નામે ચાલતાં છળકપટોથી સદા અલિપ્ત રહી ખરી લોકસેવા માટેની એમની પ્રવૃત્તિઓ રાજકારણ, શિક્ષણ, સાહિત્ય, પત્રકારત્વ, આશ્રમ-શાળાઓ, બાલવાડીઓ, માનસિક રોગ ચિકિત્સાલય, સહકારી કાર્યો વગેરે અનેક ક્ષેત્રમાં વિસ્તરેલી હતી. અને એ માટે આજીવન બ્રહ્મચર્ય સ્વીકારી જીવનભર સતત કાર્યરત રહેનાર એમના જેવાના જવાથી પડેલી ખોટ સહેજે પુરાવી અશક્ય છે.

અગાઉ 'કુમાર' અંક ૫૨૦ (એપ્રિલ ૧૯૬૭માં) એમનું વિસ્તૃત ચરિત્ર પ્રકટ થઈ ગયું હોઈ અહીં એમના સહસંપાદનમાં પ્રકટ થએલા એક પુસ્તકમાં સ્વામી આનંદે આપેલી એમની ઓળખમાંથી થોડી તારવણી વડે એ કર્મવીરને અંજલી આપીએ.

'દેશપ્રેમમાં એક્કા, કાર્યકુશળ, સર્વ વાતે દક્ષ, મહાદેવથી મોટેરા સ્વ. છોટુભાઈના જાની દોસ્ત, અને રેતીમાં વહાણ ચલાવે એવા કુનેહબાજ કુંવરજીભાઈ મહેતાના એ નાના ભાઈ કલ્યાણજીભાઈનો જન્મ સૂરત જિલ્લાના વાંઝ ગામે ઈ. ૧૮૯૦ની ૭મી નવેમ્બરે થએલો. કારકિર્દીનો પ્રારંભ શિક્ષક તરીકે કરેલો એટલે 'પટેલ'માંથી બંને ભાઈઓ 'મહેતા' તરીકે ઓળખાવા લાગ્યા અને પછી એ જ અટક ચાલુ રહી. આમ તો આ બંને ભાઈઓનાં નામ ગાંધીકાળના ઉગમ અગાઉથી જ રાજદ્વારી તેમ જ સામાજિક ક્ષેત્રમાં જિલ્લાની જનતાની જીભે રમતાં થઈ ગએલાં. એ પછી તેઓ સ્વ. વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ પટેલના પરમ વિશ્વાસુ લેફ્ટેનન્ટ સમા બની રહેલા. એમના એક ત્રીજા સાથી અને 'સૂરતના સિંહ' દયાળજી દેસાઈની અને કલ્યાણજીભાઈની સમાન પ્રવૃત્તિઓથી, એ બંને 'દલ-કલુ'ની જોડી તરીકે ખ્યાત બન્યા હતા.

મોટા ભાઈ કુંવરજીની પેઠે નાનેરા કલ્યાણજી પણ ઊંચી હરોળના દેશભકત અને જનસેવાના અનુરાગી. મૂળે સૂરત જિલ્લાના મધ્યમ ખેડૂત વર્ગના એકમેવ પ્રતિનિધિ અને ઊંચા સંતુલનવાળા આગેવાન. સૂરત જિલ્લાના વિકાસમાં એમનો અને એમના પછી હમણાં જ જેમનો સ્વર્ગવાસ થયો એ સ્વ. મીઠુબેન 'માયજી'નો ફાળો એકલા જુગતરામભાઈને બાદ કરતાં સૌથી ધરખમ પડ્યો છે.



વહેલી વયે સૂરતના પાટીદાર આશ્રમથી પોતાનું જાહેર જીવન આરંભી એમણે કોમની તેમ જ જિલ્લાની સેવામાં ઝંપલાવેલું. સાહિત્યશક્તિ ખાસી, તેથી એક માસિક પત્ર પણ ચલાવ્યું અને જિલ્લા બહાર ગુજરાતના નાનામોટા સામાજિક તેમ જ રાજદ્વારી આગેવાનો જોડે સંપર્ક વધાર્યો. આરંભથી જ એમણે સુખી મધ્યમ વર્ગના ઘરેડના જીવનની કારકિર્દીનો ખયાલ સમજપૂર્વક પડ્યો મેલી ત્યાગના પાયા પર કોમની અને દેશની સેવાનું જીવન ગાળવાનું સ્વપ્ન ઉત્કટતાથી સેવ્યું હતું, અને તે અંગે છેક ૧૯૧૭થી, એટલે કે ગાંધીજીના સ્વદેશગમન અને સ્થિર વસવાટના આરંભકાળથી જ ગુજરાતના

ખેડૂતો તેમ જ મધ્યમ વર્ગોમાંથી દેશપ્રેમી સેવાભાવી અને ત્યાગી કાર્યકરોને શોધીખોળીને કંઈક ગોખલેજીની 'સર્વન્ટ્સ ઑવ ઇંડિયા સોસાએટી'ના નમૂના પર એકાદ ગુજરાતવ્યાપી સેવાસંગઠન ઊભું કરવા તેઓ પ્રયત્ન કરી રહ્યા હતા.

સને ૧૯૨૮માં બારડોલીના ખેડૂતોએ તેમની જમીન પર અંગ્રેજી હકૂમતે નાહક વધારેલું મહેસૂલ ભરવાનો ઈન્કાર કર્યો અને 'અલ્લાના કબૂતર' જેવી ગરીબ લેખાતી ત્યાંની ગભરુ પ્રજાએ સ્વ. વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ બૈરાંબાળકો સહિત તે કાળે ગાંધીજીએ તાજી કાઢેલી સવિનય સત્યાગ્રહની લડત લડીને જે તેજ બતાવ્યું તેની પાછળ કલ્યાણજીભાઇએ પણ અગ્રભાગ ભજવેલો.

એ કાળના પ્રથમ હરોળના કાર્યકરો પૈકી ઘણા કાળવશ થયા. પણ વેડછીમાં જુગતરામભાઈ, તેમ જ મરોલીમાં 'માયજી' અને કલ્યાણજી-ભાઈએ રાનીપરજોની તેમ જ વિશાળ જનતાની સેવાનાં રચનાત્મક સેવાકાર્યોના જે પાયા નાખ્યા તે પ્રવૃત્તિઓ એમની અરધી સદી ઉપરની એકધારી અને અનન્યતપશ્ચર્યાને પરિણામે વિશાળ વડલાની જેમ વિસ્તરી છે અને દેશનાં રચનાત્મક સંસ્થાસંગઠનોમાં આજે અજોડ બની રહી છે. વચ્ચે ગુજરાતના અલગ રાજ્યની પ્રથમ વિધાનસભાએ ભીડને ટાંકણે કલ્યાણજીભાઇને સ્ટૅાપગૅપ સ્પીકર થવા નોતરેલા. સૌજન્ય પૂરતા તેઓ ગયા, પણ આજના રાજકારણમાં એમના જેવા સજ્જન કાયમ ન જ ખપે.

અતિ વ્યવસ્થિત રહેણી, નાનામાં નાનાં કામ કે રોકાણના વાયદાને ચીવટપૂર્વક અદા કરવાની આદત અને આગ્રહ. નાનામાં નાના કાર્યકર્તા, આશ્રમનાં બાળકો કે માનસિક વ્યાધિવાળાઓથી માંડીને પ્રથમ પંક્તિના કાર્યકર્તાઓ સુધી સૌને વિવેક સૌજન્યથી સાચવે. પ્રમાણનું ભાન અને કલાભિરુચિ પણ એવાં જ આબાદ. પાછલી વયે અને જૂના હૃદયરોગ તથા કૅન્સર જેવા વ્યાધિની પથારીએ રહ્યા છતાં યે એમનો કર્મયોગ યથાશક્તિ ચાલતો જ રહેલો. જિલ્લાના તેમ જ ગુજરાતના નાનામોટા તમામ કાર્યકર્તાઓમાં છેક સુધી એક સરખાં જ આદરમાન તેઓ ધરાવતા. કોઈને દુખવ્યાદુભવ્યાનો દાખલો ગોત્યો ન જડે.

શુદ્ધ રચનાત્મક બુદ્ધિથી નિસ્વાર્થભાવે દાયકાઓ સુધી એમણે કરેલી અવિરત સેવાને સરકારે 'પદ્મભૂષણ'ના પદથી નવાજી હતી. ગુજરાતના જાહેર જીવનમાં નિષ્ઠાપૂર્વક છવાઈ રહેલી એ વિભૂતિ, રાષ્ટ્રીય કેળવણીના એ પુરસ્કર્તા, આજીવન શિક્ષક અને ગ્રામસેવક, ગાંધી-વિચારના ચિંતક અને આચરનાર, ગુજરાતની નવી રચાએલી ધારા-સભાના પ્રથમ અધ્યક્ષ, મરોલી આશ્રમના પ્રાણ, ગુજરાતભરમાં સમાજ-શિક્ષણના વિકાસના પાયાના સ્થાપક, વિશુદ્ધ નીડર ત્યાગી કલ્યાણજી-ભાઈને ગુમાવીને ગુજરાત ખરેખર રાંક બન્યું છે. (સંકલિત)

સ્વ. ભૂપતરાય વસા

વિશાળ મિત્રવર્તુળ ધરાવતા, મૂલ્યગ્રાહક અને સુરુચિપુષ્ટ સજ્જન (અને અમારા સ્વજનસમા) ભૂપતરાય વસાનું ગઈ તા. ૧૪મી જુલાઇએ



ટૂંકી માંદગીમાં આઘાતક અવસાન થયું. તેમના વિષે એમના નિકટના મિત્ર દિલીપ કોઠારી એમની સ્મરણિકા 'હીરલો હેત તણો'માં લખે છે:

ત્રેસઠ વરસની વયના પણ ચિરયૌવનને વરેલા હોય તેવા જુવાન દેખાતા આ હોંશીલા, પ્રેમાળ, કાર્યદક્ષ, કુશાગ્રબુદ્ધિ ને સંસ્કારી જીવનનો આરંભ સૌરાષ્ટ્રમાં પાટણ-વાવ નામના નાના ગામડામાં રામજીભાઈ વસા નામના ધર્મપ્રિય પણ સાધારણ સ્થિતિના વેપારીના પુત્ર તરીકે થએલો. પંદર વર્ષની વયે રોટલો રળવા કલકત્તા ગયા. તદ્દન મામૂલી નોકરીથી શરૂઆત કરી

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૩૧

સસણી

બાળકોને ખૂબ પીડનારા આ રોગને વરાધ પણ કહે છે. છાતીમાં કફના વધુ પડતા ભરાવાથી આ રોગ થાય છે. સાંપ્રત વિજ્ઞાનમાં તેને 'બ્રૅન્કો ન્યૂમોનિયા' કહે છે.

લક્ષણ

૧) છાતીમાં ખૂબ કફ બોલે છે. ૨) નાક બાઝી જાય છે. ૩) શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે. ૪) પેટમાં આફરો ચડે છે. ૫) તાવ આવે છે. ૬) બાળકને રોતાં, ધાવતાં કે ખાતાં મુશ્કેલી પડે છે. ૭) શરીરમાં આછી આંચકી આવે છે. ૮) ઠંડીમાં, રાત્રે, સવારે રોગ વધી જાય છે. ગરમીથી રાહત અનુભવે છે. ૯) બાળક અક-ળાયા કરે છે અને બેચેન બની જાય છે.

ઉપચાર

૧) બાળકને હવાના ઝપાટા આવે તેવી જગ્યાએ રાખવું નહિ. કે બહાર લઈ જવું નહિ. ગરમ કપડાંથી ઢાંકી રાખવું નહિ.

૨) છાતી ઉપર પંચગુણ તેલનું ખૂબ માલિશ કરવું. તે ન મળે તો બામ ઘસવો. અથવા છેલ્લે ખાવાનું તેલ લઈ, તેમાં સહેજ મીઠું નાખી, ગરમ કરી છાતીએ ચોળીને પછી છાતી ઉપર નાગર-વેલનું પાન રાખી ગોટાનો શેક કરવો.

૩) નાગરવેલનું પાન અને લવીંગ નાખીને પાણી ખૂબ ઉકા-ળવું પછી તેને પાણીમાં ચોળી ગાળી લેવું. આમાં સહેજ ટંકણ-ખાર નાખી બાળકને વારંવાર પાવું.

૪) બાળકને ધાવણ, દૂધ તથા બધી જ જાતનો ખોરાક બંધ કરી માત્ર સૂંઠવાળું ગરમાગરમ પાણી જ પાવું.

૫) પેટ ઉપર હિંગનો અને છાતીએ અજમાનો લેપ કરવો.

૬) અજમો, હળદર, સૂંઠ નાખી ઉકાળી રાખેલું પાણી પાવું.

૭) ટંકણખાર, શ્વાસકુઠાર રસ, બાલાર્ક રસ, બાલ ચાતુર્ભદ્ર રસ, લક્ષ્મીવિલાસ રસ, કસ્તૂરી ભૈરવ રસ, કનકાસવ, વાસકાસવ વગેરે ઔષધ-પ્રયોગો છે.


૮) મળબંધ તોડવા ગ્લીસરીન સપોઝિટરીનો ઉપયોગ કરવો.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

જલદીથી પોતાનો પેટ્રોલિયમ લ્યુબ્રિકન્ટ્સનો સ્વતંત્ર વેપાર વિકસાવ્યો. શુમારે ૧૯૪૨માં મુંબઈ આવ્યા અને વેપાર વધ્યો. મહેનત, આવડત અને ઈશકૃપાથી સમૃદ્ધિ પણ વધી. સ્નેહમય શબ્દથી, સલાહથી, પૈસાથી, સાધનથી, પોતાની પાસે જે કંઈ હોય તે બધાંથી સૌ કોઈને સહાયભૂત થવાનું એમનું જીવનકાર્ય વ્યાપક બન્યું. દિવસે દિવસે વધુ એકલપેટી બનતી દુનિયામાં ભૂપતભાઈ વધુ ને વધુ નિઃસ્વાર્થી, પ્રેમાળ, સહાયક અને સેવામય બનતા ગયા.

સાહિત્ય, કલા અને જીવનચિંતનમાં ઊંડો રસ ધરાવતી આ સ્નેહ-મૂર્તિ દૂધમાં સાકર ભળે તેમ અનેક કુટુમ્બોમાં સરલ, સાહજિક પ્રેમથી ઓતપ્રોત બની રહી. તેજ અને અંધકાર બંને તત્ત્વોથી બનેલા માનવજીવનમાં તેજને બળ મળે અને તિમિરની ક્ષતિ થાય એવી સર્વ પ્રવૃત્તિમાં એમને ખૂબ રસ હતો, કાવ્ય, સાહિત્ય અને કલાના એમના શોખની પાછળ આ જ દૃષ્ટિ કામ કરતી હતી. સુરુચિપૂર્ણ અને સત્ત્વ-પ્રેરક ફિલ્મો બને તે માટેની એમની ઉત્સુકતા એમને ફિલ્મ-વિતરણના ક્ષેત્રમાં પણ લઈ ગઈ. એવું જ આકર્ષણ એમને ખેતી અને બાગબાનીમાં હતું. એમણે સૌરાષ્ટ્રમાં 'સુફલા' નામના કૃષિક્ષેત્રમાં પૈસા નાખેલા, દૈવ-

આ માસના આકાશમાં] ૮ [ઑગસ્ટ-સપ્ટેમ્બર



આ મહિનાઓમાં આકાશમાં કાલ્પનિક માર્ગે—ક્રાન્તિવૃત્ત પર દક્ષિણ તરફ ઢળતો જતો સૂર્ય ૧૬મી ડિસેમ્બરથી ૧૩મી જાન્યુઆરી દરમિયાન દક્ષિણાકાશમાં છેક ધનુ રાશિના વિસ્તારમાં પહોંચે છે. આ રીતે ૨૨મી ડિસેમ્બરે સૂર્ય વિષુવવૃત્તથી વધુમાં વધુ દૂર હોંપચ્યા પછી પુન: ઉત્તર તરફ પાછો વળે છે. 'ઉત્તરાયન'નો એ ખરો દિવસ. પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો આ ટૂંકામાં ટૂંકો દિવસ છે. ઉત્તર તરફ ખસતો સૂર્ય ૧૪મી જાન્યુઆરીએ મકર રાશિમાં પ્રવેશે તે 'મકરસંક્રાંતિ'. આમ, એ 'ઉત્તરાયન' 'મકરસંક્રાંતિ' નથી.

વૃશ્ચિકની પૂછડી પરના મૂળ નક્ષત્ર પછી આઠનવ ચળકતા તારાનું જે જૂથ દેખાય છે તે આ ધનુ રાશિનું મુખ્ય તારા-જૂથ છે. છેક દૂરની રાશિ હોઈ, ધનુને અંત્યજ રાશિ ગણી એ સમયમાં કોઈ શુભ કાર્યો નહિ કરવાનો આપણે ત્યાં ચાલ છે. મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રોની ગણના આ રાશિમાં થાય છે. મુખ્ય જે બે વિભાગમાં આ મંડળના તારા વહેંચાએલા છે તેમાંના પશ્ચિમ તરફ (મૂળ નક્ષત્ર પછી) અલગ તરી આવતા ચાર મુખ્ય તારા તે પૂર્વાષાઢા, અને ત્યાર બાદ પૂર્વ તરફ આંગળપડતા દેખાતા ચાર મુખ્ય તારા તે ઉત્તરાષાઢા નક્ષત્રના ગણાય છે.

ધનુ રાશિના તારામંડળમાં પશ્ચિમના દેશોની માન્યતા પ્રમાણે નર-અશ્વ ધનુર્ધરની આકૃતિની કલ્પનાનું કારણ સ્પષ્ટ નથી. પણ આ તરફની એક મોટી નિહારિકા 'એન. જી. સી. ૬૬૧૮'નો આકાર કંઈક એવો જ છે, એ પરથી એ કલ્પના બેસાડી હશે એવો એક મત છે. આ નર-અશ્વના ધનુષવાળા ભાગમાં બીજી પણ કેટલીક કાળી નિહારિકાઓ છે.

પશ્ચિમમાં ધનુને Sagittarius કહે છે. રોમન ભાષામાં એનો અર્થ ધનુર્ધર વીરસૈનિક એવો થાય છે.

આકાશગંગાનો સૌથી વધુ તેજસ્વી ભાગ આ રાશિ પાસે જોવા મળે છે. સાથેના ચિત્રમાં એ ટપકાંથી દર્શાવ્યો છે. આપણા તારાવિશ્વ (આકાશગંગા)નું ત્યાં કેન્દ્ર છે એમ નિષ્ણાતો કહે છે. □

યોગે એ યોજના ફળી નહિ; પરંતુ આ અને આવા શુભ ભાવના પ્રેરિત પ્રયોગો પાછળ પૈસા જતા તેનો લેશમાત્ર પણ વસવસો તેમને રહેતો નહિ.

એમનું દામ્પત્ય તો જાણે કોઈ સુરમ્ય કવિતાનો એક સંગીતમંડિત ખંડ જ હતો. જિંદગી એટલે 'ચૅલેન્જો'ની પરંપરા. એક જાય તો બીજું ઊભું જ છે. ફૂલ જેવા કોમળ હૃદયનો આ માનવી ગમે તેવા કઠિન અને મૂંઝવતા કોયડાઓથી કદી ગભરાતો નહિ. પોતાને દરવાજે સદા દીપકમાળ પ્રગટાવતા ભૂપતભાઈનું જીવન કંઈ પુષ્પોની પથારી જેવું ન હતું. પણ ગમે તેવો કંટકમય મારગ સામે આવે તો ય નિષ્કંપ રહીને સ્વસ્થ બુદ્ધિથી મારગ કાઢવાની અનન્ય શક્તિ આ માણસમાં હતી. એટલે જ આ જીવનવીરના મુખ ઉપર હમેશાં સ્મિતનો ઝળહળાટ જોવાતો.

ધર્મને નામે ચાલતી મૂઢતા, જડતા, કર્મકાંડની ઘાંચી-બળદગીરી, અંધશ્રદ્ધા ને જડ પૂજા એમને કબૂલ ન હતી. જીવનમૂલ્ય એ જ એમના સ્વતંત્ર જીવનદર્શનનો પાયો હતો. મોટામોટા શબ્દોનાં બલૂનો ઉડાડવાને બદલે પ્રસિદ્ધિથી ઈરાદાપૂર્વક દૂર રહીને ભૂપતભાઈએ પોતાના જીવન ને કાર્યમાં સર્વ પ્રત્યે મૈત્રી, કરુણા અને દ્વેષરહિતતાનું સાચું અને વિરલ આચરણ સાહજિકતાથી કરી બતાવ્યું. સજ્જનતાના દુષ્કાળ સમા આ કાળા સમયમાં માનવકુળ પણ એક સત્વશીલ, સત્યશીલ, સ્નેહશીલ જીવનના વિલયથી ન પૂરી શકાય એવી ખોટ અનુભવશે.

ગણિત-ગમ્મત

૩, ૫, ૭ એ પાસપાસેની ત્રણ વિષમ સંખ્યાઓ છે જેમનો સરવાળો તેમ જ ગુણાકાર બંને ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર થાય છે.

જેમ કે (૩+૫+૭) = ૧૫ = (૧+૨+૩+૪+૫)

૩×૫×૭ = (૧૦૫) = (૧+૨+૩+...+૧૪)

વળી, ૩, ૫, ૭ ના ગુણાકારમાં એમનો સરવાળો ઉમેરવાથી પણ ક્રમિક સંખ્યાનો સરવાળો આવે છે.

જેમ કે (૩×૫×૭) + (૩+૫+૭) = ૧૦૫+૧૫ = ૧૨૦ અને ૧૨૦ એ ૧ થી ૧૫ સુધીની તમામ સંખ્યાઓનો સરવાળો આવે છે.

વળી $૩^{૩}+૫^{૩}+૭^{૩}+(૩+૫+૭)^{૨}$ = ૧×૨×૩×૪×૫×૬ = ૭૨૦

$૩^{૩}$=૨૭, $૫^{૩}$=૧૨૫, $૭^{૩}$=૩૪૩, $(૩+૫+૭)^{૨}=૧૫^{૨}$=૨૨૫

૧×૨×૩×૪×૫×૬ = ૭૨૦ = ૧ થી ૬ સુધીની ક્રમિક સંખ્યાનો ગુણાકાર ૭૨૦ છે.

—એમ. એન. ખત્રી

કૉર્ડોબા

આઠમી સદીમાં સ્પેઈનની દક્ષિણે મૂર ખિલાફતનું રાજ્ય હતું. ઈ. ૭૫૬માં ત્યાંના કૉર્ડોબા મુકામે ખલીફે પોતાનો આવાસ રાખ્યા પછી મૂર સંસ્કૃતિનું એ એક મોટું ધામ બની રહેલું. એ કાળે ત્યાં બંધાએલી મસ્જિદ મક્કાની કાબા-મસ્જિદ પછીની અને પશ્ચિમી યુરોપની મોટામાં મોટી મસ્જિદ ગણાતી હતી. ઈ. ૧૨૩૬માં સ્પેનિયાર્ડોએ કૉર્ડોબા પાછું જીતી લીધા બાદ એ મસ્જિદમાં થોડો ફેરફાર કરી પોતાનું કૅથેડ્રલ બનાવેલું. (નીચેનું ચિત્ર એ કૅથેડ્રલના અંદરના ચોગાનનું છે.) હવે એ પુન: મસ્જિદ રૂપે મુસલમાનોને પાછું સોંપવાનો નિર્ણય થયો છે.



આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં



નોઆખલીની યાત્રામાં ગાંધીજી
(શ્રી નંદલાલ બસુનો સ્કેચ)

ભારતના ઇતિહાસમાં એક યા બીજી રીતે આ માસનું કંઈક આગવું મહત્ત્વ રહેતું આવ્યું છે. સ્વાતંત્ર્યની પા સદી બાદ આજે, એ પહેલાંના વર્ષોની આ માસની તવારીખ પર સાલવાર એક દૃષ્ટિપાત કરીએ—

૧૪૯૮: પ્રથમ ગોરો પરદેશી વાસ્કો ડા ગામા હિંદની ધરતી પર કાલિકટ બંદરે ઊતર્યો, તા. ૨૫. (પશ્ચિમ દિશાના જલમાર્ગે હિંદુસ્તાન પહોંચવા સ્પેઈનની સહાયથી ત્રણ વહાણો સાથે કોલંબસે પણ ઈ. ૧૪૯૨-માં આ જ માસની ૩જી તારીખે પ્રસ્થાન કરેલું.)

૧૬૦૮: જહાંગીરના દરબારમાં આવેલો પહેલો અંગ્રેજ એલચી હૉકિન્સ સૂરત બંદરે ઊતર્યો. તા. ૧૬.

૧૭૪૯: કર્ણાટકના રાજા ચાંદાસાહેબે માગેલી મદદના નિમિત્તે હિંદના રાજકારણની આંતરિક બાબતોમાં અંગ્રેજોએ પ્રવેશ કર્યો (તા. ૨) ને ત્યાર બાદ આવાં જ નિમિત્તે ઠેરઠેર પોતાનો પગદંડો જમાવવા માંડ્યો.

૧૭૬૫: ખખડતી જતી મુઘલાઈમાં શાહઆલમ પાસેથી વરસે છવ્વીસ લાખ રૂપિયા ભરવાના બદલામાં અંગ્રેજોએ બિહાર, બંગાળ અને ઓરિસ્સા પ્રાંત પડાવી લીધા, તા. ૧૨.

૧૭૭૫: હેસ્ટિંગ્સ પર લાંચ લેવાનો આરોપ મૂકનાર હિંમતવાન રાજા નંદકુમારને ફાંસી, તા. ૫. (હિંદુસ્તાનના રાજવહીવટમાં હેસ્ટિંગ્સે આવા તો અનેક અન્યાય કરેલા અને એ બદલ ઇંગ્લૅંડમાં એના પર સાત વર્ષ સુધી મુકદ્દમો પણ ચાલેલો. જો કે એમાં તો એ છેવટ છૂટી ગયો, પણ અહીંથી એકઠું કરેલું મબલખ નાણું એમાં ખર્ચાઈ જતાં છેવટ એ તદ્દન બેહાલ બની ગએલો. એનું અવસાન પણ આ જ માસની ૨૨મી તારીખે ઈ. ૧૮૧૮માં થએલું.)

૧૮૦૪: યશવંતરાવ હોળકરે કૂટનીતિજ્ઞ અંગ્રેજો સામે માથું ઊંચકી એમને શિકસ્ત આપી, તા. ૨૪; અને

૧૮૦૯: શ્રીરંગપટ્ટમના માપલાઓએ અંગ્રેજો સામે બંડ કર્યું, તા. ૨૩.

૧૮૪૫: મુંબઈના સિંહ અને બેતાજ બાદશાહ સમા રાજકીય નેતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મ, તા. ૪.

૧૮૫૭: અંગ્રેજો સામેની ક્રાંતિમાં સમગ્ર હિંદની પ્રજાનો સાથ, તા. ૧૪.

૧૮૫૮: ઈસ્ટ ઈંડિયા કંપની પાસેથી ઈંગ્લૅંડની સરકારે હિંદુસ્તાનની હકૂમત પોતાને હાથ લીધી, તા. ૨.

૧૯૦૫ બંગાળે વિદેશી માલનો બહિષ્કાર પોકારી 'સ્વદેશી આંદોલન'-નો આરંભ કર્યો, તા. ૭.

૧૯૦૬: બિપિનચંદ્ર પાલે શ્રી અરવિંદ ઘોષના તંત્રીપણા નીચે બંગભંગ વિરુદ્ધનું સર્વોત્તમ અંગ્રેજી દૈનિક 'વંદેમાતરમ્' શરૂ કર્યું, તા. ૭.

૧૯૦૮: ક્રાંતિવીર ખુદીરામ બોઝને ફાંસી આપવામાં આવી, તા. ૧૯.

૧૯૧૯: સ્વરાજ્યને જન્મસિદ્ધ હક્ક ઠેરવી હિંદી પ્રજાની રગમાં સ્વમાનનું ભાન ઉતારનાર લોકમાન્ય બાલગંગાધર તિલકનું અવસાન, તા. ૧.

૧૯૨૦: ગાંધીજીએ અહિંસા દ્વારા જ હિંદની આઝાદી હાંસલ કરવાની ઝુંબેશ ઉપાડી, તા. ૧. પણ...

૧૯૨૫: ચૌરીચૌરાના બનાવ પછી ગાંધીજીએ એ આંદોલન સંકેલી લેતાં, ફરી સશસ્ત્ર ક્રાંતિને માર્ગે વળેલા ક્રાંતિકારીઓએ ગાડી રોકીને સરકારી તિજોરી તોડી તેમાંના પૈસાની લૂટ કરી. તા. ૨૫. 'કાકોરી કાવતરા' તરીકે આ બનાવ જાણીતો છે.

૧૯૪૨: અખિલ હિંદ મહાસભાએ 'હિંદ છોડો'નો ઠરાવ કરી આઝાદી માટેની આખરી લડત લડી લેવાનો નિર્ણય કર્યો, તા. ૮...અને આગમચેતી તરીકે અંગ્રેજોએ દેશના અગ્રગણ્ય નેતાઓને ગિરફતાર કરી લીધા, પણ દેશના ખૂણેખૂણેથી પ્રજાએ 'કરેંગે યા મરેંગે'ના સૂત્ર સાથે એ લડત ઉપાડી લીધી, તા. ૯. આ ગિરફતારી પછીના જેલવાસમાં જ ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈનું ઓચિંતું અવસાન થયું, બીજી બાજુ અંગ્રેજ સરકારને છક્કડ આપી નાસી છૂટેલા સુભાષ બોઝે બ્રહ્મદેશમાં આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી, તા. ૨૫.

૧૯૪૫: નેતાજી સુભાષચંદ્રનું વિમાન-અકસ્માતમાં અવસાન, તા. ૧૯.

૧૯૪૬: નોઆખલીમાં કોમી હુલ્લડના પાશવી હત્યાકાંડને શમાવવા ગાંધીજીએ યાત્રા આરંભી, તા. ૧૬.

૧૯૪૬: હિંદમાં મધ્યવર્તી સરકારની રચના થઈ, તા. ૨૨. અને...

૧૯૪૭: લગભગ એક સદીથી જેની ઝંખના હતી એ આઝાદી આવી, તા. ૧૫. પણ દેશના બે ભાગલા પડીને પાકિસ્તાનનું સર્જન થયું, તા. ૧૪. જેનાં કડવાં ફળ રૂપ આ ભાગલા સર્જાય એ કોમી ચુકાદો પણ ઈ. ૧૯૩૨માં આ જ માસની ૧૭મી તારીખે બહાર પડેલો.

અને હવે જરા બીજી તરફ પણ (તારીખવાર) દૃષ્ટિ કરીએ—

૩ (૧૮૫૮) જહૉન હૅનિંગ સ્પૅક (૧૮૨૭–'૬૪)એ આફ્રિકામાં વિક્ટોરિયા ન્યાઝા સરોવર શોધ્યું. ચાર વર્ષ બાદ એ ત્યાં ફરી ગયો અને સિદ્ધ કર્યું કે નાઈલ નદીનું ખરું મૂળ આ સરોવર જ છે. સ્પૅકે અગાઉ થોડો સમય હિંદુસ્તાનમાં બ્રિટિશ લશ્કરમાં કામ કરેલું અને તિબેટની સફર પણ કરેલી.

૫ (૧૯૨૪) મુસ્લિમ હોવા છતાં તુર્કસ્તાને પોતાના દેશમાંથી બહુપત્નીત્વનો રિવાજ દૂર કર્યો.

૧૩ (૧૫૨૧) કૉર્ટેઝ અને એના સ્પૅનિયાર્ડોએ મૅક્સિકો જીત્યું. મધ્ય અમેરિકાના વિશાળ સમૃદ્ધ ઍઝટેક સામ્રાજ્યના અંતનો એ આરંભ હતો. ધર્મના નામે મોટા પાયે માનવબલિ તરીકે હોમાતા ઍઝટેક આદિવાસીઓને કૉર્ટેઝની જીતથી કંઈ લાભ ન મળ્યો, કારણ કે સોનાના લોભમાં સ્પૅનિયાર્ડોએ પણ એમની એવી જ કતલો ચલાવેલી.

૧૬ (૧૮૧૯) 'પીટરલૂ'નો દિવસ. માંચેસ્ટરમાં સેંટ પીટર્સ ફીલ્ડમાં પાર્લમેન્ટરી સુધારણા માટે એક વિશાળ જાહેરસભા મળેલી, જેમાં ૬૦,૦૦૦ જેટલા માણસો ભેગા થએલા. એમના નેતાની ધરપકડ કરી સભા વિખેરી નાખવા લશ્કર બોલાવાયું અને એમાં થએલી ધમાચકડીમાં સંખ્યાબંધ માણસો ઘાયલ થયા અને ૧૧ જણ માર્યા ગયા. 'વૉટરલૂ' પરથી લોકોએ આ બનાવને 'પીટરલૂ' તરીકે ઓળખાવ્યો.

૨૪ (૧૮૭૫) કૅપ્ટન મૅથ્યુ વેબે ઇંગ્લિશ ખાડી તરવાનું સાહસ કર્યું—આવું આ પહેલું જ સાહસ હતું. ડોવરથી કૅલે સુધીનું અંતર એણે ૨૧$\frac{3}{4}$ કલાકમાં કાપ્યું. વેબ વ્યાપારી જહાજનો વહાણવટી હતો. તરવામાં એ નિષ્ણાત હતો અને અનેક લોકોને એણે ડૂબતા બચાવેલા. નાયગરા ધોધ નીચેના પ્રબળ વેગીલા વમળયુક્ત પાણીમાં તરવાનું સાહસ કરવા જતાં ઈ. ૧૮૮૩ની ૨૩મી જુલાઈએ એનું અવસાન થયું.


માખી, મંકોડો, મૂરખ નર, સદા રહે લપટાય;
ભ્રમર, ભોરીંગ, કપટી નર, કરડી આઘા થાય.

—'ચાતક'

મહોબાના યુદ્ધમાં ઘાયલ થઈ બેભાન પડેલા પૃથ્વીરાજ **ચૌહાણ** પર ગીધ-સમડીને માંસ ખાવા તૂટી પડેલાં જોઈ થોડે જ દૂર ઘવાઇને પડેલા સામંત સંયમરાયે તેને બચાવવા પોતાના દેહમાંથી માંસના ટુકડા કાપી તે તરફ ફેંકવા માંડ્યા. તરત પક્ષીઓ પૃથ્વીરાજને છોડી તે ખાવા ધસ્યાં. દરમ્યાન પૃથ્વીરાજને શોધતા સરદારો આવી પહોંચ્યા. તેઓ એ સ્વામીભક્ત સામંતને બચાવવા દોડ્યા, પણ તે પહેલાં જ એ વીર મૃત્યુ પામ્યો હતો.


કહેવતોના અર્થ: 'ઊંટ લંબા તો પૂંછ ટૂંકા.' —કોઈ માણસમાં અમુક સદ્‌ગુણ હોય પણ સાથે અમુક ઊણપો પણ હોય અને એમ સરવાળે સરખું થઈ રહેતું હોય એવા માણસો તેમ જ પરિસ્થિતિ દર્શાવવા વપરાતી કહેવત.

અનેકાર્થી શબ્દ: **યવન**=અનાર્ય; હિંદુધર્મમાં ન માનનારા કે આર્યસંસ્કૃતિ બહારના; પ્રાચીન ગ્રંથોમાં દર્શાવેલા ૯૮ દેશોમાંનો એક ગ્રીસ દેશ; અઢાર માંહેનો એક જ્યોતિષી; ઘઉં; ગાજર; વેગ અથવા જોર; વેગવાળું.



કબાટ કે બારી-બારણાંના કાચ ફૂટીને તેમાં તિરાડો પડે ત્યારે બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે મજબૂત ગોળાકાર કાગળના ટુકડાને તેની બંને બાજુએ ચાંટાડી રાખવાથી તેને વધુ વખત ચલાવી શકાશે.

આખી દુનિયાની પોસ્ટ ઑફિસો મળીને દર મિનિટે પચાસ લાખ કાગળો નિવેડે છે.



કલાકણિકા: અરબી લેખનચાતુરીનો એક નમૂનો. પક્ષી-આકારે 'બિસ્મિલા અલ રહેમાન અલ રહીમ'નું લખાણ.


એને કોઇએ સોક્રેટિસને પૂછ્યું: 'આખરે, રોજ પ્રાર્થના કરતી વખતે તમે ઇશ્વર પાસેથી શું માગો છો?' સ્મિત કરીને સોક્રેટિસે કહ્યું: 'એ એક જ એવો સમય છે, જ્યારે હું ઇશ્વર પાસેથી કશું પણ માગતો નથી. કેમ કે પ્રાર્થના એ યાચના નથી, એ તો છે સમર્પણ.' —'નિશીથ'

બીજાને માફ કરી દેવું સારું છે. પણ જ્યારે તમે જાતને પણ માફ કરી દો છો, ત્યારે ઘણું ગુમાવો છો. —'નિશીથ'

ડ્રૅગનફ્લાઈ એ ઝડપીમાં ઝડપી જીવડું છે. તે કલાકના ૫૫ માઈલની ઝડપે ઊડે છે: લગભગ એક મિનિટે એક માઈલ!

તમારી પાંપણો દર છ મહિને તદ્દન નવી ફૂટી રહે છે.

પરદાના નીચલા બંને ખૂણે સીસાની નાની ગોળીઓ સીવી લેવાથી પરદા અક્કડ રહેશે ને તે પવનના ઝપાટામાં ઊડઊડ નહિ કરે.



લાકડાના વહાણ કરતાં એટલા જ કદનું પોલાદનું જહાજ વજનમાં હળવું હોય છે! આમાં યે રિવેટ મારેલા જહાજ કરતાં વેલ્ડ કરેલા સાંધાવાળું જહાજ તેર ટકા ઓછા વજનનું હોય છે.

અથાણું અનિવાર્ય

· અનુષ્ટુપ ·

કલા, સાહિત્ય, સંગીત, હૈયું, બુદ્ધિ,—કશું નહિ,
મિત્ર વા ધરતો પ્રીત, પુસ્તકો ન્હોય એ સહી;
આ બધું હોય ના છોને, તો યે જીવન ધાર્ય છે,
પરંતુ ભદ્ર લોકોને રસોયો અનિવાર્ય છે.

—ન. પ્ર. બુચ

કહે છે કે રડિયાર્ડ કિપ્લિંગને એના લખાણના એક એક શબ્દના પાંચપાંચ શિલિંગ મળતા હતા. એના એક અદેખા મિત્રે એને કટાક્ષમાં એક વાર લખ્યું કે, 'આ સાથે પાંચ શિલિંગ મોકલું છું તો એક શબ્દ લખી મોકલજો!'

કિપ્લિંગે લખી મોકલ્યું: 'આભાર.'

મચ્છીમારીના શૉખીનને એક વાર પોતાનું રોજિંદું સ્થાન છોડી કોઈ નવા જળાશયમાં ગલ નાખવાની ઇચ્છા થઈ. શોધમાં ને શોધમાં ઠીકઠીક દૂર નીકળી ગયા બાદ એણે એક તળાવડું જોયું અને 'અહે દ્વારકા' કરી એ ગલ નાખી ત્યાં બેસી ગયો. કલાક દોઢ કલાક પછી એક ખેડૂત ત્યાંથી નીકળ્યો. ભાઈને ઝખ મારતા જોઈ એણે પૂછ્યું: 'કેમ, અહીં કંઈ માછલીઓ છે ખરી?'

'મને ખબર નથી. તમે કેમ પૂછ્યું?'

'અમસ્થું જ. કેમ કે કાલે ભારે વરસાદ પડ્યો એ અગાઉ હું આવેલો ત્યારે અહીં આ તલાવડી નહોતી'.



અનિલ-લહરી

ધોળાં કપડાં પહેરો તો યે પડછાયો તો કાળો જ પડવાનો.
પડછાયાને ધોળાં કપડાં પહેરાવવાનો ઉદ્યમ એટલે કૉંગ્રેસનો એકતાનો ઠરાવ.
દાતણના બંને છેડાના ભાગ્યમાં મોઢાની ગંદકી જ લખાએલી છે.
ચામાચીડિયાં ભોંયરામાં જઇને પણ છત જ શોધે છે.
દોરડાના બે છેડા ન મળે ત્યાં કુંડાળું રચાતું નથી.

—રતિલાલ 'અનિલ'

(ગુજરાતમિત્ર)